ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425

18 FEBRUARY, 2026 WEDNESDAY

પેજ 2  ડભોઈના વાયદપુરમાં સડભોઈના વાયદપુરમાં સરકારી નાણાંનો ધુમાડો

પેજ 3  શહેરમાં હવે માત્ર એક ફોન કોલ પર તંત્ર ઘરે આવી લઈ જશે બાંધકામનો કચરો

પેજ 7  રાહ તાલુકાના અરટંવા-કોચલા પંચાયત સામે વિકાસના કામો ન થતા ભસ્તાચારના આક્ષેપ

પેજ 5  મહીસાગર જિલ્લામાં કુલ ૭,૯૦,૪૪૩ મતદારો નોંધાયા: આખરી મતદાર યાદીની થઈ પ્રસિદ્ધ

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 325 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com

### બિલ ગેટ્સ એપસ્ટીન ફાઈલ્સમાં નામ આવ્યા પછી સરકારે આમંત્રણ રોક્યું

# બિલ ગેટ્સ ઈન્ડિયા AI સમિટમાંથી બહાર


### દસ્તાવેજો અનુસાર, એપસ્ટીને કથિત રીતે ગેટ્સના એક્સ્ટ્રા મેરિટર એફેર અને અન્ય પર્સનલ પ્રવૃત્તિઓમાં મદદ કરી હતી. જોકે, બિલ ગેટ્સે હાલમાં એક ઇન્ટરવ્યુમાં આ મુલાકાતો પર અફસોસ વ્યક્ત કર્યો છે

• નવી દિલ્હી

માઈક્રોસોફટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સ હવે ભારતમાં ચાલી રહેલા 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ'માં ભાગ લેશે નહીં. NDTV મુજબ, સરકારી સૂત્રોએ જણાવ્યું કે અમેરિકી ફાઈનાન્સર જેફ્રી એપસ્ટીન સાથે સંકળાયેલા વિવાદાસ્પદ દસ્તાવેજો (એપસ્ટીન ફાઈલ્સ) માં બિલ ગેટ્સનું નામ આવ્યા પછી સરકારે તેમના આમંત્રણ પર ફરીથી વિચાર કર્યો છે.

સૂત્રોએ જણાવ્યું કે આ નિર્ણય નૈતિકતાના આધારે લેવામાં આવ્યો છે. સરકારે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તે આ મામલે 'પીડિતોની સાથે ઊભી છે'. આના કારણે સમિટના મુખ્ય વક્તાઓની યાદીમાંથી હવે ગેટ્સનું નામ હટાવી દેવામાં આવ્યું છે. આ એક અઠવાડિયા સુધી ચાલનારો એક મોટો કાર્યક્રમ છે, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ભવિષ્ય પર ચર્ચા થવાની છે.માઈક્રોસોફટના કો-ફાઉન્ડર અને ગેટ્સ ફાઉન્ડેશનના ચેરમેન બિલ ગેટ્સ એક્સ્પોમાં ભાગ લેવા માટે 16 ફેબ્રુઆરીએ ભારત આવી ચૂક્યા છે.

જેફરી એપસ્ટીન એક અમેરિકન ફાઈનાન્સર હતો, જેના પર જાતીય ગુનાઓ અને સગીરાઓનું યૌનશોષણ કરવાના ગંભીર આરોપો હતા. 2019માં જેલમાં તેની આત્મહત્યા પછી, હાલમાં તેની સાથે સંકળાયેલા ઘણા ગુપ્ત દસ્તાવેજો જાહેર કરવામાં આવ્યા છે. જાન્યુઆરીમાં જાહેર થયેલી ફાઈલોમાં બિલ ગેટ્સનું નામ પણ સામે આવ્યું હતું. આ ફાઈલોમાં દાવો કરવામાં આવ્યો છે કે એપસ્ટીન અને ગેટ્સ વચ્ચે ગાઢ સંબંધો હતા. દસ્તાવેજો અનુસાર, એપસ્ટીને કથિત રીતે ગેટ્સના એક્સ્ટ્રા મેરિટર એફેર અને અન્ય પર્સનલ પ્રવૃત્તિઓમાં મદદ કરી હતી. જોકે, બિલ ગેટ્સે હાલમાં એક ઈન્ટરવ્યુમાં આ મુલાકાતો પર અફસોસ વ્યક્ત કર્યો છે.



ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટમાં ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ અને ઓપન-એઆઈના સેમ ઓલ્ટમેન જેવા દિગ્ગજો સામેલ થઈ રહ્યા છે. સરકાર આ ઈવેન્ટ દ્વારા ભારતને ગ્લોબલ AI હબ તરીકે રજૂ કરવા માંગે છે. ગેટ્સના હટ્યા પછી હવે ટેક જગતની અન્ય મોટી હસ્તીઓ પર નજર રહેશે.

આ ફાઈલોમાં દાવો કરવામાં આવ્યો છે કે એપસ્ટીન અને ગેટ્સ વચ્ચે ગાઢ સંબંધો હતા. દસ્તાવેજો અનુસાર, એપસ્ટીને કથિત રીતે ગેટ્સના એક્સ્ટ્રા મેરિટર એફેર અને અન્ય પર્સનલ પ્રવૃત્તિઓમાં મદદ કરી હતી. જોકે, બિલ ગેટ્સે હાલમાં એક ઈન્ટરવ્યુમાં આ મુલાકાતો પર અફસોસ વ્યક્ત કર્યો છે.

ઓસ્ટ્રેલિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં બિલ ગેટ્સે આ વિવાદ પર પોતાની સ્પષ્ટતા કરી. તેમણે કહ્યું કે મેં એપસ્ટીન સાથે જે પણ સમય વિતાવ્યો, પણ મને તેનો પસ્તાવો છે અને હું તેના માટે માફી માંગુ છું. ગેટ્સ પહેલા પણ કહી ચૂક્યા છે કે તેમણે એપસ્ટીન સાથે ફક્ત ચેરિટી અને ફંડરેઝિંગના સંબંધમાં મુલાકાત કરી હતી, પરંતુ હવે તેઓ તેને એક મોટી ભૂલ માને છે.

જેફરી એપસ્ટીન એક અમેરિકન ફાઈનાન્સર હતો, જેના પર જાતીય ગુનાઓ અને સગીરાઓનું યૌનશોષણ કરવાના ગંભીર આરોપો હતા. 2019માં જેલમાં તેની આત્મહત્યા પછી, હાલમાં તેની સાથે સંકળાયેલા ઘણા ગુપ્ત દસ્તાવેજો જાહેર કરવામાં આવ્યા છે. જાન્યુઆરીમાં જાહેર થયેલી ફાઈલોમાં બિલ ગેટ્સનું નામ પણ સામે આવ્યું હતું.

આ ફાઈલોમાં દાવો કરવામાં આવ્યો છે કે એપસ્ટીન અને ગેટ્સ વચ્ચે ગાઢ સંબંધો હતા. દસ્તાવેજો અનુસાર, એપસ્ટીને કથિત રીતે ગેટ્સના એક્સ્ટ્રા મેરિટર એફેર અને અન્ય પર્સનલ પ્રવૃત્તિઓમાં મદદ કરી હતી. જોકે, બિલ ગેટ્સે હાલમાં એક ઈન્ટરવ્યુમાં આ મુલાકાતો પર અફસોસ વ્યક્ત કર્યો છે.

ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટમાં ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ અને ઓપન-એઆઈના સેમ ઓલ્ટમેન જેવા દિગ્ગજો સામેલ થઈ રહ્યા છે. સરકાર આ ઈવેન્ટ દ્વારા ભારતને ગ્લોબલ AI હબ તરીકે રજૂ કરવા માંગે છે. ગેટ્સના હટ્યા પછી હવે ટેક જગતની અન્ય મોટી હસ્તીઓ પર નજર રહેશે.

### BJPએ તેમને સામાન્ય પરિવારમાંથી મુખ્યમંત્રી બનવાની તક આપી

## આસામ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ બોરાએ રાજીનામું પાછું ખેંચ્યું:હાઈકમાને મનાવ્યા

• આસામ

આસામના પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ ભૂપેન બોરાએ સોમવારે પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું હતું, પરંતુ પાર્ટી હાઈકમાન્ડના મનાવ્યા બાદ તેમણે રાજીનામું પાછું ખેંચી લીધું છે.ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC)ના રાજ્ય પ્રભારી જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે પાર્ટી નેતૃત્વએ બોરા સાથે ચર્ચા કરી. રાહુલ ગાંધીએ તેમની સાથે 15 મિનિટ વાત કરી. આ અમારો આંતરિક મામલો છે. અમે તેમને રાજીનામું પાછું ખેંચવા પર વિચાર કરવા બદલ આભાર માન્યો.ભૂપેન બોરાએ પણ કહ્યું કે તેમણે પરિવાર સાથે સલાહ લઈને મંગળવારે અંતિમ નિર્ણય લેશે. બોરાએ કહ્યું કે 32 વર્ષ પછી મેં રાજીનામું આપ્યું છે. હવે સમય લઈને વિચારવાની જરૂર છે. ઘણા વરિષ્ઠ નેતાઓ અને સાથી પક્ષના કાર્યકરોએ મને તમામ પાસાઓ પર વિચાર કરવા કહ્યું.મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ બોરાને BJPમાં જોડાવાનો પ્રસ્તાવ આપ્યો. હિમંતાએ કહ્યું કે જો બોરા BJPમાં આવે છે, તો અમે તેમને સુરક્ષિત બેઠક પરથી ચૂંટણી લડાવવામાં મદદ કરીશું. હું કાલે સાંજે તેમના ઘરે જઈને ભવિષ્યની યોજના પર ચર્ચા કરીશ. જો તેઓ જોડાતા નથી, તો પણ અમે તેમને શુભેચ્છાઓ આપીશું.સરમાએ બોરાને કોંગ્રેસના 'અંતિમ હિંદુ નેતા' ગણાવતા કહ્યું કે તેમનો પરિવાર સામાન્ય છે અને કોંગ્રેસમાં સામાન્ય પરિવારમાંથી આવતા નેતાઓને ઓળખ મળતી નથી. તેમણે પોતાના અનુભવનો હવાલો આપતા કહ્યું કે BJPએ તેમને સામાન્ય પરિવારમાંથી મુખ્યમંત્રી બનવાની તક આપી.

અહીં, ત્રણ વખતના ધારાસભ્ય અબ્દુલ રશીદ મંડલ સોમવારે કોંગ્રેસ છોડીને રાયજોર દળમાં જોડાયા. મંડલે કહ્યું કે હું રાયજોર દળમાં જોડાઈને ગોગોઈના હાથ મજબૂત કરવા માટે કામ કરીશ.પૂર્વ આસામ કોંગ્રેસ અધ્યક્ષ ગૌરવ ગોગોઈ, સાંસદ પ્રદ્યુત બોરદોલોઈ અને વિરોધ પક્ષના નેતા દેબાબ્રત સૈકિયાએ બોરા સાથે તેમના નિવાસસ્થાને મુલાકાત કરી.ગૌરવ ગોગોઈએ કહ્યું કે ભૂપેન બોરા પાર્ટી માટે એક મજબૂત સ્તંભ છે. હંમેશા રાજ્યમાં નકારાત્મક તાકાતો વિરુદ્ધ અવાજ ઉઠાવતા રહ્યા છે. જો તેમને કોઈ મુદ્દાથી આઘાત પહોંચ્યો હોય, તો હું નાના ભાઈ તરીકે તેમની માફી માંગુ છું.

## અમેરિકામાં હાઈસ્કૂલની હોકી મેચમાં 14 રાઉન્ડ ફાયરિંગ

વોશિંગ્ટન ડીસી: અમેરિકાના રોડ આઈલેન્ડમાં સોમવારે બપોરે હાઈસ્કૂલ હોકી મેચ દરમિયાન ગોળીબાર થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આ હુમલામાં હુમલાખોર સહિત 2 લોકોનાં મોત થયાં છે. અન્ય ત્રણ લોકોની હાલત ગંભીર છે. ઘટના બપોરે લગભગ 2:30 વાગ્યે બની હતી. પોલીસ પ્રમુખ ટીના ગોન્કાલ્વેસે તેને 'ટાર્ગેટ હુમલો' ગણાવ્યો છે. પ્રારંભિક માહિતી અનુસાર, આ મામલો પારિવારિક વિવાદ સાથે સંબંધિત હોઈ શકે છે, જોકે હેતુ હજુ સ્પષ્ટ નથી. રોડ આઈલેન્ડમાં એક હોકી ગેમ દરમિયાન એક વ્યક્તિએ કથિત રીતે તેની પત્નીની હત્યા કરી અને તેનાં બે બાળકને ગોળી મારી હુમલાખોર તેની પત્ની સાથે મૃત્યુ પામ્યો છે. પોલીસ પ્રમુખ ટીના ગોન્કાલ્વેસે પ્રેસ-કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે બંને ટીમો સિનિયર નાઈટની ઉજવણી કરી રહી હતી ત્યારે ગોળીબાર શરૂ થયો. મેદાનમાં બે ટીમ સામસામે હતી. આ ટીમોમાં આસપાસની ઘણી શાળાઓના ખેલાડીઓ સામેલ હતા. ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. મેયર ડોનાલ્ડ આર. ગ્રેબિયને આ ઘટનાને ખૂબ જ ભયાનક અનુભવ ગણાવી. તેમણે કહ્યું, 'આ હાઈસ્કૂલનાં બાળકો હતાં, પરિવારો તેમની સાથે મેચ જોઈ રહ્યા હતા. ખુશીનો માહોલ અચાનક ડર અને દહેશતમાં બદલાઈ ગયો.'ફોક્સ ન્યૂઝ અનુસાર, રોડ આઈલેન્ડમાં એક હોકી ગેમ દરમિયાન એક વ્યક્તિએ કથિત રીતે તેની પત્નીની હત્યા કરી અને તેનાં બે બાળકને ગોળી મારીહુમલાખોર તેની પત્ની સાથે મૃત્યુ પામ્યો છે.

### જમ્મુના જુવેનાઇલ ઓબ્ઝર્વેશન સેન્ટરમાંથી 3 કેદી ફરાર

## તેમાં બે પાકિસ્તાની નાગરિકો; પોલીસકર્મીઓ પર હુમલો કર્યો, બે જવાન ઘાયલ, 6 સસ્પેન્ડ

જમ્મુના આરએસ પુરા સેક્ટરમાં જુવેનાઈલ ઓબ્ઝર્વેશન સેન્ટરમાંથી સોમવારે સાંજે ત્રણ કેદીઓ ફરાર થઈ ગયા. કેદીઓએ સુરક્ષામાં તહેનાત પોલીસકર્મીઓ પર હુમલો પણ કર્યો, જેમાં બે પોલીસકર્મીઓ ઘાયલ થયા. પોલીસના જણાવ્યા મુજબ, આ ઘટના સાંજે લગભગ 5:15 વાગ્યે બની. SPO વિનય કુમાર અને હેડ કોન્સ્ટેબલ પ્રવીણ કુમારને ઈજા થઈ છે. જેમને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે જુવેનાઈલ સેન્ટરમાં દેખરેખમાં બેદરકારી રાખવામાં આવી હતી.આના આધારે 6 પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.ઘટનાના CCTV ફૂટેજ સામે આવ્યા છે, જેમાં એક કેદીના હાથમાં પિસ્તોલ દેખાઈ રહી છે. જોકે, હજુ એ સ્પષ્ટ નથી કે પિસ્તોલ ક્યાંથી આવી અને કેટલા રાઉન્ડ ફાયરિંગ થયું. જુવેનાઈલ હોમમાંથી ફરાર થયેલા ત્રણ કેદીઓમાંથી એકની માતા પણ ગુમ છે. જમ્મુ-કાશ્મીર પોલીસના અધિકારીએ જણાવ્યું કે ગુમ થવાની ફરિયાદના આધારે કેસ નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે. મહિલાના ગુમ થવાના સંજોગો શંકાસ્પદ માનવામાં આવી રહ્યા છે.સૂત્રો અનુસાર, પ્રારંભિક તપાસમાં માનવામાં આવી રહ્યું છે કે મહિલાનું ગુમ થવું હાલમાં જેલમાંથી ફરારની ઘટના સાથે સંકળાયેલા મોટા ષડયંત્રનો ભાગ હોઈ શકે છે.પોલીસે જણાવ્યું કે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. ફરાર કેદીઓને પકડવા માટે વિશેષ ટીમોની રચના કરવામાં આવી છે. ટીમ દ્વારા અલગ-અલગ જગ્યાઓ પર દરોડા ચાલુ છે.જુવેનાઈલ ઓબ્ઝર્વેશન સેન્ટરની સુરક્ષાને લઈને એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પોલીસે આસપાસના વિસ્તારોમાં ચોકસાઈ વધારી દીધી છે. નાગરિકોને માહિતી આપવા વિનંતી કરી છે.આ તરફ, જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં સુરક્ષા દળોએ સોમવારે જૈશ-એ-મોહમ્મદ (JeM) સાથે સંકળાયેલા પાંચ આતંકવાદીઓની તસવીરો જાહેર કરી છે. સૂત્રોએ ભાસ્કરને જણાવ્યું કે આ તમામ આતંકવાદીઓ હાલમાં કઠુઆ જિલ્લામાં ઘૂસણખોરી કરી ચૂક્યા છે. આ આતંકવાદીઓ LoC પાર કરીને સરહદી વિસ્તારોમાં એક્ટિવ છે.સુરક્ષા દળોએ લોકોને સતર્ક રહેવા અને આતંકવાદીઓને ક્યાંય પણ જોતા જ તરત જાણ કરવા અપીલ કરી છે. અધિકારીઓએ જણાવ્યું કે માહિતી આપનારાઓની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

## ધોતી-કુર્તા, ત્રિપુંડ અને રુદ્રાક્ષની માળા પહેરેલા ઝફરને 'લાફા'નો પ્રસાદ

### યુવતી સાથે મહાકાલના દર્શને આવ્યો હતો, નામ સાંભળતા જ બજરંગ દળના કાર્યકરોએ ધોઈ નાખ્યો

• ઉજ્જૈન

ઉજ્જૈનમાં બજરંગ દળના કાર્યકરોએ ધોતી-કુર્તા, કપાળ પર ત્રિપુંડ અને ગળામાં રુદ્રાક્ષની માળા પહેરેલા એક મુસ્લિમ યુવકને માર માર્યો. તે એક યુવતી સાથે મોહાલીથી ઉજ્જૈન આવ્યો હતો. નાનાખેડા વિસ્તારમાં સોમવારે રાત્રે બજરંગ દળના કાર્યકરોએ તેને પકડીને પૂછપરછ કરી અને બાદમાં મારપીટ કરી. વીડિયો પણ મંગળવારે સામે આવ્યો છે, જેમાં યુવક પોતાનું નામ ઝફર ખાન અને પોતાને શિવ ભક્ત જણાવી રહ્યો છે. બજરંગ દળને માહિતી મળી હતી કે અલગ-અલગ રાજ્યોમાંથી આવેલા યુવક-યુવતી એક હોટલમાં રોકાયા છે. લગભગ એક કલાક રાહ જોયા બાદ હોટલની બહાર ધોતી-કુર્તા પહેરેલા ઝફર ખાન નામના યુવકને કાર્યકરોએ પકડી લીધો.પૂછપરછમાં તેણે પહેલા હિંદુ નામ જણાવ્યું, પરંતુ કડકાઈ કરતા તેણે પોતાનું નામ ઝફર ખાન સ્વીકાર્યું. ઝફરે કહ્યું કે તે શિવ ભક્ત છે અને યુવતી તેને ભગવાન શિવના દર્શન કરાવવા ઉજ્જૈન લાવી હતી. બંનેએ મહાકાલ મંદિર, હરસિદ્ધિ મંદિર અને કાલ ભૈરવ મંદિરના દર્શન કર્યા હતા. ઝફર ખાનને પકડ્યા પછી કાર્યકરોએ તેની સાથે મારપીટ કરી. લગભગ એક ડઝનથી વધુ લોકોએ તેને ઘેરીને પહેલા પૂછપરછ કરી અને અસલી નામ સામે આવ્યા પછી માર મારવાનું શરૂ કર્યું. આ દરમિયાન યુવકના માથામાંથી લોહી પણ વહેવા લાગ્યું. માહિતી મળ્યા પછી પોલીસ ઘટનાસ્થળે પહોંચી. બજરંગ દળના જિલ્લા સંયોજક ઋષભ કુશવાહે જણાવ્યું કે યુવક-યુવતીને ઘણી હોટલોમાં રૂમ મળ્યો ન હતો. પછી તેઓ નાનાખેડા વિસ્તારની એક હોટલમાં રોકાયા. યુવકે હોટલમાં હિંદુ નામ જણાવ્યું હતું અને પંડિતના વેશમાં હતો. પછી પૂછપરછમાં તેણે પોતાનું નામ ઝફર ખાન જણાવ્યું. તેને પોલીસને સોંપી દેવામાં આવ્યો છે.નાનાખેડા પોલીસ સ્ટેશનના પ્રભારી નરેન્દ્ર યાદવે જણાવ્યું કે યુવક અને યુવતી મોહાલીના રહેવાસી છે. યુવતીની ઉંમર 32 વર્ષ છે અને બંને અલગ-અલગ સમુદાયના છે. યુવતીને યુવકના બીજા ધર્મના હોવાની જાણકારી હતી. બંને પહેલાથી એકબીજાને ઓળખતા હતા.

### પ્લાસ્ટિકની બેગમાં ભેગા કર્યા બોડી પાર્ટ્સ

## રાજસ્થાનમાં કેમિકલ-ફટાકડા ફેક્ટરીમાં આગ, 8નાં મોત:ગેરકાયદેસર રીતે ફટાકડા બનાવતા હતા

• ભિવાડી

રાજસ્થાનના ભીવાડીમાં એક કેમિકલ ફેક્ટરીમાં અચાનક એક શક્તિશાળી વિસ્ફોટ થયો. આઠ કામદારો જીવતા બળી ગયા, જ્યારે ચાર અન્ય ગંભીર રીતે દાઝી ગયા. તેમને દિલ્હીના AIIMSમાં રિફર કરવામાં આવ્યા છે.મૃતદેહો ખરાબ રીતે બળી ગયા હતા, જેમાં ઘણા લોકોના હાડપિંજર બાકી રહ્યા હતા. શરીરના ભાગોના ટુકડા વેરવિખેર મળી આવ્યા હતા. બચાવ ટીમોએ આ ટુકડાઓ પોલીથીન બેગમાં એકત્રિત કર્યા હતા. સોમવારે સવારે 9:30 વાગ્યે ખુશખેડા કરૌલી ઔદ્યોગિક વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. પોલીસે ફેક્ટરી મેનેજર અભિનંદનની અટકાયત કરી છે અને તેની પૂછપરછ કરી રહી છે. ફેક્ટરી સીલ કરી દેવામાં આવી છે.મૃતકોમાંથી ત્રણની ઓળખ બિહારના મોતીહારી જિલ્લાના મિન્ટુ, નિતેશ અને સુજન તરીકે થઈ છે. અન્ય મૃતકોની ઓળખ માટે તેમના પરિવારના સભ્યો પાસેથી DNA નમૂના લેવામાં આવશે.ફેક્ટરીમાં ગેરકાયદેસર રીતે ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા. ઘટનાસ્થળેથી ગનપાઉડર, ફટાકડા અને પેકેજિંગ બોક્સ મળી આવ્યા હતા. ઘટના સમયે લગભગ 25 કામદારો કામ કરી રહ્યા હતા.એડીએમ સુમિતા મિશ્રાના જણાવ્યા મુજબ, ફેક્ટરી માલિકનું નામ રાજેન્દ્ર છે. તેમણે ફેક્ટરી એક તિવારીને ભાડે આપી હતી. બંનેમાંથી કોઈનો પણ સંપર્ક થઈ શક્યો નથી.કલેક્ટર આર્તિકા શુક્લાએ જણાવ્યું હતું કે કોઈ ગેસ લીકેજ થયો ન હતો. પાંચ મૃતકો વિશે માહિતી મળી છે. તેઓ બિહારના મોતીહારીના રહેવાસી હતા. તેમના નામ અને અન્ય માહિતી રેકોર્ડમાંથી મેળવવામાં આવી રહી છે.

## ભાજપ પર તેમની મુશ્કેલીઓને અવગણવાનો આરોપ લગાવ્યો

### રાહુલ ગાંધીએ ગીગ વર્કર્સ સાથે મુલાકાત કરી, બોલ્યા-તેમની સાથે જાતિના આધારે ભેદભાવ

• નવી દિલ્હી

કોંગ્રેસે સોશિયલ મીડિયા X પર રવિવારે રાહુલ ગાંધીની ગિગ વર્કર્સના પ્રતિનિધિમંડળ સાથેની મુલાકાતનો વીડિયો શેર કર્યો. રાહુલે કહ્યું કે રાજ્યો અને કેન્દ્રમાં સત્તામાં બેઠેલી ભારતીય જનતા પાર્ટી (BJP)ની સરકાર ગિગ વર્કર્સ સાથે અન્યાય કરી રહી છે.તેમણે કહ્યું કે BJPની સરકારો આ અન્યાયને અવગણી રહી છે. ગિગ કંપનીઓ માટે કોઈ મજબૂત કાયદા નથી, કોઈ સામાજિક સુરક્ષા નથી અને કોઈ જવાબદારી નથી.રાહુલના મતે આ મુલાકાત થોડા દિવસો પહેલા થઈ હતી. તેમણે કહ્યું કે થોડા દિવસો પહેલા, હું જન સંસદમાં ગિગ વર્કર્સના એક પ્રતિનિધિમંડળને મળ્યો. તેમણે કહ્યું કે ગિગ સેક્ટરમાં વર્કફોર્સનો એક મોટો હિસ્સો દલિત અને આદિવાસી સમુદાયમાંથી છે. આ સિસ્ટમમાં તેમની સાથે વર્ગ અને જાતિના આધારે ભેદભાવ થાય છે.ગિગ ઈકોનોમીમાં કામ કરતા લોકો પાસે સ્થિર આવક, સામાજિક સુરક્ષા અને મેડિકલ કેર અને વીમા જેવી મૂળભૂત સુવિધાઓનો અભાવ છે.વર્ક-લાઈફ બેલેન્સ બગડી ગયું છે, અને મૂળભૂત માનવીય ગૌરવ ખતમ થઈ રહ્યું છે. ગિગ સેક્ટરમાં વર્કફોર્સનો એક મોટો હિસ્સો દલિત અને આદિવાસી સમુદાયમાંથી છે. તેથી તેમની સાથે ભેદભાવ થાય છે.કોંગ્રેસ શાસિત રાજ્યોમાં સરકારો ગિગ વર્કર્સને સામાજિક સુરક્ષા, લઘુત્તમ વેતન અને સમાનતા અપાવવા માટે અધિકારો આધારિત કાયદાઓ પર કામ કરી રહી છે.અમે અમારા રાજ્યોમાં એક મોડેલ કાનૂની માળખું બનાવી રહ્યા છીએ જેને સમગ્ર દેશમાં લાગુ કરી શકાય. ગિગ વર્કર્સની લડાઈ ફક્ત રોજગાર વિશે નથી - તે સન્માન, સુરક્ષા અને સામાજિક ન્યાય વિશે છે.કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) દ્વારા 10 મિનિટ ડિલિવરી પર જે નિર્ણય લેવામાં આવ્યો છે તે માનવતાવાદી અને દૂરંદેશીભર્યો છે.સંસદમાં 29 જાન્યુઆરીએ રજૂ કરાયેલા ઈકોનોમિક સર્વેમાં ગીગ ઈકોનોમી પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. સર્વે મુજબ, ભારતમાં લગભગ 40% ગીગ વર્કર્સ એટલે કે ફૂડ ડિલિવરી, ક્વિક કોમર્સ અને અન્ય પ્લેટફોર્મ સાથે જોડાયેલા કર્મચારીઓની માસિક કમાણી 15 હજાર રૂપિયાથી પણ ઓછી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# દાંતા થી અંબાજી વચ્ચે આવેલી 4 પ્રાચીન વાવો ખંડેર હાલતમાં, તંત્ર દ્વારા ડેવલપ કરાય તેવી રાજવીની માંગ

## વર્ષો પહેલા લોકો ચાલતા અંબાજી જતા, ત્યારે વિશ્રામ સ્થાન હતું,હાલ વાવો ખંડેર

દાંતા તાલુકામાં અલગ અલગ જગ્યાએ દાંતા સ્ટેટ વખતની બનાવેલી વર્ષો જૂની 4 પ્રાચીન વાવો લોકો માટે ખૂબ ઉપયોગી અને વિસામા સ્થાન હતું પણ હાલમાં આ વાવોની હાલની સ્થિતિ ખૂબ જ ખરાબ અને ખંડેર હાલતમાં જોવા મળી રહી છે.વહીવટી તંત્ર દ્વારા આ 4 વાવોને રીનોવેશન કરી અધતન બનાવવામાં આવે તેવી માંગ દાંતા રાજવી રિદ્ધિરાજસિંહે કરી છે. આઝાદી પહેલા અંબાજી મંદિરનો વહીવટ દાંતા સ્ટેટ દ્વારા ચાલતો હતો, ત્યારે અંબાજી આવતા લોકો માટે દાંતા સ્ટેટ દ્વારા દર 4-5 કિલોમીટર પર આવી વાવો બનાવવામા આવી હતી. આ વાવો પાણી અને વિશ્રામ સ્થાન માટે ઉપયોગી હતી,પણ હાલમાં દાંતા થી અંબાજી વચ્ચે આવેલી પ્રાચીન વાવો ખંડેર



બની ગઈ છે, જેને લઈને રાજવી તંત્રને રિનોવેટ કરવાની માંગ કરી છે.હાલમાં દાંતા થી અંબાજી વચ્ચે આવેલી આ 4 વાવોની હાલની સ્થિતિ ખુબજ ખરાબ થઈ ગઈ છે.નકામા ઝાડ ઊગી ગયા છે અને વાવ ની દીવાલો નબળી થઈ ગઈ છે.છેલ્લા કેટલાક વર્ષોથી આ વાવોની ઘોર ઉપેક્ષા કરાતી હોય તેવું લાગી રહ્યું છે.આ ચાર વાવો અરાવલી પર્વતમાળાની વચ્ચે આવેલી છે અને પૌરાણિક છે. આ બધી વાવો દાંતા સ્ટેટ ના સમયમાં નિર્માણ પામેલી છે.દાંતા સ્ટેટ બાદ ગુજરાત સરકારનો વહીવટ આવતા હાલમાં આ તમામ દાંતા થી અંબાજી વચ્ચેની વાવો ખૂબ જ ખંડેર હાલતમાં જોવા મળી રહી છે. આ 4 વાવોના નામ પરથી ગામોના નામ પડેલા હોવાનું પણ લોકો દ્વારા જાણવા મળ્યું છે. દાંતાથી અંબાજી વચ્ચે પ્રથમ આવતા હરીવાવ,પીપળાવાળી વાવ,દેવળિયાવાળી વાવ અને ધાબાવાળી વાવ મુખ્યત્વે છે.આ વાવોને તંત્ર દ્વારા જીવંત કરાય તો યાત્રિકો માટે સુંદર રસ્તામાં વિશ્રામ સ્થળ બની શકે તેમ છે.દાંતા સ્ટેટના રાજવી રિધ્ધિરાજસિંહ હાલમાં વાવ માટે તંત્ર પાસે માંગણી કરી રહ્યા છે.

અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

---

**સ્વચ્છ ભારત મિશન**

## પંચાયત અને તાલુકા વહીવટી તંત્ર આ બાબતે કડક પગલાં લે

# ડભોઈના વાયદપુરમાં સડભોઈના વાયદપુરમાં સરકારી નાણાંનો ધુમાડો 1.51 લાખનો સેગ્રીગેશન શેડ શોભાના ગાંઠિયા સમાન

## અમલીકરણ અને લોકોમાં જાગૃતિ લાવવામાં તંત્ર નિષ્ફળ રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે.'સરકારના પૈસા પાણીમાં?

• ફકીરા ખત્રી ડભોઈ

એક તરફ સરકાર 'સ્વચ્છ ભારત મિશન' પાછળ કરોડો રૂપિયા ખર્ચી રહી છે, ત્યારે ડભોઈ તાલુકાના વાયદપુર ગામમાં વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી રહી છે. ગામમાં કચરાના નિકાલ માટે લાખોના ખર્ચે શેડ બનાવવામાં આવ્યો હોવા છતાં, ગંદકીના ગંજ ખડકાયેલા છે.સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના હેઠળ વર્ષ 2023-24માં વાયદપુર ગામ ખાતે અંદાજે 1,51,000 ના ખર્ચે 'સેગ્રીગેશન શેડ' (કચરો અલગ કરવાનો શેડ) બનાવવામાં આવ્યો હતો. હેતુ એ હતો કે ગામનો કચરો એક જગ્યાએ વ્યવસ્થિત રીતે એકઠો થાય, પરંતુ અત્યારે સ્થિતિ તદ્દન વિપરીત છે.સુવિધા છતાં અસુવિધા: લાખોના ખર્ચે બનેલા શેડનો કોઈ ઉપયોગ થતો નથી. લોકો શેડની અંદર કચરો નાખવાને બદલે તેની બહાર અને આસપાસ કચરો ફેંકી રહ્યા છે.રોગચાળાની દહેશત: ખુલ્લામાં પડેલા કચરાને કારણે ગામમાં ગંદકી વધી છે. હાલના સમયમાં ચિકન ગુ નિયા અને મેલેરિયા જેવા મચ્છરજન્ય રોગો માથું ઊંચકી રહ્યા છે, ત્યારે આ ગંદકી સ્થાનિકોના સ્વાસ્થ્ય માટે મોટું જોખમ બની છે.તંત્રની ઉદાસીનતા: જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વડોદરા દ્વારા આ પ્રોજેક્ટ સાકાર



તો કરાયો, પણ તેના અમલીકરણ અને લોકોમાં જાગૃતિ લાવવામાં તંત્ર નિષ્ફળ રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે.'સરકારના પૈસા પાણીમાં?' » ગ્રામજનોમાં ચર્ચા છે કે જો શેડનો ઉપયોગ જ ન કરવાનો હોય તો જનતાના ટેક્સના પૈસા આવી રીતે વેડફવાનો શું અર્થ? સ્વચ્છતા અભિયાનના મોટા-મોટા હોર્ડિંગ્સ વચ્ચે વાયદપુરની આ સ્થિતિ વહીવટી તંત્ર સામે અનેક સવાલો ઉભા કરે છે.ગામના જાગૃત નાગરિકોની માંગ છે કે પંચાયત અને તાલુકા વહીવટી તંત્ર આ બાબતે કડક પગલાં લે, લોકોને શેડનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરે અને જાહેરમાં કચરો નાખનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરે જેથી ગામ રોગચાળાથી બચી શકે.રકારી નાણાંનો ધુમાડો 1.51 લાખનો સેગ્રીગેશન શેડ શોભાના ગાંઠિયા સમાન ડભોઈએક તરફ સરકાર 'સ્વચ્છ ભારત મિશન' પાછળ કરોડો રૂપિયા ખર્ચી રહી છે, ત્યારે ડભોઈ તાલુકાના વાયદપુર ગામમાં વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી રહી છે. ગામમાં કચરાના નિકાલ માટે લાખોના ખર્ચે શેડ બનાવવામાં આવ્યો હોવા છતાં, ગંદકીના ગંજ ખડકાયેલા છે.સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના હેઠળ વર્ષ 2023-24માં વાયદપુર ગામ ખાતે અંદાજે 1,51,000 ના ખર્ચે 'સેગ્રીગેશન શેડ' (કચરો અલગ કરવાનો શેડ) બનાવવામાં આવ્યો હતો. હેતુ એ હતો કે ગામનો કચરો એક જગ્યાએ વ્યવસ્થિત રીતે એકઠો થાય, પરંતુ અત્યારે સ્થિતિ તદ્દન વિપરીત છે.સુવિધા છતાં અસુવિધા:લાખોના ખર્ચે બનેલા શેડનો કોઈ ઉપયોગ થતો નથી. લોકો શેડની અંદર કચરો નાખવાને બદલે તેની બહાર અને આસપાસ કચરો ફેંકી રહ્યા છે.

રોગચાળાની દહેશત: ખુલ્લામાં પડેલા કચરાને કારણે ગામમાં ગંદકી વધી છે. હાલના સ મ યમાં ચિકનગુનિયા અને મેલેરિયા જેવા મ ચ્છ ર જન્ય રોગો માથું ઊંચકી રહ્યા છે, ત્યારે આ ગંદકી સ્થાનિકોના સ્વાસ્થ્ય માટે મોટું જોખમ બની છે.તંત્રની ઉદાસીનતા: જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વડોદરા દ્વારા આ પ્રોજેક્ટ સાકાર તો ક રા યો, પણ તેના અમલીકરણ અને લોકોમાં જાગૃતિ લાવવામાં તંત્ર નિષ્ફળ રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે.

'સ રકારના પૈસા પાણીમાં?' » ગ્રામજનોમાં ચર્ચા છે કે જો શેડનો ઉપયોગ જ ન કરવાનો હોય તો જનતાના ટેક્સના પૈસા આવી રીતે વેડફવાનો શું અર્થ? સ્વચ્છતા અભિયાનના મોટા-મોટા હોર્ડિંગ્સ વચ્ચે વાયદપુરની આ સ્થિતિ વહીવટી તંત્ર સામે અનેક સવાલો ઉભા કરે છે.ગામના જાગૃત નાગરિકોની માંગ છે કે પંચાયત અને તાલુકા વહીવટી તંત્ર આ બાબતે કડક પગલાં લે, લોકોને શેડનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરે અને જાહેરમાં કચરો નાખનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરે જેથી ગામ રોગચાળાથી બચી શકે.

---

# ડભોઈ ગોજાલી વસાહતમાં શિક્ષણના નામે 'તમાશો' માત્ર 2 વિદ્યાર્થીઓ માટે 2 શિક્ષકો અને 3 ઓરડા!

• ફકીરા ખત્રી

ડભોઈ એક તરફ સરકાર વાંચે ગુજરાત અને ભણે ગુજરાત પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરી રહી છે, ત્યારે ડભોઈ તાલુકાના ગોજાલી વસાહતમાંથી સરકારી તંત્રની પોલ ખોલતો એક કિસ્સો સામે આવ્યો છે. અહીં એક એવી અનોખી પ્રાથમિક શાળા કાર્યરત છે જ્યાં વિદ્યાર્થીઓ કરતાં સુવિધાઓ અને સ્ટાફનો બગાડ વધુ જોવા મળી રહ્યો છે.ડભોઈના ગોજાલી વસાહત વિસ્તારમાં આવેલી આ સરકારી શાળા અત્યારે ચર્ચાનો વિષય બની છે. આ શાળાની વાસ્તવિકતા જાણીને તમે પણ ચોંકી જશો:વિદ્યાર્થીઓની સંખ્યા: માત્ર ૨ (બે)શિક્ષકોની સંખ્યા: ૨ (બે)શાળાના ઓરડા: ૩ (ત્રણ)ગામની સ્થિતિ: ૧૦ થી ૧૨ મકાનો અને અંદાજે ૧૧૦ લોકોની વસ્તી.

---

## ભોપાલની રવિન્દ્રનાથ ટાગોર યુનિવર્સિટી યોજિત

# ' શોધ - શિખર ' નામની ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ગણપત યુનિવર્સિટીને પાંચ પ્રાઈઝની મૂલ્યવાન સિદ્ધિ !

**ઝળહળતી ફતેહ !**

## પ્લેટિનમ અને સિલ્વર પ્રાઈઝ ઉપરાંત રોકડ ઇનામો પણ એનાયત થયાં !

આ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ અને ઈનોવેટિવ કોમ્પિટિશનમાં દુનિયાભરના અનેક દેશોના બુદ્ધિશાળી વિદ્યાર્થીઓના ૪૦૦થી વધારે રિસર્ચ - પેપર્સ તો 86 ઈનોવેટિવ પ્રોજેક્ટ્સ રજુ થયા હતા, ઉપરાંત 49 જેટલાં ' આઈડિયાઝ 'ની ઉત્પાદન ક્ષમતા, બજારની માંગ, માર્કેટિંગ અને સેલ્સ તેમજ તેની નફાકારકતાના સંદર્ભે રજૂઆતો થઈ હતી. ગણપત યુનિવર્સિટીના કુલ 35 જેટલાં વિદ્યાર્થીઓએ આ વૈશ્વિક પરિષદ તેમજ સ્પર્ધામાં ભાગ લઈ પોતાની બુદ્ધિશક્તિ અને સર્જનાત્મક ક્ષમતાનું સુંદર પ્રદર્શન કર્યું હતું જેનું યુનિવર્સિટીના ' સેન્ટર ફોર એડવાન્સ રિસર્ચ સ્ટડીઝ ' દ્વારા માર્ગદર્શન કરવામાં આવ્યું હતું.

આ ' શોધ - શિખર : 2026 ' પરિષદ અને સ્પર્ધામાં ગણપત




યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા 16 ઈનોવેટિવ પ્રોજેક્ટ્સ અને 5 રિસર્ચ પેપર્સ રજુ કરવામાં આવ્યા હતા જેમાંથી ચાર પ્રોજેક્ટ્સને અને એક રિસર્ચ પેપરને -- એમ કુલ પાંચ મોટા અને મહત્વના એવોર્ડ્સ જીતવામાં ગણપત યુનિવર્સિટીના અભ્યાસુ અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઝળહળતી સફળતા મળી હતી.

આ સિદ્ધિની પ્રાપ્તિમાં ગણપત યુનિવર્સિટીના પ્રોજેક્ટ્સ અને રિસર્ચ-પેપરની ઊંચી કક્ષા, એમની મૌલિકતા, જમીની વાસ્તવો સાથેનું અનુસંધાન... જેવાં પરિબળો જ મુખ્ય આધાર બની રહ્યા હતા.

પ્રોજેક્ટ શ્રેણીમાં --

-- ( 1 ) ' અલ્ટ્રાસોનિક ગ્લાસિસ ફોર બ્લાઈન્ડ ' - નામનો પ્રોજેક્ટ શ્રી હિમાંશુ માડમ તથા શ્રી પ્રશાંત સિંઘે રજુ કર્યો હતો જેનું માર્ગદર્શન પ્રો. નિધિ. એમ. જોશીએ કર્યું હતું.

આ પ્રોજેક્ટને પ્રતિષ્ઠિત ' પ્લેટિનમ ' પ્રાઈઝ અને રોકડા રૂપિયા 20,000/=નું ઈનામ પણ મળ્યું હતું.

-- ( 2 ) ' સ્કાય ટ્રેક એઆઈ ' નામનો પ્રોજેક્ટ શ્રી વિવેક જયંતીભાઈ નાયી નામના વિદ્યાર્થીએ રજુ કર્યો જેને ડૉ. મેઘના પટેલ અને પ્રો. ધવલ રાવલે મેન્ટર કર્યો હતો. આ પ્રોજેક્ટને ' સિલ્વર પ્રાઈઝ ' અને રોકડા રૂપિયા 10,000/=નું

ઈનામ પણ મળ્યું હતું.

--( 3 ) ' સ્માર્ટ ફાર્મિંગ એગ્રિકલ્ચર એપ્લિકેશન

રોબોટ ' નામના પ્રોજેક્ટને વિદ્યાર્થીઓ શ્રી સારંગ કે. પટેલ, શ્રી વિક્રમસિંહ ઝાલા અને શ્રી સૌમ્ય જે. પટેલે રજુ કર્યો હતો જેનું માર્ગદર્શન પ્રો. દર્શન આર. પટેલે કર્યું હતું. આ પ્રોજેક્ટને કોન્સોલેશન પ્રાઈઝ તેમજ રોકડા રૂપિયા પાંચ હજારનું ઈનામ મળ્યું હતું.

-- ( 4 ) ' ઓટોમેટેડ પાઈરેટ ડિટેક્શન એન્ડ ડિફેન્સ સિસ્ટમ ફોર મરચન્ટ વેસલ ' નામનો પ્રોજેક્ટ શ્રી સંપ્રિત સહા અને શ્રી આયુષકુમાર સિંઘ નામના વિદ્યાર્થીઓએ રજુ કર્યો હતો, તો તેનું માર્ગદર્શન પ્રો. અરુણકુમાર રથીએ કર્યું હતું જેને પણ કોન્સોલેશન પ્રાઈઝ તેમજ રોકડા રૂપિયા પાંચ હજાર નું ઈનામ પણ એનાયત થયું હતું.

રિસર્ચ પેપરની કક્ષામાં --

' જીસીએન બેઝ ગ્રાફ ક્લાસિફિકેશન '

નામનું સંશોધન -પેપર શ્રી દેવર્ષી પટેલ અને ડૉ. મેઘના પટેલે રજુ કર્યું હતું જેને ' પ્લેટિનમ પ્રાઈઝ ' તેમજ રોકડા રૂપિયા 10,000/=નું ઈનામ પણ પ્રાપ્ત થયું હતું.

---

# વિચારો બદલો, જિંદગી બદલાશે!

જિંદગીમાં સફળતાનો દરવાજો તમારી મહેનતથી ખુલે છે, પણ એ ચાવી તમારા વિચારોમાં છુપાયેલી હોય છે. હકીકત એ છે કે વ્યક્તિ જેવું વિચારે છે, તેવું જ પરિણામ મેળવે છે. જો તમે એવું માની લેશો કે તમે કંઈ કરી શકતા નથી, તો આખું બ્રહ્માંડ પણ તમને સફળ નહીં બનાવી શકે. પણ જે દિવસે તમારી અંદર 'હારવાની બીક' કરતા તમારી 'જીતવાની જિદ' વધી જશે, એ દિવસે યાદ રાખજો કે તમને રોકવાની તાકાત ખુદ કાળ પાસે પણ નહીં હોય.



ઘણીવાર એવું બનશે કે તમારી આ શાંતિને લોકો તમારી નબળાઈ સમજશે. તમને લાગશે કે આખી દુનિયા તમારી મજાક ઉડાવી રહી છે. પણ ત્યારે શાંત રહેજો, કારણ કે હકીકત એ છે કે શાંતિથી એટલી મહેનત કરો કે તમારી સફળતા આખી દુનિયાના મગજ હચમચાવી નાખે. જિંદગીમાં હંમેશા બે જ રસ્તા હોય છે– કાં તો સપના પૂરા કરો, કાં તો સપના જોવાનું છોડી દો; વચ્ચેનો કોઈ રસ્તો હોતો જ નથી! જે લોકો વચ્ચે અટકી જાય છે, તેઓ ક્યારેય મંજિલ નથી પામતા.તમારા નસીબના પાના અત્યારે ભલે કોરા હોય, તેની ચિંતા કરવાનું છોડી દો. જો તમારા પરસેવાની શાહી મજબૂત હશે ને, તો ઈશ્વરને પણ તમારી મહેનત મુજબનું પરિણામ લખવા મજબૂર થવું પડશે. આ દુનિયા બહુ સ્વાર્થી છે, સાહેબ! તે તમારી મહેનતને નહીં, પણ તમારા પરિણામને સલામ કરે છે. તમારા સંઘર્ષની વાતો ત્યારે જ વજનદાર લાગશે જ્યારે તમારી પાસે સફળતાની ટ્રોફી હશે.તમારા માતા-પિતાની ઉંમર થઈ રહી છે, તેમની આશાઓ હવે થાકી રહી છે. શું તમે હજુ પણ 'કાલ'ની રાહ જોશો? જાગો અને જીતવાની તૈયારી કરો! અત્યારે જ એ ફોન બાજુ પર મૂકો, એ આળસને ખંખેરી નાખો અને તમારા લક્ષ્ય પર તૂટી પડો. જેણે પોતાની 'આજ' ને લોખંડી પુરુષાર્થમાં બદલી નાખી છે, તેનું 'કાલ' તો સુવર્ણ અક્ષરે જ લખાયેલું હશે.

જિંદગીના ખેલમાં જો 'ખેલાડી' બનવું હોય ને દોસ્ત, તો હારનો ડર નહીં પણ જીતવાની 'જિદ' પાળવી પડે. યાદ રાખજો, તમારા બાપના પરસેવાની એક-એક બુંદનો હિસાબ તમારી સફળતાએ આપવાનો છે. દુનિયા ભલે તમને 'કાલ' પર ધકેલે, પણ તમે 'આજ' એવી જીવી જાવ કે આવતીકાલ ખુદ તમારા ઓટોગ્રાફ લેવા લાઈનમાં ઊભી રહે! રમત ગમે તેની હોય, પણ હવે રાજ તમારું હોવું જોઈએ.

---

# ધારીખેડા નર્મદા સુગર સહકારી મંડળીમાં ત્રણ નવા પ્રોજેક્ટનું ઈ લોકાર્પણ

• રાજપીપલા, તા 17

આજે ગાંધીનગર ખાતે યોજાયેલ મન્થન શિબિરમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા વિભાગના મંત્રી અમિત ભાઈ શાહ દ્વારા ગુજરાત ની વિવિધ સહકારી સંસ્થાઓનાનવા પ્લાન્ટનું ઈ- લોકાર્પણ કરવામાં આવ્યું. જેમાં નર્મદા જિલ્લાની ધારીખેડા નર્મદા સુગર સહકારી મંડળીમાં ત્રણ નવા પ્રોજેક્ટ માં પહેલો 30 મેગાવોટનો વીજળીનો પ્રોજેક્ટ બીજો 45 કિલો પ્રતિદિવસ ઈથેનોલ પ્રોજેક્ટ અને ત્રીજો 50 મેટ્રિક ટન ઓર્ગેનિક પોટાશના ઉત્પાદન પ્લાન્ટનું એ લોકાર્પણ કરાવમાં આવ્યું ,આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમ માં ધારીખેડા નર્મદા સુગર સહકારી મંડળી ના કસ્ટોડિયન કમિટીના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહ્યા હતા અને ધારીખેડા નર્મદા સુગર સહકારી મંડળી ના કેમ્પસમાં મોટી સઁખ્યામાસભાસદો અને કમિટી સભ્યો ઉપસ્થિતતરહ્યા હતા.આ ત્રણ પ્રોજેક્ટ ના લોકાર્પણ થવાથી હવે ફેક્ટરી ની તમામ વીજળી આ પ્રોજેક્ટ થઈ વપરાશે




ઉપરાંતવધારાની વીજળી ડીજીવીસીએલ ને આપવામાં આવશે જેની આવક સંસ્થા ને થશે,વળી ઈથેનોલ બળતણ ની કાચી પેદાશ માં વપરાવવા ઉપરાંત વેચાણ પણ થશે અને હવે ઓર્ગેનિક પોટાશ પણ અહીજ બનવાથી સભાસદો અને ખેડૂતો કૃત્રિમ ખાતર થી છુટકારો મેળવશે અને આ તમામ પપ્રોડક્ટ ની આવક થતા સભાસદો ની આવક માં પણ વધારો થશે અને ખાંડ ઉત્પાદન ખર્ચ માં ઘટાડો થતા ગ્રાહકોને પણ ફાયદો થશે.

તસવીર :દીપક જગતાપ, રાજપીપલા

---

# ગુજરાત પ્રદેશ ભાજપ સમિતિના પ્રમુખ દ્વારા વડોદરા જિલ્લા ભાજપ સમિતિ ના જિલ્લા પ્રમુખ તરીકે ડભોઇ ના નામાંકિત ડોક્ટર બી. જે. બ્રહ્મભટ્ટ ની વરણી

• ફકીરા ખત્રી ડભોઈ

ગુજરાત પ્રદેશ ભાજપ સમિતિના પ્રમુખ દ્વારા વડોદરા જિલ્લા ભાજપ સમિતિ ના જિલ્લા પ્રમુખ તરીકે ડભોઈ ના નામાંકિત ડોક્ટર બી. જે. બ્રહ્મભટ્ટ ની વરણી કરવામાં આવી હતી અને તેઓના ઘર



પાસે સમર્થકો દ્વારા ભવ્ય ફટાકડાની આતશબાજી કરી હતીજેમાં ડભોઈ નગરપાલિકામાં તેમજ લાયન્સ કલબમાં પ્રમુખ તરીકે તેમજ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના જિલ્લાના પ્રમુખ તરીકે સેવા બજાવી હતી. તેમજ વડોદરા જિલ્લા ભાજપ સમિતિના મહામંત્રી તરીકે બે વખત થી સેવા આપતા તથા વિવિધ સંસ્થાઓમાં પણ સેવાકીય પ્રવૃત્તિ કરતા ડોક્ટર બી જે બ્રહ્મભટ્ટ જિલ્લા પ્રમુખની નિમણૂક થતા તેઓને ઘર પાસે સમર્થકો દ્વારા ભવ્ય ફટાકડાની આતશબાજી કરવામાં આવી હતી આ નિયુક્ત અંગે ડભોઈ મત વિસ્તારના ધારાસભ્ય બરોડા જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ . જિલ્લાના ઉપપ્રમુખ મહેશભાઈ દાઢી. વકીલ જાવેદભાઈ પઠાણ. વકીલ આરીફ ભાઈ મકરાણી ભાજપ ના સ્કીમ કાર્યકર સઈદ ભા ઈ લોટવાલા નગરપાલિકા સદસ્ય વિશાલભાઈ શાહ. સલીમભાઈ ઘાંચી તથા ભાજપ અગ્રણી જયેશભાઈ માવલી. વિનોદભાઈ સોલંકી. સુખદેવભાઈ પાટણવાડીયા. દિનેશભાઈ પટેલ. ભાવેશભાઈ નડાવાળા.

---

## ટ્રસ્ટે ફાગણ સુદ પૂનમ માટે નવું સમયપત્રક જાહેર કર્યું

# અંબાજી મંદિરમાં હોળી-ચંદ્રગ્રહણને કારણે દર્શન-આરતીના સમય બદલાયા

• અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા હોળી અને ફાગણ સુદ પૂનમના તહેવારો નિમિત્તે દર્શન તથા આરતીના સમયમાં ફેરફારની જાહેરાત કરવામાં આવી છે. ચંદ્રગ્રહણને કારણે પણ સમયપત્રકમાં વિશેષ બદલાવ કરાયો છે. આગામી તા. 02/03/2026, સોમવાર (ફાગણ સુદ ચૌદશ) ના રોજ હોળી પર્વ નિમિત્તે મંદિરમાં વિશેષ આયોજન કરાયું છે. આ દિવસે સવારે 7:30 થી 8:00 કલાકે આરતી થશે અને ત્યારબાદ 8:00 થી 11:30 સુધી ભક્તો દર્શન કરી શકશે. બપોરે 12:00 કલાકે રાજભોગ



ધરાવવામાં આવશે. સાંજે 6:30 કલાકે હોળી પ્રગટાવવામાં આવશે. હોળી બાદ સાંજની આરતી 7:30 થી 8:00 કલાકે થશે અને રાત્રે 9:00 વાગ્યા સુધી દર્શન ચાલુ રહેશે.તારીખ 03/03/2026, મંગળવાર (ફાગણ સુદ પૂનમ) ના રોજ ચંદ્રગ્રહણ હોવાથી માતાજીના દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરાયો છે. આ દિવસે સવારે વહેલા 6:00 થી 6:30 કલાકે આરતી અને 6:30 થી 7:30 સુધી દર્શનનો લાભમળશે. સવારે 7:30 થી 08:00 કલાકે રાજભોગ ધરાવવામાં આવશે. સવારના 08:00 વાગ્યાથી રાત્રિના 09:30 વાગ્યા સુધી મુખ્ય દર્શન બંધ રહેશે. જોકે, ભક્તોની સુવિધા માટે નૃત્ય મંડપમાંથી દર્શનનો સમય સવારે 09:45 થી બપોરે 02:00 કલાક સુધીનો રાખવામાં આવ્યો છે. ગ્રહણ બાદ રાત્રે આશરે 9:30 કલાકે શયનકાળની આરતી કરવામાં આવશે. ચંદ્રગ્રહણ અને હોળીના વિશેષ સમયપત્રક બાદ તા. 04/03/2026, બુધવાર (ફાગણ વદ એકમ) થી માતાજીના દર્શન અને આરતી તમામ ભક્તો માટે રાબેતા મુજબના સમયે શરૂ કરવામાં આવશે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા જાહેર જનતા અને માઈ ભક્તોને આ સમયની નોંધ લઈને દર્શન માટે આવવા વિનંતી કરાઈ છે.

# રાણાવાવ પોલીસની સતર્ક નાઈટ પેટ્રોલિંગથી બાવા પીપળીયાના વૃદ્ધ સુરક્ષિત મળ્યા, પરિવારજનો એ વ્યક્ત કર્યો આભાર

### અમરદળ ગામમાં ભૂલા પડેલા વૃદ્ધને ગણતરીના કલાકોમાં પરિવાર સાથે મિલન કરાવતી રાણાવાવ પોલીસ

• ગોસા(ઘેડ) તા.૧૭

જેટપુર તાલુકાના બાવા પીપળીયા ગામના એક ૬૦ વર્ષીય વૃદ્ધ પોતાની દીકરીને મળવા પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના અમરદળ ગામે આવ્યા હતા. આ દરમિયાન રાત્રિના સમયે તેઓ અચાનક ભૂલા પડી ગયા હતા. રાણાવાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસ સ્ટાફને આ વૃદ્ધ મળી આવ્યા હતા.

પોલીસ દ્વારા તાત્કાલિક પૂછપરછ હાથ ધરવામાં આવી અને ગણતરીના કલાકોમાં જ પરિવારનો સંપર્ક સાધી વૃદ્ધને સુરક્ષિત રીતે પરિવારજનો સાથે મિલન કરાવવામાં આવ્યું. આ કામગીરી બદલ પરિવારજનોએ રાણાવાવ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નીલેશ જાજડીયા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓનાં માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ગુમ થયેલ વ્યક્તિઓને શોધી કાઢવા ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. તે અનુસંધાને ઈન્ચાર્જ રાણાવાવ ડિવિઝનના નાયબ પોલીસ અધિકારી ધ્રુવલ સુતરીયાના માર્ગદર્શન હેઠળ રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એન. એન. તળાવિયા તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતા.

ત્યારે મળેલા વૃદ્ધે પોતાનું નામ સવાભાઈ નાનજીભાઈ ગુજરાતી (ઉ.વ.૬૦), રહે. બાવા પીપળીયા તા. જેટપુર જણાવ્યું હતું. તેઓ પોતાની દીકરીના ઘરે અમરદળ આવતા દરમિયાન રસ્તો ભૂલી ગયા હતા. બાદમાં પોલીસ દ્વારા તેમના સગા અજય ભીખુભાઈ ગોહેલનો સંપર્ક કરી વૃદ્ધને હેમખેમ સોંપવામાં આવ્યા હતા.

આ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેક્ટર એન. એન. તળાવિયા સાથે પો. હેડ કોન્સ્ટેબલ યુ.સી. ડોડીયા, કે.આર. કરંગીયા, એમ.બી. વરૂ તથા પો.કોન્સ્ટેબલ અભિજીતસિંહ જાડેજા સહિતના સ્ટાફે નોંધપાત્ર કામગીરી બજાવી હતી.

રિપોર્ટર:વિરમભાઈ કે.અગઠ

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ (ડાંગ) ખાતે ખેડુતોને ભારત-VISTAAR ડિજિટલ પ્લેટફોર્મ બાબતે જીવંત પ્રસારણ બતાવવામાં આવ્યું

• આહવા/ડાંગ

નવસારી કૃષિ યુનિવર્સિટીના માનનીય વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. હેમંત શર્મા અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. જે. બી. ડોબરીયા ના માર્ગદર્શન હેઠળ ચાલતા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ ખાતે ભારત-VISTAAR Phase-1 લોન્ચ નું જીવંત પ્રસારણ બતાવવામાં આવ્યું. વિવિધ વૈજ્ઞાનિકો દ્વારા Bharat-VISTAAR એ સરકાર દ્વારા બનાવવામાં આવેલું બહુભાષી, AI-આધારિત કૃષિ સલાહકાર ડિજિટલ પ્લેટફોર્મ છે. આ પ્લેટફોર્મ વિવિધ માહિતી અને સલાહ જેવી કે વાતાવરણ (મોસમ), બજાર ભાવ, પાક પર સલાહ, જમીનની સ્થિતિ અને કેન્દ્ર સરકારની યોજનાઓની માહિતી સીધી રીતે ખેડૂતો સુધી પહોંચાડવા માટે ડિઝાઈન કરાયું છે.

**કેવી રીતે કામ કરશે આ વ્યવસ્થા?** મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોઈ જ ચાર્જ વસૂલ કરવામાં આવશે નહી

# શહેરમાં હવે માત્ર એક ફોન કોલ પર તંત્ર ઘરે આવી લઈ જશે બાંધકામનો કચરો, હેલ્પલાઈન નંબર જાહેર

### મ્યુનિસિપલ કોર્પોરેશન નાગરિકોને અપીલ કરી છે કે, રોડ-રસ્તા પર બિલ્ડિંગ ડેબ્રિજ ન ફેંકે અને શહેરને સ્વચ્છ રાખવામાં સહભાગી બને

• અમદાવાદ

શહેરને વધુ સ્વચ્છ અને સુરક્ષિત પર્યાવરણ આપવાના હેતુ સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC)ના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે કન્સ્ટ્રક્શન એન્ડ ડિમોલિશન (C&D) વેસ્ટના સંચાલન માટે સુવ્યવસ્થિત અને સુવિધાસભર વ્યવસ્થા અમલમાં મૂકી છે. શહેરમાં રહેણાંક કે વ્યાવસાયિક એકમોમાં થતી રિપેરિંગ, રિનોવેશન, મરામત અથવા નવા બાંધકામ દરમિયાન ઊભો થતો માટી-પૂરણી તથા બિલ્ડિંગ ડેબ્રિજનો હવે યોગ્ય નિકાલ સુનિશ્ચિત કરવામાં આવશે. નાગરિકો માત્ર એક ફોન કોલ દ્વારા પોતાના વિસ્તારના ઝોન કંટ્રોલ રૂમનો સંપર્ક કરી કચરો ઉઠાવવાની સેવા મેળવી શકશે.



નાગરિકો દ્વારા તેમના મકાનોનું રિપેરિંગ, રિનોવેશન, મરામત કે નવા બાંધકામ વગેરે કારણસર ઉત્પન્ન થતા માટી-પૂરણી, બિલ્ડીંગ ડેબ્રિજ વગેરે જાહેર માર્ગો/સ્થળ કે અન્ય કોઈપણ જગ્યાએ નિકાલ ન કરતાં શહેરના 07 ઝોનમાં નક્કી કરવામાં આવેલા કુલ 25 જેટલા પ્લોટ-લોકેશન-જગ્યાઓ પર નાગરિકો પોતાના સ્વખર્ચે નિકાલ કરી શકશે. જેમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, મધ્ય, ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ ઝોનનો સમાવેશ થાય છે. આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોઈ જ ચાર્જ વસૂલ કરવામાં આવશે નહીં.

ઝોન મુજબ સંપર્ક નંબર AMCની સોલિડ વેસ્ટ ટીમ નજીવી ફી લઈને સીધી નાગરિકોના ઘરે પહોંચીને બિલ્ડિંગ મટીરિયલ અને કન્સ્ટ્રક્શન વેસ્ટ એકત્રિત કરીને યોગ્ય સ્થળે નિકાલ કરી શકે તેની પણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સેવા મેળવવા માટે નાગરિકોએ સવારે 08:00 વાગ્યાથી સાંજે 06:00 વાગ્યા સુધી પોતાના ઝોન મુજબના સંપર્ક નંબર પર સંપર્ક કરવો રહેશે. મધ્ય ઝોન 6357516301, ઉત્તર ઝોન 6357516302, દક્ષિણ ઝોન 6357516303, પૂર્વ ઝોન 6357516304, પશ્ચિમ ઝોન 6357516305, ઉત્તર-પશ્ચિમ ઝોન 6357516306 અને દક્ષિણ-પશ્ચિમ ઝોન 6357516307.

નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કડક કાર્યવાહી આ ઉપરાંત રહેણાંક અથવા ફરિયાદના સ્થળ પરથી નિર્ધારિત સમય મર્યાદામાં ડેબ્રિજ ઉપાડી ન લેવામાં આવે તો સંબંધિત વ્યક્તિ પાસેથી નિયત ચાર્જ અને પેનલ્ટી વસૂલ કરવામાં આવશે. તેમજ જાહેર માર્ગ, ખુલ્લા પ્લોટ અથવા AMC દ્વારા નિર્ધારિત કર્યા સિવાયના સ્થળે C&D વેસ્ટ ખાલી કરવામાં આવશે તો વાહન જપ્ત કરવા સુધીના પગલાં લેવામાં આવશે. આ મિશનની અસરકારક અમલવારી માટે AMC દ્વારા સ્વચ્છતા સ્કવોડ રચવામાં આવ્યું છે, જે સાતેય ઝોનમાં સતત ચેકિંગ કરશે. ગેરકાયદે રીતે રોડ-રસ્તા અથવા જાહેર જગ્યાએ ડેબ્રિજ ફેંકતા જણાશે, તો જવાબદાર સામે કડક દંડની કાર્યવાહી કરવામાં આવશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન નાગરિકોને અપીલ કરી છે કે, રોડ-રસ્તા પર બિલ્ડિંગ ડેબ્રિજ ન ફેંકે અને શહેરને સ્વચ્છ રાખવામાં સહભાગી બને. અમદાવાદને સી એન્ડ ડી વેસ્ટ મુક્ત બનાવવાના આ અભિયાનમાં સહયોગ આપી સ્વચ્છ અમદાવાદના સપનાને સાકાર કરવામાં નાગરિકોની ભાગીદારી અનિવાર્ય ગણાશે.

### આખરી મતદાર યાદીમાં કુલ ૪,૪૦,૩૦,૭૨૫ મતદારો, જેમાંથી ૬૮,૧૨,૭૧૧ મતદારો ઓછા થયા : શ્રી અમિત ચાવડા

# કોંગ્રેસ વારંવાર કહેતી હતી કે નવસારી લોકસભા મોડેલ મુજબ ગુજરાતમાં ૬૨ લાખ ખોટા મતદારો હોવા જોઈએ

**અમિત ચાવડા**

### એસ.આઈ.આર.માં ૬૮ લાખથી વધુ મતદારો ખોટા નીકળ્યા : શ્રી અમિત ચાવડા

કુલ ૯.૫૬ લાખ નવા મતદારો ઉમેરાયા તેની બુથ વાઈઝ વિગત પબ્લિક ડોમેઈનમાં જાહેર કરો : શ્રી અમિત ચાવડા

કુલ ૩.૯૫ લાખથી વધુ મતદારો રદ કરવામાં આવ્યા, કયા કારણે - કયા બુથમાંથી કેટલા મતદાર રદ કરવામાં આવ્યા છે તેની વિગતો જાહેર કરો : શ્રી અમિત ચાવડા

ખોટા ફોર્મ ૭ ભરનાર સામે ફોજદારી કાર્યવાહી કરો, એફ.આઈ.આર. નોંધો અને તેમની વિગતો જાહેર કરો : શ્રી અમિત ચાવડા

ભાજપ અને ચૂંટણી પંચની મિલીભગત સામે જનતા અને કોંગ્રેસના કાર્યકરોએ રસ્તા ઉપર ઉતરી મતના અધિકારની રક્ષા કરી : શ્રી અમિત ચાવડા

એકપણ સાચા મતદારનો મતનો અધિકાર છીનવવા નહિ દે : શ્રી અમિત ચાવડારાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યુ હતુ કે ચૂંટણી પંચ સ્વાયત્ત બંધારણીય સંસ્થા છે જેની જવાબદારી એક પણ નાગરિકનો મતનો અધિકાર છીનવાય નહીં તે ધ્યાન રાખવાની છે. સ્પેશિયલ ઈન્ટેન્સીવ રિવિઝન (SIR) ની કામગીરી ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી શરૂ થઈ હતી. બી.એલ.ઓ. દ્વારા ઘર ઘર જઈને મતદાર સુધારણાની કામગીરી કરવામાં આવી હતી. ખુબજ માનસિક દબાણ હેઠળ એસ.આઈ.આર. ની કામગીરીમાં કેટલાક બી.એલ.ઓ.એ જીવ ગુમાવ્યા અને માનસિક ત્રાસ હેઠળ આપઘાતનો કરૂણ કિસ્સો સામે આવ્યો હતો. એસ. આઈ. આર.ની ડ્રાફ્ટ યાદીમાં ૭૪ લાખ મતદારો રદ કરવામાં આવ્યા હતા. SIR ની પ્રક્રિયાની છેલ્લી પ્રસિદ્ધ યાદીમાં કુલ ૪,૪૦,૩૦,૭૨૫ મતદારોના નામો રહ્યા છે. જૂની મતદાર યાદી મુજબ ૬૮,૧૨,૭૧૧ મતદારો ઓછા થયા છે. વારંવાર અનેક વખતે લોકસભા વિપક્ષના નેતા શ્રી રાહુલ ગાંધી દ્વારા વોટ ચોરીના મુદ્દા ને ઉજાગર કરવામાં આવ્યા હતા તેમ ગુજરાત કોંગ્રેસ દ્વારા નવસારી લોકસભાની વોટ ચોરી ના ઉદાહરણ આપી ગુજરાતમાં ૧૨% થી વધુ એટલે ૬૨ લાખ જેટલા મતદારો શંકાસ્પદ હોય તેવો દાવો કર્યો હતો. જયારે આખરી મતદાર યાદીમાં અમારી વાત સાચી સાબિત થઈ ૬૦ લાખથી વધું ખોટા મતદારો રદ કરવા પડ્યા હતા. છેલ્લી મતદાર યાદી મુજબ ૯.૫૬ લાખ નવા મતદારોનો ઉમેરો જાહેર કર્યો છે. જયારે ૩,૯૫,૫૫૫ મતદારોના નામ કમી કરી દેવામાં આવ્યા છે. ચૂંટણી પંચ બુથ વાઈઝ જાહેર કરે કે ૯.૫૬ લાખ મતદારો કયા બુથમાં કેટલા ઉમેરાયા તેની યાદી પબ્લિક ડોમેઈનમાં મુકવામાં આવે. વધુમાં ૩.૯૫ લાખથી વધુ મતોને રદ કરવામાં આવ્યા છે તેની બુથ વાઈઝ માહિતી જાહેર કરવામાં આવે અને પબ્લિક ડોમેઈનમાં મુકવામાં આવે. ખોટા મતદારના ફોર્મ ૭ માટે ચૂંટણી પંચ દ્વારા ૧૮ જાન્યુઆરી સુધીની તારીખ આપવામાં આવી હતી. ચૂંટણીપંચ પાસે ૧૫ જાન્યુઆરી સુધી નહિવત ફોર્મ ૭ આવ્યા હતા. અચાનક રાતોરાત જાદુ નથી થયો, સુનિયોજિત ષડયંત્ર હેઠળ લાખો સાચા મતદારોના મત અધિકારને છીનવવાનો પ્રયાસ થયો છે. ચૂંટણી પંચ દ્વારા સહુ પ્રથમ ૧૨,૫૯,૨૨૯ ફોર્મ ૭ના વાંધા આવ્યાની વાત કરવામાં આવી હતી. ભાજપના કાર્યકરો પાસે લાખોની સંખ્યામાં ફોર્મ ૭ કેવી રીતે આવ્યા તે સવાલ છે? લાખોની સંખ્યામાં કમલમ કાર્યાલયએ પ્રિન્ટેડ ફોર્મ ૭ કયા અધિકારીઓની સહીથી પહોચ્યા હતા? થપ્પાબંધ ફોર્મ ૭ કોણે ચૂંટણી પંચમાં જમા કરાવ્યા તેની વિગત આપવા અને તેના સીસીટીવી ફૂટેજ જાહેર કરવા માંગ કરી હતી. એક પણ સાચા મતદારોનું નામ કોંગ્રેસ રદ થવા નહીં દે. કાયદા અને ભારત ન્યાય સંહિતા મુજબ ખોટા ફોર્મ ૭ ભરવા તે ફોજદારી ગુનો બને છે ત્યારે કમલમ કાર્યાલયના આદેશથી જે વ્યક્તિઓએ દ્વારા સુનિયોજિત ષડયંત્રના ગુનેગારો સામે ફોજદારી કાર્યવાહી થવી જોઈએ. ભાજપ અને ચૂંટણી પંચની મિલીભગત સામે જનતા અને કોંગ્રેસના કાર્યકરોએ રસ્તા ઉપર ઉતરી મતના અધિકારની રક્ષા કરી હતી.

(ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા)

### શહેરા ટ્રાફિક પોલીસ એક્શન મોડમાં

# રોંગ સાઈડ અને ઓવરસ્પીડ ચલાવનારા વાહન ચાલકો સામે હવે સ્પીડગનથી થશે કાર્યવાહી

• શહેરા,

ગુજરાત પોલીસ હવે ધીમે ધીમે આ ધુનિકીકરણ તરફ આગળ વધી રહી છે, જેના ભાગરૂપે શહેરા ટ્રાફિક પોલીસ વિભાગ હવે વધુ સજ્જ બન્યો છે. શહેરા નગરના આંતરિક રસ્તાઓ તેમજ સ્ટેટ હાઈવે પર ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો પર લગામ કસવા માટે ટ્રાફિક શાખાને 'સ્પીડગન મશીન' ફાળવવામાં આવ્યું છે. આ મશીનના ઉપયોગથી હવે રોંગ સાઈડ અને અતિશય ઝડપે વાહન ચલાવનારાઓ પોલીસની નજરમાંથી બચી શકશે નહીં.



સ્પીડગન મશીનની ખાસિયતો જોવામા આવે તો સચોટ ટ્રેકિંગથી આ મશીન વડે ઓવર સ્પીડમાં દોડતા વાહનોની ગતિ તુરંત માપી શકાય છે. પુરાવા સાથે દંડ આપી શકાય છે. નિયમ ભંગ કરનાર વાહનનો ફોટો અને તેના નંબર પ્લેટની વિગત મશીનમાં સેવ થઈ જાય છે, જેથી પારદર્શક રીતે કાર્યવાહી કરી શકાય. રોંગ સાઈડમાં આવતા વાહનચાલકોને પણ આ ટેક્નોલોજી દ્વારા પકડવામાં આવશે.

શહેરા ટ્રાફિક પોલીસની ટીમ દ્વારા હાલમાં આ મશીનનો ઉપયોગ શરૂ કરી દેવામાં આવ્યો છે અને રોડ પર રહીને નિયમ તોડનારાઓ સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ટ્રાફિક વિભાગના જણાવ્યા અનુસાર, હેલ્મેટ પહેરવું, યોગ્ય સાઈડમાં વાહન હંકારવું અને નશો કરીને વાહન ન ચલાવવું એ અકસ્માતથી બચવા માટે અનિવાર્ય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ટ્રાફિકના નિયમોનું પાલન કરવા બાબતે વિભાગ દ્વારા લોકજાગૃતિ પણ ફેલાવવામાં આવે છે. સ્પીડગન મશીન આવવાથી અકસ્માત જેવી ગંભીર ઘટનાઓ પર અંકુશ લાવી શકાશે.

# દર્શન રાવલ નું 'સાથિયા' રિલીઝ પહેલાં જ હિટ, લાઈવ પરફોર્મન્સે જીત્યાં દિલ



ઓફિશિયલ રિલીઝ પહેલાં જ દર્શન રાવલ નું આવનારું ગીત 'સાથિયા' ચાહકોના દિલને સ્પર્શી ગયું છે. તાજેતરમાં ગાયકએ આ ગીતને સ્ટેજ પર લાઈવ પરફોર્મ કર્યું, જેથી 25 ફેબ્રુઆરીએ થનારી રિલીઝ પહેલાં જ દર્શકોને તેની ખાસ ઝલક મળી ગઈ. પરફોર્મન્સનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરતાં દર્શને લખ્યું, "સાથિયાએ ગઈ કાલે રાતે સ્ટેજ પર પોતાની સફર શરૂ કરી અવિસ્મરણીય. હજી પણ એ લાગણીમાંથી બહાર આવી શક્યો નથી સાથિયા, 25 ફેબ્રુઆરીએ રિલીઝ થઈ રહ્યું છે "આ પછી ચાહકોએ કમેન્ટ સેકશનમાં દિલ ખોલીને પ્રેમ વરસાવ્યો. એક યુઝરે લખ્યું, "ગઈ કાલે રાત કોઈ સપના કરતાં ઓછી નહોતી," જ્યારે બીજા એકે કહ્યું, "આખરે રાહ પૂરી થઈ ગઈ ." અનેક ચાહકોએ તેને "ખૂબ સુંદર ગીત" ગણાવ્યું, જેના પરથી સ્પષ્ટ થાય છે કે રિલીઝને લઈને ઉત્સાહ શિખરે છે. પોતાના ચાર્ટબસ્ટર રોમેન્ટિક ગીતો માટે જાણીતા દર્શન રાવલ દરેક નવા ટ્રેક સાથે ચાહકોના દિલ જીતતા આવ્યા છે, અને 'સાથિયા' પણ તેમની લવ બેલેડ્સની યાદીમાં એક યાદગાર ઉમેરો સાબિત થવાનું છે.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવા ખાતે બે દિવસીય યોગ શિબિર યોજાઇ



• આહવા/ડાંગ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ચેરમેનશ્રી યોગ સેવક શિશપાલજી ના માર્ગ દર્શન હેઠળ ઝોન કો ઓર્ડીનેટર શ્રીમતી પ્રીતિ બેન પાંડેના અધ્યક્ષ સ્થાને સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવા ખાતે બે દિવસીય તાલુકા યોગ શિબિરનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને યોગ, મુદ્રા, આસન અને પ્રાણાયામ ધ્યાન કરાવવામાં આવ્યું હતું. સાથે જ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તરફ થી કોલેજમાં યોગ અને રમત ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કુલ ૨૦ વિધાર્થીઓને પ્રોત્સાહન સ્વરૂપે યોગ બોર્ડના લોગો વાળી ટી શર્ટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ઝોન કો ઓર્ડીનેટર શ્રીમતી પ્રીતિબેન પાંડે, પ્રોગ્રામ ઓફિસર ડાંગ જ્યોત્સના બેન, CDPO આહવા, ડૉ. ગણેશ નરભવર, ડો. ઉમેશભાઈ હડસ અને ડો. પી. કે માહલા, શિક્ષક શ્રી સંજય ભાઈ અને શ્રી અશ્વિન પરમાર વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

### રાણાવાણા ના ઠોયાણા ગામમાં સ્માર્ટ મીટર મુદ્દે ગ્રામજનનો ઉગ્ર વિરોધ

# સ્માર્ટ મીટર ફરજિયાત ન હોવાનો RTI ખુલાસો વચ્ચે સ્માર્ટ મીટર લગાડવા વીજકર્મીઓની ધમકીથી રોષ ફેલાયો

• ગોસા(ઘેડ)

રાણાવાવ તાલુકાના ઠોયાણા ગામમાં સ્માર્ટ મીટર લગાવવાના મુદ્દે સરપંચ સહિત ગ્રામજનોએ ભારે વિરોધ નોંધાવ્યો હતો. ગામલોકોના જણાવ્યા મુજબ સ્માર્ટ મીટર નાખવાની ના પાડતા વીજકર્મીએ "ફોલ્ટ સરખો કરવા નહીં આવીએ" તેમ કહી ધમકીરૂપ વલણ અપનાવ્યું હતું, જેના કારણે ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો હતો. રાજ્યભરમાં સ્માર્ટ મીટર લગાવવા અંગે ભારે વિરોધ થઈ રહ્યો છે. પરંતું સ્માર્ટ મીટર લગાવવું ફરજિયાત છે કે નહિ તે મોટો સવાલ છે. ત્યારે આ અંગે આરટીઆઈ (રાઈટ ટુ ઈન્ફોર્મેશન) માં મોટો ખુલાસો થયો છે. પોરબંદરમાં એક અરજદારે કરેલી



અરજીમાં સામે આવ્યુ કે, આ પ્રકારનું મીટર લગાડવું ફરજિયાત હોય તેવો કોઈ કાયદો નથી. પોરબંદરના રાણાવાવના અમરદડ વિસ્તારમાં રહેતા માધવજી લક્ષ્મણ ડોડીયાએ ગુજરાત વીજ કંપનીને આરટીઆઈ કરીને કેટલીક માહિતી માંગી હતી. તેઓએ આરટીઆઈમાં પૂછ્યુ કે, સ્માર્ટ મીટર લગાવવું ફરજિયાત છે કે નહિ. ત્યારે વીજ કંપનીમાંથી તેમને તેમની આરટીઆઈનો જવાબ આપવામાં આવ્યો છે. આ RTI માં સ્પષ્ટ કહેવાયું છે કે, ગ્રાહકે સ્માર્ટમીટર લગાવવું ફરજિયાત નથી. સ્માર્ટ મીટર ઘરમાં લગાવવું ફરજિયાત છે તેવો કોઈ પણ હુકમ હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટમાંથી થયો નથી. સાથે જ જૂની મીટર સારી રીતે ચાલતું હોય તો તેને હટાવવાનો નિયમ પણ કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલ નિયમ નથી. આવા ખુલાસા હોવા છતાં પીજીવીસીએલના કોન્ટ્રાક્ટ આધારિત વીજકર્મીઓ દ્વારા ઠોયાણા ગામમાં સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. ગ્રામજનોએ અવરોધ ઉભો કરતા કર્મચારીઓએ આડકતરી ધમકી આપ્યાનો આક્ષેપ થયો છે. પરિણામે ગામલોકો મોટી સંખ્યામાં એકત્રિત થઈ વિરોધ પર ઉતરી આવ્યા હતા. વધતા વિરોધને કારણે સ્માર્ટ મીટર બદલવા આવેલા કર્મચારીઓને મીટર લગાડ્યા વગર જ સ્થળ છોડવું પડ્યું હોવાનું જાણવા મળ્યું છે. ગ્રામજનોએ જણાવ્યું હતું કે પૂરતી માહિતી, વિશ્વાસ અને સ્પષ્ટતા વગર મીટર બદલવાની કાર્યવાહી થતાં લોકોમાં શંકા અને અસંતોષ વધ્યો છે. સાથે જ વીજ ફોલ્ટ જેવી મૂળભૂત સેવા બંધ કરવાની વાતથી લોકોમાં વધુ રોષ ફેલાયો છે. હાલ ગામલોકોએ વીજ વિભાગના ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક દખલ કરી સ્પષ્ટતા આપવા તથા ફોલ્ટ સહિતની સેવાઓ નિયમિત ચાલુ રાખવાની માંગ કરી છે.

રિપોર્ટર:વિરમભાઈ કે.આગઠ

# કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાની તબિયત લથડી, હૃદયની નળીમાં ૭૦ ટકા બ્લોકેજ

### જો કે ઇમરાન ખેડાવાલા અમદાવાદ પૂર્વનાં લઘુમતી સમુદાયનાં ખુબ જ લોકપ્રિય નેતા પૈકીનાં એક છે



• અમદાવાદ

અમદાવાદની ખાડિયા-જમાલપુર બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને હૃદય સંબંધી તકલીફ થતાં શહેરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગત રાત્રે અચાનક છાતીમાં દુખાવો થતા તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તપાસ દરમિયાન તેમના હૃદયની એક નળીમાં ૭૦ ટકા જેટલું ગંભીર બ્લોકેજ હોવાનું રિપોર્ટમાં સામે આવ્યું છે.

ઈમરાન ખેડાવાલાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાની માહિતી મળતા કોંગ્રેસનાં આગેવાનો પણ હોસ્પિટલ ખાતે એકત્ર થયા હતા. હાલમાં વિધાનસભાનું સત્ર ચાલી રહ્યુંહોવાથી મોટા ભાગનાં ધારાસભ્યો ગાંધીનગરમાં હાજર છે. તેવામા કોંગ્રેસી ધારાસભ્યો પણ ઈમરાન ખેડાવાલાના ખબરઅંતર પુછવા માટે હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા.

મળતી માહિતી મુજબ, ધારાસભ્ય ખેડાવાલા ગત રાત્રે પોતાના ઘરે હતા. ત્યારે અચાનક તેમને છાતીમાં ભારે દબાણ અને અસહ્ય દુખાવો અનુભવાયો હતો. મોડી રાત્રે જ તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. કાર્ડિયોલોજિસ્ટ્સની ટીમ દ્વારા તાત્કાલિક તેમની એન્જિયોગ્રાફી કરવામાં આવી હતી. રિપોર્ટમાં જાણવા મળ્યું કે, હૃદયની મુખ્ય નળીઓ પૈકીની એકમાં ૭૦ ટકા બ્લોકેજ છે. હાલ તેમની તબિયત સ્થિર છે, પરંતુ ડોક્ટરોની ટીમ તેમના સ્વાસ્થ્ય પર સતત દેખરેખ રાખી રહી છે. આગામી દિવસોમાં બ્લોકેજ દૂર કરવા માટે સ્ટેન્ટ મૂકવો કે કેમ, તે અંગેનો નિર્ણય લેવામાં આવશે.

જો કે ઈમરાન ખેડાવાલા અમદાવાદ પૂર્વનાં લઘુમતી સમુદાયનાં ખુબ જ લોકપ્રિય નેતા પૈકીનાં એક છે. જેથી તેમનું સ્વાસ્થય લથડતા મોડી રાતથી જ લોકો હોસ્પિટલ તેમના ખબર અંતર પુછવા માટે પહોંચવા લાગ્યા હતા. જેથી હોસ્પિટલની બહાર ભારે ભીડ જોવા મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ 2020માં જ્યારે કોરોના મહામારી ચરમસીમાએ હતી, ત્યારે ઈમરાન ખેડાવાલા પોતે કોરોના સંક્રમિત થયા હતા. તે સમયે મુખ્યમંત્રી સાથેની બેઠક બાદ જ તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જો કે સ્વસ્થ થતાની સાથે જ તેઓ લોકોની સેવામાં લાગી ગયા હતા.

ઈમરાન ખેડાવાલાના બીમારીના સમાચાર મળતા જ તેમના મતવિસ્તારના લોકો અને કોંગ્રેસના કાર્યકરોમાં ચિંતા ફેલાઈ છે. અનેક રાજકીય નેતાઓએ હોસ્પિટલની મુલાકાત લીધી છે અથવા ટેલિફોનિક સંપર્ક કરીને તેમના ખબર-અંતર પૂછ્યા છે. હોસ્પિટલ પ્રશાસન મુજબ, તેમને થોડા દિવસો આરામ કરવાની અને ખોરાકમાં કડક પરેજી રાખવાની સલાહ આપવામાં આવી છે.

વિરોધ

### દુકાન-સંસ્થા (સુધારા) બિલ પસાર

# કામના કલાકોની મર્યાદા 9થી વધારીને 10 કલાક, મહિલાઓને નાઈટ શિફ્ટની મંજૂરી

### શ્રમ અને રોજગાર મંત્રીએ કહ્યું કે, આ સુધારાથી કાયદો લાગુ કરવાની જોગવાઈમાં અગાઉ 10 કે તેથી વધારે કામદારો

• ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં આજે મંગળવારે ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું છે. જે મુજબ હવે દૈનિક કામના કલાકોની મર્યાદા 9થી વધારીને 10 કલાક કરાઈ છે, ઓવરટાઈમ કામ કરવાની મહત્તમ મર્યાદા ત્રણ મહિનામાં કુલ 125 કલાકથી વધારીને 144 કલાક કરાઈ છે. અગાઉ 10 કે તેથી વધારે કામદારોને બદલે હવે 20 કે તેથી વધારે કામદારો ધરાવતી, દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે.



વિધાનસભા ગૃહમાં શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયા દ્વારા રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમનું સુધારા વિધેયક આજે રજૂ કરવામાં આવ્યું હતું. જેને ગૃહના સભ્યો દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. આ બિલની ચર્ચા દરમિયાન ગૃહમાં ભારે હોબાળો થયો હતો, આમ આદમી પાર્ટીના ધારાસભ્યો ગૃહની કાર્યવાહીનું લાઈવ પ્રસારણ કરવાની માગ સાથે પોસ્ટરો બતાવી વિરોધ વ્યક્ત કર્યો હતો. શ્રમ અને રોજગાર મંત્રીએ કહ્યું કે, આ સુધારાથી કાયદો લાગુ કરવાની જોગવાઈમાં અગાઉ 10 કે તેથી વધારે કામદારોને બદલે હવે 20 કે તેથી વધારે કામદારો ધરાવતી દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે. આમ, જે દુકાનો અને સંસ્થાઓમાં 20થી ઓછા શ્રમયોગીઓ-કર્મચારીઓ કામ કરતા હોય તેવી દુકાનો અને સંસ્થાઓએ આ કાયદા હેઠળ નોંધણી કરાવવી જરૂરી નથી, પરંતુ ઓનલાઈન જાણ કરવાની રહેશે. જેના પરિણામે હજારો નાના વેપારીઓ, સ્ટાર્ટ-અપ્સને આગળ વધવામાં વેગ મળશે. સંસ્થાઓના કામકાજના કલાકોમાં વધારો કરવાથી ગ્રાહક સુવિધામાં વધારો થશે. આમ, આર્થિક પ્રવૃત્તિને વેગ મળે અને દેશના આર્થિક વિકાસમાં વધારો કરવાના આશયથી આ સુધારાથી દૈનિક કામના કલાકોની મર્યાદા 9 કલાકથી વધીને 10 કલાક કરવામાં આવી છે. આ ઉપરાંત સળંગ કામના કલાકોની મર્યાદા પણ 5 કલાકથી વધારીને 6 કલાક કરવામાં આવી છે.

'આ ઉપરાંત ઓવરટાઈમ કામ કરવાની મહત્તમ મર્યાદા, ત્રણ મહિનામાં કુલ 125 કલાક હતી, જે હવેના સુધારામાં વધારીને કુલ 144 કલાક કરવામાં આવી છે. મહિલા શ્રમયોગીની સંમતિ હોય અને સંસ્થા દ્વારા મહિલાઓને આરામ માટેના રૂમ, રાત્રિ ઘોડીયાઘર, મહિલા માટેના શૌચાલય, તેમના ગૌરવ, સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતીય સતામણીથી રક્ષણ તેમજ સંસ્થાથી તેમના નિવાસ સ્થાન સુધી તેમને લાવવા-લઈ જવાની વ્યવસ્થા માલિક દ્વારા પૂરી પાડવામાં આવતી હોય એવી દુકાન અથવા સંસ્થામાં મહિલા શ્રમયોગીને રાત્રિના 9 કલાકથી સવારના 6 કલાક વચ્ચેના સમયમાં કામ કરવાની પરવાનગી આપી શકાશે. આમ, કામના સ્થળ પર મહિલાની ગરિમા, સુરક્ષા અને સલામતી જળવાઈ રહે તેની સંપૂર્ણ તકેદારી રાખવાની જોગવાઈ રાજ્ય સરકારે આ કાયદામાં કરી છે.'

મંત્રીના જણાવ્યા મુજબ, 'કામદારોની કામની સ્થિતિમાં સુધારો કરવા, સ્ત્રીઓ માટે નોકરીની વધુ તકો ઊભી કરવા, ધંધો કરવા માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવા, વર્ષમાં 365 દિવસ સંસ્થા ચલાવવાની અને સંસ્થા ખોલવાના અને બંધ કરવાના સમયની સ્વતંત્રતાનો, સ્ત્રીઓને પૂરતી સુરક્ષા અને સલામતીની જોગવાઈઓ સાથે રાતપાળી દરમિયાન કામ કરવાની પરવાનગી, ઓનલાઈન રજિસ્ટ્રેશન જેવી વિવિધ જોગવાઈ કરવામાં આવી છે.'

### જિલ્લા અદાલતને ઈમેલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી :

# ઈમેલ મળતા વકીલોમાં ફફડાટ; બોમ્બ સ્કવોર્ડ દ્વારા સર્ચ ઓપરેશન

ધમકી

### પોલીસ અધિકારીઓએ નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને ગભરાટ ન ફેલાવવા અપીલ કરી છે

• ગાંધીનગર

ગાંધીનગરની જિલ્લા અદાલતને ઈમેલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા જ સમગ્ર વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. સુરક્ષાના કારણોસર કોર્ટ સંકુલને તાત્કાલિક ખાલી કરાવી દેવામાં આવ્યું છે અને તમામ ન્યાયિક કામગીરી અટકાવી દેવામાં આવી છે. ધમકીભર્યા ઈમેલને પગલે પોલીસ કાફલો, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા છે. સાવચેતીના ભાગરૂપે આખા સંકુલને ખાલી કરાવીને કિલ્લેબંધી કરી દેવામાં આવી છે.

કોર્ટના દરેક માળ, પાર્કિંગ એરિયા અને ચેમ્બર્સનું ઝીણવટભર્યું નિરીક્ષણ



આજે મંગળવારની સવારે જ્યારે કોર્ટની કામગીરી રાબેતા મુજબ શરૂ થઈ રહી હતી, ત્યારે અચાનક બોમ્બ હોવાની આશંકાનો ઈમેલ મળતા જ ન્યાયિક અધિકારીઓ અને પોલીસ તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું હતું. જેના પગલે કોર્ટમાં હાજર વકીલો, અસીલો અને કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. સલામતીના કારણોસર પોલીસે શાંતિપૂર્વક સંકુલ ખાલી કરાવ્યું હતું અને પ્રવેશદ્વારો બંધ કરી દીધા હતા. હાલમાં બોમ્બ ડિસ્પોઝલ એન્ડ ડિટેકશન સ્કવોડની ટીમો દ્વારા કોર્ટના દરેક માળ, પાર્કિંગ એરિયા અને ચેમ્બર્સનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

નોંધનીય છે કે ગાંધીનગરમાં સરકારી કચેરીઓને નિશાન બનાવી ધમકી આપવાનો આ પ્રથમ કિસ્સો નથી. થોડા સમય અગાઉ ગાંધીનગર કલેક્ટર કચેરીને પણ આ જ પ્રકારે ઈમેલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. તે સમયે પણ લાંબી તપાસ બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી અને તેને હોક્સ કોલ જાહેર કરવામાં આવ્યો હતો. જોકે વારંવાર મહત્વની સરકારી કચેરીઓને આ રીતે નિશાન બનાવવામાં આવતા સુરક્ષા એજન્સીઓ આ બાબતને અત્યંત ગંભીરતાથી લઈ રહી છે.

સચિવાલય વિસ્તારમાં પણ સુરક્ષા સઘન કરાઈ સાયબર ક્રાઈમની ટીમ હાલમાં આ ધમકીભર્યા ઈમેલના IP એડ્રેસ અને તેના ઓરિજિનની તપાસ કરી રહી છે . પ્રાથમિક દ્રષ્ટિએ આ કોઈની તો ફાની હરકત હોઈ શકે છે, પરંતુ કલેક્ટર કચેરી બાદ હવે કોર્ટ સંકુલને મળેલી ધમકી પાછળ કોઈ ચોક્કસ ષડયંત્ર છે કે કેમ તે દિશામાં પણ તપાસ લંબાવવામાં આવી છે. જ્યારે શહેરના અન્ય મહત્વના સંકુલ અને સચિવાલય વિસ્તારમાં પણ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દેવામાં આવી છે . પોલીસ અધિકારીઓએ નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને ગભરાટ ન ફેલાવવા અપીલ કરી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ સ્થિતિ સ્પષ્ટ થશે કે આ ધમકી પાછળનો અસલ ઈરાદો શું હતો.

# પોરબંદરમાં સેવાકીય કાર્યથી કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાના જન્મદિવસની ઉજવણી

### જિલ્લાના ૬૭ ક્ષયના દર્દીઓને પોષણક્ષમ આહાર કીટનું વિતરણ કરાયું

• ગોસા(ઘેડ)તા.૧૭

પોરબંદરના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાના જન્મદિવસની સેવાકીય ઉજવણીના ભાગરૂપે, પોરબંદર જિલ્લા ભાજપ, રોટરી ક્લબ ઓફ પોરબંદર અને ઈન્નર વ્હીલ ક્લબના સંયુક્ત ઉપક્રમે અક્ષય કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પ્રવીણભાઈ ખોરાવાના આર્થિક અનુદાનથી ૬૭ જેટલા ક્ષયના દર્દીઓને પોષણક્ષમ આહાર કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમની શરૂઆતમાં રોટરી ક્લબ ઓફ પોરબંદરના સંયુક્ત પ્રમુખ શ્રી હર્ષિતભાઈ રુઘાણીએ ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. પોરબંદર ક્ષય કેન્દ્રના ડો. સીમાબેન પોપટિયાએ દર્દીઓને કીટનો ઉપયોગ, નિયમિત આહાર અને દવા અંગે જરૂરી તબીબી માર્ગદર્શન આપ્યું હતું.

નોંધનીય છે કે રોટરી ક્લબ ઓફ પોરબંદર દ્વારા વર્ષ ૨૦૧૮ થી અત્યાર સુધીમાં દાતાઓના સહયોગથી કુલ ૨,૪૩૯ જેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું છે, જેની અંદાજિત કિંમત રૂ. ૩૨, ૬૪,૦૨૫ જેટલી થવા જાય છે. આ સેવાકીય અવસરે પૂર્વ કેબિનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયા, અગ્રણી રામદેવભાઈ મોઢવાડીયા તેમજ જિલ્લા ભાજપના હોદ્દેદારો પ્રવીણભાઈ ઓડેદરા, રામભાઈ કરગથીયા, ખ્યાતિબેન લોઢારી અને લીલાબેન મોતીવરસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે રોટરી ક્લબના સર્વશ્રી ધવલ પરમાર, કપિલભાઈ કોટેચા, વિજયભાઈ મજીઠીયા, જતીનભાઈ હાથી તેમજ ઈન્નર વ્હીલ ક્લબના પ્રમુખ શ્રી જિગ્નાબેન લાખાણી, મીનાબેન મજીઠીયા અને દીપાબેન સહિતના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

રિપોર્ટર:-વિરમભાઈ કે.આગઠ

# હેલ્થ કમિટીએ લીધેલો નિર્ણય, અર્બન હેલ્થ સેન્ટર ઉપર હડકવા વિરોધી રસીનો પહેલો ડોઝ મળશે

• અમદાવાદ

અમદાવાદ મ્યુનિ.ની હેલ્થ કમિટીએ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. શહેરમાં કોર્પોરેશન સંચાલિત ૯૨ અર્બન હેલ્થ સેન્ટર ઉપરથી હડકવા વિરોધી રસીનો પહેલો ડોઝ મળશે. કૂતરું કરડવાના કિસ્સામાં ૨૪ કલાકમાં રસીનો પહેલો ડોઝ લેવો જરુરી હોય છે.

શહેરના તમામ અર્બન હેલ્થ સેન્ટર ઉપર હડકવા વિરોધી રસીનો જથ્થો ઉપલબ્ધ કરવામા આવ્યો છે.કૂતરુ કરડવાના કિસ્સામા નાગરિકને તેના પોતાના જ વોર્ડમાં હડકવા વિરોધી રસીનો પહેલો ડોઝ મળી રહે એ માટે સોમવારથી જ હેલ્થ વિભાગ દ્વારા તમામ અર્બન હેલ્થ સેન્ટર ખાતે રસીની વ્યવસ્થા કરવામાં આવી છે.નાગરિકોને પ્રાથમિક સારવાર સ્થાનિક સ્તરે મળી શકશે.

મ્યુનિસિપલ કોર્પોરેશનની કોમ્પ્રિહેન્સીવ રીડ્રેસલ સિસ્ટમ એટલે કે સી.સી.આર.એસ.



અંતર્ગત પાંચ વર્ષમાં કૂતરાં સંબંધિત ૪૧ હજારથી પણ વધુ ફરિયાદ મળી છે. સી.એન. સી.ડી. વિભાગના અધિકારી નરેશ રાજપૂતે કહ્યું, રખડતા કૂતરાં પકડવાથી લઈ કૂતરુ કરડયુ હોવા અંગે કે પછી કૂતરાંએ નખ માર્યા જેવી ફરિયાદો પણ સી.સી.આર.એસ.હેઠળ મળી છે.

## બદલાતી ઋતુ વચ્ચે કેસુડો ફૂલોથી મનોરમ્ય દ્રશ્ય



ડભોઈ તાલુકાના ચાણોદ વિભાગમાં પલાસ ના વૃક્ષ પર કેસુડો પૂરબહાર ખીલી ઉઠ્યો છે બદલાતા મોસમ ના મિજાજ સાથે આજે વાદળછાયું વાતાવરણ આકાશમાં જોવા મળ્યું સફેદ કલરના વાદળો વચ્ચે કેસુડાથી લચી રહેલરહેલ પલાસ નુ વૃક્ષ જોઈ ફાગણીયો યાદ આવી જાય કેસરી કલર ના ફૂલો સફેદ વાદળીઓ વચ્ચે અને મનોરમય દ્રશ્ય સર્જાયા સામે હોડી નજદીક આવતાં કેસુડા નો કલર નેચરલ કલર છાંટવા થી રોગો મા રાહત થાય છે ત્વચા ના રોગોમાં ગુણકારી છે હાલ વહેલી સવારે ઠંડી બપોરે ગરમી અને અહેસાસ જોવા મળે છે આજે સવારેથી આકાશમાં વાદળો જોવા મળતા મોસમ ના બદલાતા મિજાજ થી ખેડૂતોમાં ચિંતાનું વાતાવરણ જોવા મળે છે વરસાદ છાંટો થાય તો ખેતીમાં રોગ નો ઉપદ્રવ વધે આંબા મોર ખરવાની સંભાવના વધે છે

મુકેશ ખત્રી ચાણોદતા.૧૭.૨.૨૬

### દિવ્યાંગ વિદ્યાર્થીઓને એક કલાક વધુ મળશે

# ગ્રામ્ય જિલ્લાના તમામ સંચાલકોની મહત્વની બેઠક : 26 ફેબ્રુઆરીથી શરૂ થતી GSHSEBની પરીક્ષાને લઈ બેઠક

• અમદાવાદ

આગામી 24 ફેબ્રુઆરીથી શરૂ થતી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 10 અને 12ની પરીક્ષાને લઈને તંત્ર હરકતમાં આવ્યું છે. આજે અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના તમામ સંચાલકોની એક મહત્વની બેઠક યોજાઈ હતી. રાજ્યભરમાં સ્કૂલોને મળતી બોમ્બ ધમકીઓના પગલે સ્કૂલ તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. સંચાલકોએ પોલીસ તંત્ર પાસે ચૂસ્ત બંદોબસ્તની માગ કરી છે, જેથી વિદ્યાર્થીઓ અને સ્ટાફની સુરક્ષાની તૈયારીને લઈને તંત્ર એલર્ટ મોડમાં આવ્યું છે. શહેરના શિક્ષકો અને સંચાલકોની યોજાયેલી આ બેઠકમાં પરીક્ષાનું સંચાલન, સુરક્ષા અને વિદ્યાર્થીઓની સુવિધા અંગે ખાસ ચર્ચાઓ કરવામાં આવી હતી. બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ



કોઈપણ પ્રકારના ડર વગર શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી શકે તે માટે જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. દરેક પરીક્ષા કેન્દ્ર પર CCTV કેમેરાની ચકાસણી કરવામાં આવશે. દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રવેશ માટે કોઈ અગવડ ન પડે અને તેમને જરૂરી 'લહિયા'ની સુવિધા સમયસર મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે. બોર્ડની નવી ગાઈડલાઈન મુજબ, દિવ્યાંગ વિદ્યાર્થીઓને દર કલાકે 20 મિનિટનો વધારાનો સમય આપવામાં આવશે. એટલે કે 3 કલાકના પેપરમાં આ વિદ્યાર્થીઓને કુલ 60 મિનિટ વધુ મળશે. પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે કેન્દ્ર સંચાલકોને સુપરવાઈઝર સાથે વિશેષ બેઠક યોજવા અને કડક નિરીક્ષણ કરવા સૂચના આપવામાં આવી છે.

વિદ્યાર્થીઓ ભયમુક્ત થઈ પરીક્ષા આપે તે પ્રયાસઃ ભગવાન પ્રજાપતિગ્રામ્ય DEO ભગવાન પ્રજાપતિએ જણાવ્યું હતું કે, આગામી 24 ફેબ્રુઆરીથી શરૂ થતી બોર્ડની પરીક્ષા માટે આજે અમદાવાદ ગ્રામ્યના સંચાલકોની બેઠક મળી હતી. અમારો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે વિદ્યાર્થીઓ ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપે. દિવ્યાંગ વિદ્યાર્થીઓને વિશેષ સુવિધાઓ અને નિયમ મુજબનો વધારાનો સમય ફાળવવામાં આવશે. કેન્દ્ર સંચાલકોને ગેરરીતિ અટકાવવા માટે ખાસ તાકીદ કરવામાં આવી છે.

# RSSના 100 વર્ષ પૂર્ણ થતા દહેગામમાં યોજાયા હિંદુ સંમેલનો: મહાનુભાવો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિતિ રહ્યા

• ગાંધીનગર

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના 100 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે દહેગામ નગરમાં હિંદુ સમાજ દ્વારા ત્રણ અલગ-અલગ વિસ્તારોમાં હિંદુ સંમેલનોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરના હિંદુ સમાજમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ કાર્યક્રમોમાં સંત સમાજના મહાનુભાવો અને સંઘના વરિષ્ઠ સ્વયંસેવકોને આમંત્રિત કરાયા હતા. તેમણે ઉપસ્થિત હિંદુ સમાજને સંબોધિત કર્યો હતો. વક્તાઓએ હિંદુ એકતા, સાંસ્કૃતિક જાગૃતિ અને રાષ્ટ્રનિર્માણમાં સમાજની ભૂમિકા અંગે ચર્ચા કરી.

સંમેલનોમાં 'હિંદુ એકતા અને પંચ પરિવર્તન' વિષય મુખ્ય રહ્યો હતો.




વક્તાઓએ સમાજમાં સમરસતા, કુટુંબ મૂલ્યોનું સંરક્ષણ, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, સ્વદેશી વલણ અને નાગરિક કર્તવ્યોના પાલન જેવા પાંચ મુદ્દાઓ પર ભાર મૂક્યો હતો. તેમણે સમાજજીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે દરેક વ્યક્તિને પોતાની જવાબદારી નિભાવવા અપીલ કરી.

ત્રણેય વિસ્તારોમાં યોજાયેલા સંમેલનોમાં મોટી સંખ્યામાં મહિલાઓ, યુવાનો અને વરિષ્ઠ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.

# ખાનપુર તાલુકાના બાબલીયા ચોકડીથીબાકોર તરફ આવતા માર્ગની બિસ્માર હાલત, વહેલી તકે કામગીરી અને ફોરલેનની માંગ

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

ખાનપુર તાલુકાના બાબલીયા ચોકડીથી બાકોર તરફ જતો મુખ્ય માર્ગ હાલ અત્યંત બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો અને સ્થાનિક નાગરિકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. માર્ગ પર ડામર વિખુટી ને નાના મોટા ખાડા પડી ગયા હોવાની સમસ્યાના કારણે રોજબરોજના વાહન વ્યવહાર માટે જોખમ ભરી સ્થિતિ છે.

ઉલ્લેખનીય છે કે આ માર્ગ લુણાવાડા-મોડાસા નેશનલ હાઈવે પરથી અંદર બાબલીયા ચોકડીથી સીધો રાજસ્થાન રાજ્યને જોડતો મહત્વપૂર્ણ સોટકટ માર્ગ છે. આ માર્ગ પરથી ખાનપુર, બાકોર , પાંડરવાડા સહિત આસપાસના વિસ્તારોના લોકો તેમજ વેપારીઓ, તેમજ અહીં પુરાતન કલેશ્વરી નાળ,ઝરમર માતાજી જેવા સ્થળો આવેલા હોય છે.જેથી પ્રવાસીઓ અને ભારે વાહનો સતત આવનજાવન કરે છે.

**એમસીએક્સ** સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.20618.94 કરોડનાં કામકાજ: બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 37388 પોઇન્ટના સ્તરે


# સોનાનો વાયદો ઘટીને રૂ.1.51 લાખ અને ચાંદીનો વાયદો ઘટીને રૂ.2.29 લાખના સ્તર સુધી ગબડ્યો

**ક્રૂડ તેલના વાયદામાં રૂ.2નો મામૂલી સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.27646.12 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.228553.48 કરોડનું ટર્નઓવરઃ**

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.256200.49 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.27646.12 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.228553.48 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો 37388 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2688.37 કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.20618.94 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.153551ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.153959 અને નીચામાં રૂ.151244ના મથાળે અથડાઈ, રૂ.154760ના આગલા બંધ સામે રૂ.1802 ઘટી રૂ.152958 થયો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો 8 ગ્રામદીઠ રૂ.1238 ઘટી રૂ.124845ના સ્તરે




પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો 1 ગ્રામદીઠ રૂ.197 ઘટી રૂ.15631ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો 10 ગ્રામદીઠ રૂ.1853 ઘટી રૂ.151024ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.154529ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.154724 અને નીચામાં રૂ.152000ના સ્તરને સ્પર્શી, રૂ.155220ના આગલા બંધ સામે રૂ.2082 ઘટી રૂ.153138 થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.235207ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.237720 અને નીચામાં રૂ.229352ના મથાળે અથડાઈ, રૂ.239891ના આગલા બંધ સામે રૂ.7453 ઘટી રૂ.232438ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.7397 ઘટી રૂ.235834ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.7328 ઘટી રૂ.235924ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.બિનલોહ ધાતુઓમાં રૂ. 4731.62 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.31.05 ઘટી રૂ.1167ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.1.7 ઘટી રૂ.319.45ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો 95 પૈસા ઘટી રૂ.306.75ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો 50 પૈસા ઘટી રૂ.187.45ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.એનર્જી સેગમેન્ટમાં રૂ. 2233.00 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.3447ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.3495 અને નીચામાં રૂ.3403ના મથાળે અથડાઈ, રૂ.41 વધી રૂ.3473ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.5772ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5808 અને નીચામાં રૂ.5713ના સ્તરને સ્પર્શી, રૂ.5791ના આગલા બંધ સામે રૂ.2 વધી રૂ.5793 થયો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.5 વધી રૂ.5795ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.6.8 વધી રૂ.286.3 થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.6.8 વધી રૂ.286.2 થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.960.8ના ભાવે ખૂલી, 40 પૈસા વધી રૂ.960.5 થયો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.10 ઘટી રૂ.25650ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.2597ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.2592ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. 11652.40 કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. 8966.54 કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. 4112.76 કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. 327.60 કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. 22.90 કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. 259.96 કરોડનાં કામકાજ થયાં હતાં.

સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ અંતર્ગત તા.૧૭/૦૨/૨૦૨૬ના રોજ મહીસાગર જિલ્લા ખાતે આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી

# મહીસાગર જિલ્લામાં કુલ ૭,૯૦,૪૪૩ મતદારો નોંધાયા: આખરી મતદાર યાદીની થઈ પ્રસિદ્ધ

**વોટર પોર્ટલ** આખરી મતદાર યાદીની આંકડાકીય વિગતો મુજબ, મહીસાગર જિલ્લામાં હવે કુલ ૭,૯૦,૪૪૩ મતદારો નોંધાયેલા છે

• વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર

ભારતીય ચૂંટણી પંચ દ્વારા તા. ૦૧ જાન્યુઆરી ૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં જાહેર કરવામાં આવેલ 'મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ અંતર્ગત તા.૧૭/૦૨/૨૦૨૬ના રોજ મહીસાગર જિલ્લા ખાતે આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી અર્પિત સાગર (IAS) ના હસ્તે કલેક્ટર કચેરીના મીંટીગ હોલ ખાતે માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની પ્રત્યક્ષ હાજરીમાં આખરી મતદારયાદીની ફોટાવાળી પ્રિન્ટેડ નકલ (હાર્ડકોપી) તથા ફોટા વગરની સોફ્ટ કોપી (DVD)




આપવામાં આવી હતી.આખરી મતદાર યાદીની આંકડાકીય વિગતો મુજબ, મહીસાગર જિલ્લામાં હવે કુલ ૭,૯૦,૪૪૩ મતદારો નોંધાયેલા છે. જેમાં ૧૨૧-બાલાસિનોર વિધાનસભા મતવિસ્તારમાં ૨,૭૮,૩૪૮ મતદારો, ૧૨૨-લુણાવાડા વિધાનસભા મતવિસ્તારમાં ૨,૭૯,૫૧૦ મતદારો અને ૧૨૩-સંતરામપુર વિધાનસભા મતવિસ્તારમાં ૨,૩૨,૫૮૫ મતદારોનો સમાવેશ થયેલ છે. જિલ્લામાં કુલ ૪,૦૭,૭૧૬ પુરુષો, ૩,૮૨,૭૧૮ સ્ત્રીઓ અને ૯ અન્ય મતદારો નોંધાયા છે. જિલ્લામાં ૧૮-૧૯ વર્ષના કુલ ૫૦૩૨ નવા મતદારો નોધાયેલ છે. આમ કુલ મળીને જિલ્લામાં ૧૨,૭૩૪ નવા મતદારોના નામ મતદાયાદીમાં નોધાયેલ છે. વધુમાં, ૨૦૦૭ મતદારોના નામ સ્થળાંતર/મરણ/ ડુપ્લીકેટ હોવાના કારણે રદ થયેલ છે.તા.૧૭/૦૨/૨૦૨૬ (મંગળવાર) ના રોજ અત્રેના જિલ્લાના જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરી, મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરી, તમામ મતદાન મથકો તથા તમામ નિયત સ્થળોએ મતદારયાદીની આખરી પ્રસિધ્ધિ કરવામાં આવી છે. મતદારો પોતાનુ નામ આખરી મતદાર યાદીમાં નીચે દર્શાવેલ માધ્યમ વડે ચકાસી કરી શકે છે.વેબસાઈટ http://ceo.gujarat.gov.in વોટર પોર્ટલ : voters.eci.gov.in ECINET App BLO પાસેથીજિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી/ ERO/AERO કચેરી ખાતેથી

જો મતદારનું નામ આખરી મતદાર યાદીમાં ન હોય તો મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા માટે ફોર્મ નં.6 ભરીને તેની સાથે ડેક્લેરેશન રજૂ કરીને તથા જરૂરી આધાર પુરાવાના દસ્તાવેજ સામેલ રાખીને ઓનલાઈન/ ઓફલાઈન અરજી કરી શકો છો.

જો આખરી મતદાર યાદીમાં દર્શાવેલ વિગતોમાં કોઈ ભૂલ હોય તો ફોર્મ નં.8 ભરીને જરૂરી આધાર પુરાવાના દસ્તાવેજ સામેલ રાખીને ઓનલાઈન/ઓફલાઈન અરજી કરી શકાય છે.આખરી મતદારયાદીમાં કોઈ પણ પ્રકારનો વાંધો રજૂ કરવા માટે ફોર્મ નં.7 ભરીને અરજી કરી શકાશે.

# દિવ્યાગજનો માટે નિ:શુલ્ક ઈલેક્ટ્રોનિક કૃત્રિમ હાથ વિતરણ કેમ્પ, શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે યોજાશે - સેવા પરમો ધર્મ

જરૂરિયાતમંદ દિવ્યાંગ વ્યક્તિઓ આત્મનિર્ભર બની શકે, રોજગારની નવી તકો ઉભી થાય તેવા શુભ આશય સાથે, ઈનાલી ફાઉન્ડેશન પુનાના માધ્યમથી રોટરી ક્લબ અમદાવાદ મેટ્રો (RI District 3055) અને ન્યુ વે એજ્યુકેશનલ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રિડમ-ડે કેર સેન્ટર (TTEC INDIA FOUNDATION) એક વિશેષ પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું છે. સામાજિક જવાબદારીના ભાગરૂપે યોજાનારા આ 'સેવા યજ્ઞ'માં શિવાનંદ આશ્રમ-અમદાવાદ અને એસ્ટ્રલ ફાઉન્ડેશનનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો છે.

આ કેમ્પમાં વિતરણ કરવામાં આવનાર કૃત્રિમ ઈલેક્ટ્રોનિક હાથની વિશેષતાઓ નીચે મુજબ છે:

વજનમાં હલકા અને ટકાઉ: વજનમાં અત્યંત હલકા હોવાથી પહેરવામાં સરળતા રહે છે.

દૈનિક કાર્યોમાં મદદરૂપ: આ હાથની મદદથી વ્યક્તિ પેનથી લખવું, ડ્રોઈંગ કરવું, કાંટા-ચમચીથી



જાતે જમવું, પાણી પીવું તેમજ સાયકલ / સ્કુટર કે કાર ચલાવવા, જેવા કામો સરળતાથી કરી શકશે.

આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દરેક લાભાર્થીએ અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. રજીસ્ટ્રેશન 'વહેલા તે પહેલા' ના ધોરણે કરવામાં આવશે.

નોંધણીની અંતિમ તારીખ: ૧૨ માર્ચ, ૨૦૨૬

સંપર્ક સૂત્ર (રજીસ્ટ્રેશન માટે): નામ નોંધાવવા માટે નીચે દર્શાવેલ પ્રતિનિધિઓનો સંપર્ક કરવા વિનંતી છે:

૧.શ્રી ભાવિન પરમાર:૯૯૭૪૦ ૮૮૮૦૨

૨. શ્રી હરીશભાઈ પરમાર: ૮૭૮૦૭૫૨૩૨૬

૩. શ્રી અતુલ પરીખ: ૯૮૨૫૦ ૧૧૫૪૮

આ આયોજન દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓના જીવનમાં નવો પ્રકાશ પથરાય અને તેઓ સમાજમાં ગૌરવભેર પુનઃસ્થાપિત થાય તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સેવાનો વધુમાં વધુ લોકો લાભ લે તેવો અનુરોધ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે.


# અશોકનગર:ઈનર વ્હીલ ક્લબ અને મહિલા બાળ વિકાસ વિભાગના સંયુક્ત પ્રયાસથી 'અન્નપ્રાશન' સંસ્કાર સંપન્ન

અશોકનગર: એકીકૃત મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત વોર્ડ નંબર 20, કેન્દ્ર ક્રમાંક 60 માં બાળકોના વધુ સારા સ્વાસ્થ્ય અને પોષણ પ્રત્યે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે 'અન્નપ્રાશન' કાર્યક્રમનું ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કાર્યક્રમ અધિકારી ચંદ્રસેન ભિડેના કુશળ માર્ગદર્શન અને પ્રિયંકા સુપરવાઈઝરના નેતૃત્વમાં સંપન્ન થયેલા આ કાર્યક્રમમાં સામાજિક સંસ્થા *'ઈનર વ્હીલ ક્લબ'*નો વિશેષ સહયોગ રહ્યો હતો. કાર્યક્રમની શરૂઆત સમન્વયક કાર્યકર્તા મીના જૈન દ્વારા ઉપસ્થિત અતિથિઓનું તિલક લગાવી અને માલ્યાર્પણ કરી ભવ્ય સ્વાગત સાથે કરવામાં આવી હતી, ત્યારબાદ તેમણે આયોજનની વિસ્તૃત રૂપરેખા રજૂ કરી હતી.આ અવસરે ક્લબના વરિષ્ઠ સદસ્ય ઈન્દુ ગાંધીએ બાળકોના પ્રારંભિક પોષણના મહત્વ પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું, જ્યારે મહિલા બાળ વિકાસના




બ્લોક કોઓર્ડિનેટર અર્ચના નામદેવે ઉપસ્થિત મહિલાઓને શાસનની યોજનાઓ અને બાળ સંભાળ પ્રત્યે પ્રેરિત કર્યા હતા. આયોજન દરમિયાન ઈનર વ્હીલ ક્લબ તરફથી બાળકોને ઉપહાર સ્વરૂપે ધાબળા (કંબલ) અને અન્ય આવશ્યક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમને સફળ બનાવવામાં અનીતા જૈન અને અનુષ્કા જૈનનો વિશેષ સહયોગ રહ્યો હતો. ક્લબના તમામ સદસ્યો અને વોર્ડની મહિલાઓએ ઉત્સાહપૂર્વક સહભાગી થઈને આ સામાજિક પહેલને સાર્થક બનાવી હતી.

# ચીલોડાથી સેક્ટર 30 સર્કલ જતા સાબરમતી નદીના બ્રિજ પરથી રિક્ષા સાબરમતી નદીમાં ખાબકતા ચાલકનું મોત



• ગાંધીનગર

ગાંધીનગરમાં ચીલોડાથી સેક્ટર 30 સર્કલ જતા સાબરમતી નદીના બ્રિજ પરથી એક ઓટો રિક્ષા અકસ્માતે નદીમાં ખાબકી હતી. આ દરમિયાન ફાયર બ્રિગેડ અને પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને બચાવકાર્ય શરૂ કર્યું હતું. તંત્રની ભૂલ અને બેદરકારીના કારણે અકસ્માત સર્જાયો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.ગાંધીનગર ટ્રાફિક પોલીસના એક અધિકારીના જણાવ્યા મુજબ, બપોરે 1:00 વાગ્યે બનેલી ઘટનામાં રેલિંગ ના હોવાના કારણે રિક્ષા નદીમાં ખાબકી હતી, જેમાં ડ્રાઈવરનું મોત થયાના સમાચાર છે. રિક્ષા નદીમાં પડતા બ્રિજ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો, આ મામલે ચિલોડા પોલીસ તપાસ કરી રહી છે.મળતી માહિતી અનુસાર, સેક્ટર-30 સર્કલ જતા સાબરમતી નદીના બ્રિજ ઉપરથી એક ઓટો રિક્ષા અકસ્માતે નદીના પાણીમાં ખાબકી હતી.

**વર્ષેની જેમ પરંપરાગત કલેશ્વરી ખાતે મેળો ભરાયો હતો**

# ખાનપુર તાલુકાની કલેશ્વરી નાળમાં પરંપરાગત રીતે મહા શિવરાત્રી મેળો ભરાયો

• વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં આવેલ કલેશ્વરી ખાતે દર વર્ષેની જેમ પરંપરાગત કલેશ્વરી ખાતે મેળો ભરાયો હતો. મેળામાં નૃત્યો, ગીતો,નાટક, આખ્યાન રાસ ધમાલ, સ્થાનિક કલાકારો દ્વારા સમૂહ વૃન્દમા અને મિત્રો સગા સંબંધી સ્નેહીજનો સાથે સ્વજનની જેમ ઉમટી પડીને સંસ્કૃતિના દુનિયાને દર્શન કરાવ્યા હતા. મહીસાગર જિલ્લાની આગવી ઓળખ અને પુરાતત્વીય વારસો ધરાવતા કલેશ્વરી નાળ સમૂહમાં પ્રકૃતિ ની ગોદમાં વસેલું નયનરમ્ય પ્રાકૃતિક વાતાવરણ સાસુ, વહુની વાવો , કલેશ્વરી માતા,શિવ મંદિર,ભીમના પગલાં, સ્નાન કુંડ



અને કૂવો, તેમજ કલાત્મક કોતરણી અસલ સ્વરૂપમાં નિદોર્ષભાવે આંખોને આંજી દે છે.હેડંબા વન તરીકે ઓળખાતો જંગલ વિસ્તાર અને બાજુમાં આવેલો ભાદરડેમ અને ઝરમર માતા,અને અહીં વહેતાં ખળખળ ઝરણાં અને વનોની વનરાજી મન મોહક અને આંખોને અને પક્ષીઓની પાંખોને સ્થિર કરી દે તેવા આહલાદક વાતાવરણમાં આ મેળો યોજાય છે. છેલ્લા 25 વર્ષથી ભરાતો ભાતીગળ અને લોકસંસ્કૃતિના સંગમ સમો એક્તા અને વિવિધતાના દર્શન કરાવતો બહુઆયામી ભાષા બોલી પહેરવેશનો પરચો આપતો અદભુત મેળો લોકોના ઉત્સાહ ઉમંગ અને આનંદની આસીમ ઘડીઓનો પ્રાકૃતિક નઝારો છે.દર વર્ષની જેમ પરંપરાગત કલેશ્વરી શિવરાત્રી મેળો ભરાયો હતો. આસપાસના પડોશી રાજ્યની જનજાગૃતિ સમુદાયો તેમજ અન્ય સમાજના લોકો આ મેળામાં મન ભરીને નજરે નજીકથી નિહાળી ધન્યતા અનુભવી હતી.જેમા દેશ વિદેશના પ્રવાસીઓ પણ આ મેળાને માણવા માટે આવી પહોંચ્યા હતા ટેબલેટ, કેમેરામાં અને મોબાઈલ દ્વારા પરંપરાગત કલાના નજારાને કેદ કરતા ઠેર-ઠેર લોકો નજરે પડતાં હતાં.આ મેળામાં કલાકારો, ચિત્રકારો,કવિઓ, સાહિત્યકારો, અને કલા કસબીઓએ લોકો ને કામણ પાથરી હતી.સમાજ મેળો અને નિરંતર શિક્ષણ મૌખિક પરંપરાના વાહકો તેમજ લેખિત પરંપરાના જાણકારોએ આ બાબતે ચર્ચા રજૂ કરી હતી.કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે કડક પોલીસ બંદોબસ્ત જોવા મળતો હતો.

### રવેડીમાં નાગા સાધુઓના અવનવા કરતબ, વિદેશીઓ પણ ઝૂમી ઉઠ્યા; 5 દિવસમાં 25 લાખ લોકો ઉમટ્યા

# મૃગીકુંડમાં સાધુઓના સ્નાન સાથે મહાશિવરાત્રિ મેળાની પૂર્ણાહુતિ

**ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ એટલે જૂનાગઢનો મહાશિવરાત્રિનો મેળો. મહાશિવરાત્રિની મધરાતે મૃગીકુંડમાં સાધુઓના શાહી સ્નાન સાથે પાંચ દિવસીય મેળાની પૂર્ણાહુતિ થઈ**

• જૂનાગઢ

ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ એટલે જૂનાગઢનો મહાશિવરાત્રિનો મેળો. મહાશિવરાત્રિની મધરાતે મૃગીકુંડમાં સાધુઓના શાહી સ્નાન સાથે પાંચ દિવસીય મેળાની પૂર્ણાહુતિ થઈ. કહેવાય છે કે, મહાશિવરાત્રિના દિવસે ખુદ ભગવાન શિવ અહીં સાધુ સ્વરૂપે હાજરી આપે છે.મહાશિવરાત્રિના દિવસે સવારથી જ ભવનાથમાં ભાવિકોનું ઘોડાપૂર ઉમટ્યું. રવેડીમાં નાગા સાધુઓના અવનવા કરતબો જોવા મળ્યા હતા. રવેડીમાં સાધુઓના દર્શન કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. ભવનાથના પાંચ દિવસીય મેળાની 25 લાખથી વધુ ભાવિકોએ મોજ માણી હતી.

મહાશિવરાત્રિની રાત્રે મૃગીકુંડમાં સાધુઓના શાહી સ્નાન સાથે પાંચ દિવસીય મેળાની વિધિવત પૂર્ણાહુતિ થઈ ચૂકી છે. મહાશિવરાત્રિના દિવસે સવારથી જ ભવનાથમાં ભકતોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા રવેડીના રૂટ પર તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

મહાશિવરાત્રિની રાત્રે ભવનાથમાં રવેડી નીકળી હતી. જેમાં અલગ અલગ અખાડાના સાધુઓ સામેલ થયા હતા. રવેડીમાં અવનવા કરતબ જોવા મળ્યા હતા. રવેડીમાં સાધુઓના દર્શન માટે બપોરથી જ લોકો રસ્તાની બંને તરફ ગોઠવાઈ ગયા હતા. સાધુઓના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

નીકળતા જ ભવનાથના રસ્તાઓ પર હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠ્યો હતો. સાધુઓની સાથે એક વિદેશી નાગરિક પણ ઝૂમતા જોવા મળ્યો હતો.રવેડી પૂર્ણ થયા બાદ સાધુઓ ભવનાથ મંદિર પર પહોંચ્યા હતા. અહીં આરતી પૂર્ણ થયા બાદ સાધુઓએ મૃગીકુંડમાં ડૂબકી લગાવી હતી. સાધુઓની ડૂબકી બાદ મેળાની વિધિવત પૂર્ણાહુતિ થઈ હતી.મૃગીકુંડમાં સાધુઓ જ્યારે સ્નાન કરી રહ્યા હતા ત્યારે જ અનેકવાર વિવાદોમાં ઘેરાઈ ચૂકેલી કીર્તિ પટેલ પણ ભગવા કપડામાં સ્નાન માટે પહોંચી હતી. કુંડમાં ઉતરીને ડૂબકી લગાવી હતી.જેની જાણ વહીવટીતંત્રને થતા તેને ત્યાંથી દૂર કરવાનો પ્રયાસ પણ કરાયો હતો.નોમથી શરૂ થયેલા મેળાની મહાશિવરાત્રિના દિવસે પૂર્ણાહુતિ થઈ. વહીવટીતંત્રના આંકડા મુજબ પાંચ દિવસ દરમિયાન ૯ લાખથી વધુ ભાવિકોએ મેળાની મોજ માણી હતી.



**• સંક્ષીપ્ત સમાચાર**

### આ વર્ષે બટાકાનું 3.8 લાખ ટન વધુ ઉત્પાદન થતાં ભાવ ગગડ્યા

• પાલનપુર

આ વર્ષે બટાકાનું 3.08 લાખ ટન વધુ ઉત્પાદન થતાં ભાવ ગગડ્યા છે. ગત વર્ષે 15.62 લાખ ટન કરતાં આ વર્ષે 18.70 લાખ ઉત્પાદન વધુ મળ્યું હતુ. બનાસકાંઠા જિલ્લામાં ખેતરમાંથી બટાકા બજારમાં આવી ગયા છે. જોકે ખેડૂતોને ગતવર્ષ કરતાં ભાવમાં 50 ટકા જેટલું નુકશાન થઈ રહ્યું છે. તેના કારણો અંગે ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી અમૃતભાઈ જોષીએ જણાવ્યું હતુ કે, ચાલુ વર્ષે જિલ્લામાં કુલ 64,948 હેકટરમાં વાવેતર થયું હતુ.જે ગત વર્ષે 52089 હેકટર હતુ. ગત વર્ષ કરતાં 12,859 હેકટરમાં વાવેતર વધ્યું છે. જેથી ગત વર્ષના 15.62 લાખ ટન ઉત્પાદન કરતાં વધુ 18.70 લાખ ટન બટાકા બજારમાં આવ્યા છે.ખેડૂતોને ગતવર્ષે 20 કિલોના રૂપિયા 150થી 400 કરતાં વર્તમાન સમયે 50 ટકા ઓછો ભાવ 90 થી 150 એટલા માટે મળી રહ્યો છે કે, બનાસકાંઠા ઉપરાંત સાબરકાંઠા, પાટણ ઉપરાંત અન્ય રાજ્યોમાંથી બટાકાની આવક વધી છે. સામે બજારમાં બટાકાની ખપત ઓછી થઈ છે. પાડોશી દેશોમાં નિકાસ ઓછી થઈ રહી છે.

### લગ્નપ્રસંગના જમણવારમાં જંગલના રાજાની એન્ટ્રી

# મંડપ નીચે ભોજનના કાઉન્ટર આસપાસ આંટાફેરા કર્યા,સિંહ પરિવાર જાણે ભોજન સમારંભમાં પધાર્યો હોય તેવા દ્રશ્યો

**જૂનાગઢના પ્લાસવા ગામે યોજાયેલા લગ્નના ભોજન સમારંભમાં ત્રણ સિંહ જોવા મળ્યા**

• જુનાગઢ

જૂનાગઢના પ્લાસવા ગામે યોજાયેલા લગ્નપ્રસંગના ભોજન સમારંભમાં એક સિંહ પરિવારે પહોંચી મંડપ નીચે આંટાફેરા કર્યા હતા. જેના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. ભોજન સમારંભના મંડપ નીચે કાઉન્ટર આસપાસ સિંહ પરિવાર આંટાફેરા કરતો જોવા મળી રહ્યો છે.જુનાગઢના પ્લાસવા ગામ નજીક આવેલા આયોજિત પ્રસંગમાં અચરજ ફેલાઈ ગયું જ્યારે જમણવારની તૈયારીઓ વચ્ચે સિંહ પરિવાર વગર આમંત્રણે મહેમાન બનીને પહોંચી ગયો હતો. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા આ અદભૂત વીડિયોમાં જોઈ શકાય છે કે જ્યાં મહેમાનો માટે ભોજન પીરસવા માટેના ટેબલો ગોઠવાયેલા છે અને ભોજન તૈયાર છે, બરાબર તે જ મંડપ નીચે સિંહ પરિવાર પોતાની ઠાઠથી આંટાફેરા મારી રહ્યા છે. આ દ્રશ્ય જોઈને ત્યાં હાજર લોકો સ્તબ્ધ થઈ ગયા હતા, પરંતુ સિંહોની આ સહજ અવરજવરને કેટલાક ઉત્સાહી લોકોએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધી હતી. વીડિયોમાં સ્પષ્ટપણે ત્રણથી વધુ સિંહો મંડપની નીચે અને આસપાસ ફરતા જોવા મળે છે, જે જાણે જમણવારના પ્રસંગની શોભા વધારવા આવ્યા હોય તેવું લાગી રહ્યું છે. આ ઘટનાની સૌથી આશ્ચર્યજનક બાબત એ હતી કે સિંહો માનવ વસ્તી કે લાઈટિંગથી ડર્યા વગર ખૂબ જ શાંતિથી મંડપની નીચે ફરી રહ્યા હતા. એક તરફ ટેબલ પર ભોજન પડેલું હતું, તો બીજી તરફ અંધારામાં મંડપની બિલકુલ સામે જ સિંહ પરિવારના અન્ય સભ્યો આરામ ફરમાવી રહ્યા હોય તેવા દ્રશ્યો પણ કેમેરામાં કેદ થયા છે. પ્લાસવાના પાટીયા પાસે આવેલા આ પ્લોટમાં જે પ્રકારે સિંહ પરિવાર સહકુટુંબ પહોંચ્યો, તેને જોઈને સ્થાનિકોમાં એવી ચર્ચા જાગી છે કે જાણે સિંહો ભોજન સમારંભના આમંત્રણને માન આપીને પ્રસંગમાં હાજરી આપવા આવ્યા હોય. સિંહોની આ શાહી સવારીએ આખા પ્રસંગને એક રોમાંચક વળાંક આપી દીધો હતો.ગીરનારના જંગલ અને તેની આસપાસના વિસ્તારોમાં સિંહોનો વસવાટ હવે માત્ર જંગલ પૂરતો મર્યાદિત રહ્યો નથી. ગીરનાર જંગલ વિસ્તારમાં હાલ 54 થી વધુ સિંહો વસવાટ કરી રહ્યા છે અને શિકારની શોધમાં તેઓ અવારનવાર રહેણાંક કે રેવન્યુ વિસ્તારમાં આવી ચઢતા હોય છે.



### કચ્છમાં માત્ર 120 કલાકમાં 16 માનવજિંદગીનો કરૂણ અંત

• ભુજ

કચ્છમાં માત્ર 120 કલાક (પાંચ દિવસ)ના ટૂંકા ગાળામાં 13 જેટલા ગંભીર અકસ્માતોમાં 16 લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. તમામ ઘટનાઓનું એનાલિસિસ કરવામાં આવ્યું ત્યારે કેટલાક ચોંકાવનારા 'કોમન પોઈન્ટ્સ' અને પેટર્ન સામે આવી છે, જે તંત્ર અને જનતા બંને માટે લાલબત્તી સમાન છે. ખાસ કરીને હાઈવે રક્તરંજિત બન્યા છે. જેમાં સામખિયાળી-મોરબી હાઈવે પર કટારિયા પાસે અજન્તા કંપની નજીક રોડના કામને કારણે ધીમા પડેલા બાઈકને પાછળથી આવેલા અજાણ્યા વાહને ઉડાવતા પાટણના 45 વર્ષીય ચાલકનું મોત થયું હતું, જ્યારે અન્ય એક ઘટનામાં ઉત્તરાખંડના યુવકે પણ જીવ ગુમાવ્યો હતો.સાંજના 6થી રાતના 11નો 'ડેથ ટાઈમ': આ તમામ અકસ્માતોમાં સૌથી સામાન્ય બાબત 'સમય' છે. કુલ 12 બનાવોમાંથી 9 જેટલા બનાવો સાંજે સુરજ આથમ્યા બાદ એટલે કે સાંજે 6 વાગ્યાથી રાત્રિના 11 વાગ્યાની વચ્ચે બન્યા છે.આ આંકડા સૂચવે છે કે સાંજના સમયે વિઝિબિલિટી ઓછી હોવી, વાહનચાલકોમાં ઘરે પહોંચવાની ઉતાવળ અને હાઈવે પર હેવી ટ્રાફિકનું દબાણ જીવલેણ સાબિત થઈ રહ્યું છે.મૃત્યુ પામનારાઓમાં મોટાભાગના લોકો ટુ-વ્હીલર (બાઈક કે એક્ટિવા) ચાલકો છે. ભુજ હોય, મુન્દ્રા હોય કે સામખિયાળી હાઈવે, ટુ-વ્હીલર ચાલકો તોતિંગ વાહનો સામે લાચાર બની રહ્યા છે. મુન્દ્રામાં 13 વર્ષીય માસૂમ ટ્રેલર નીચે કચડાઈ ગયો, તો ભુજમાં બે જીવલેણ અકસ્માતો ભારે વાહનોનો ભોગ ટુ-વ્હીલર સવારો જ બન્યા હતાં. આ દર્શાવે છે કે કચ્છના હાઈવે પર ટુ-વ્હીલર લઈને નીકળવું કેટલું જોખમી છે.જીવલેણ અકસ્માતો પાછળ ખરાબ રસ્તા અને નબળી કામગીરી પણ જવાબદાર:અકસ્માત માટે તંત્રની બેદરકારી પણ એટલી જ જવાબદાર છે.

### અમરેલીનાં ઉત્સાહી, મહેનતું અને પ્રતિભાશાળી એડવોકેટ શ્રી પિન્ટુ ગોરખીયા

# અમરેલીનાં પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટના જજ શ્રી રિઝવાના બુખારી મેડમનો હુકમ

• જાફરાબાદ

આ ઘટનાની ટૂંકી હકીકત એવી છે કે, સદરહુ કામનાં ફરિયાદીએ કોઈ અજાણ્યાં ચોર ઈસમો વિરુદ્ધ રાત્રીના સમય દરમિયાન પોતાના બાબરા નીલવડા રોડ, જી. આઈ. ડી. સી. નંબર -2માં આવેલ ગોડાઉનની દીવાલ કૂદી, અંદર ઉતરી, ગોડાઉનમાં રાખેલ એલ્યુમિનિયમ વાયરોની રીંગો કે જેનું વજન આશરે 60 કિલો અને જેની કિંમત આશરે 15,000/- તથા LT - ABC કેબલના ત્રણ ડ્રમ કે જેની કિંમત આશરે રૂપિયા 1,50,000/- ગણાય એમ કુલ 1,65,000/- ની ચોરી કરીને ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કર્યા વિગેરે બાબતે આરોપીઓ વિરુદ્ધ બાબરા પોલીસ સ્ટેશન ખાતે બીએનએસ ની કલમ - 305 ( એ ), 331 (4),54,112 (2) અન્વયે ગંભીર પ્રકારની ચોરીની ફરિયાદ નોંધાયેલ તેમજ આરોપીઓ ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા હોવાના કારણે અગાઉ નામદાર સેશન્સ કોર્ટ દ્વારા આરોપીઓની આગોતરા જામીન અરજી ના - મંજૂર પણ કરવામાં



આવેલ. ત્યારબાદ આરોપીનાં સગાં વ્હાલાઓએ અમરેલીનાં ઉત્સાહી, મહેનતું અને પ્રતિભાશાળી એડવોકેટ શ્રી પિન્ટુ ગોરખીયા ( પ્રશાંત કંસારા ) નો સંપર્ક કરતાં, વકીલ શ્રી પિન્ટુભાઈ દ્વારા સદરહુ ગુન્હાના કામે આરોપીઓના રોલ મૂજબ તમામ આરોપીઓની અલગ - અલગ જામીન અરજીઓ તૈયાર કરવામાં આવેલ.જેમાં ફરિયાદ અજાણ્યાં ઈસમો વિરુદ્ધ આપવામાં આવેલ હોય,આરોપીઓને અલગ અલગ નામદાર કોર્ટો દ્વારા જુદા જુદા પ્રકારની ચોરીના કેસોમાં નિર્દોષ ઠરાવીને છોડી મૂકવામાં આવેલ હોય તેમજ અમુક કેસો હજુ પણ પેન્ડિંગ હોય તેવા સંજોગોમાં જ્યાં સુધી આરોપીઓ દોષિત સાબિત ન થાય ત્યાં સુધી તેઓને નિર્દોષ માનવામાં આવે છે તેવો જામીનનો મૂળભૂત સિદ્ધાંત હોય તેમજ કેસની ટ્રાયલ ચાલવામાં ઘણો લાંબો સમય જવાની શક્યતા રહેલી હોય અને લાંબા સમય સુધી ટ્રાયલ ચાલે તેવા સંજોગોમાં આરોપીઓને અનિશ્ચિત સમય સુધી કેદમાં રાખવું એ પ્રિ-ટ્રાયલ પનિશમેન્ટ સમાન હોય અને તે ન્યાયના સિદ્ધાંતોની વિરુદ્ધમાં હોય તેવા પ્રકારની જામીન અરજીને લગતી કાયદા આધારિત તર્કસંગત દલીલો, જામીનનાં મૂળભૂત સિદ્ધાંતોને લગતી ઝીણવટ ભરી રજૂઆતો, જામીન મંજૂર કરવા માટેની બંધારણની જોગવાઈઓ અંગેની ધારદાર દલીલો તેમજ જામીન મંજૂર કરવા અંગેનાં ગુજરાત હાઈકોર્ટનાં અને ભારતની સુપ્રિમ કોર્ટનાં રિલેવન્ટ ચુકાદાઓ ઉપરાંત એડવોકેટ શ્રી પિન્ટુભાઈ દ્વારા આરોપીઓ પેન્ડિંગ કેસો દરમ્યાન નામ. ટ્રાયલ કોર્ટ સમક્ષ દરેક મુદતોએ હાજર રહ્યા અંગેના રજૂ કરવામાં આવેલા

### મૃતદેહ મળી આવ્યો:ભાટસણમાં તળાવમાં ડૂબી ગયેલ મહિલાનો 24 કલાકની શોધખોળ બાદ મૃતદેહ મળ્યો

• નાયતા

ભાટસણ ગામની ઠાકોર કમળાબેન કાન્તિજી નામની મહિલા કોઈ કારણોસર ડીસાના વેળાવાપુરા વિસ્તારમાં આવેલા તળાવના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. રવિવારે તળાવના કિનારેથી મહિલાની સાડી અને નાકમાં પહેરવાની સોનાની ચુની મળી આવતા પરિવારે તાત્કાલિક પોલીસ અને ફાયર વિભાગને જાણ કરતા પાલનપુર ફાયર વિભાગની ટીમ રેસ્ક્યૂ સાધનો સાથે ઘટનાસ્થળે પહોંચી શોધખોળ શરૂ કરી હતી.તળાવમાં પાણીનું સ્તર વધુ હોવાને કારણે રેસ્ક્યૂ ઓપરેશનમાં ભારે મુશ્કેલીઓ પડી હતી, તેમ છતાં ફાયર વિભાગની ટીમે સતત 24 કલાક સુધી મેરેથોન જહેમત ઉઠાવી હતી. અંતે સોમવારે સવારે 10 વાગ્યાના અરસામાં મહિલાનો મૃતદેહ શોધી કાઢવામાં આવ્યો હતો. જ્યારે મૃતદેહને પાણીની બહાર કાઢવામાં આવ્યો ત્યારે ત્યાં હાજર સ્વજનોમાં ભારે આક્રંદ જોવા મળ્યો હતો અને સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. ડીસા પોલીસના કાફલાએ સ્થળ પર પહોંચી જરૂરી પંચનામું કર્યું હતું અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. પોસ્ટમોર્ટમની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ લાશ વાલીવારસોને સોંપવામાં આવી હતી. ડીસા પોલીસના કાફલાએ સ્થળ પર પહોંચી જરૂરી પંચનામું કર્યું હતું અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. પોસ્ટમોર્ટમની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ લાશ વાલીવારસોને સોંપવામાં આવી હતી.

### જાફરાબાદ તાલુકાના બાલાનીવાવ ગામે આવેલ રાજય અનામત પોલીસ દળ જુથ-૨૧ ની શરૂ

# બાલાનીવાવ ગામે આવેલ રાજય અનામત પોલીસ દળ જુથ-૨૧ ની શરૂ કરેલ કામગીરી દિવાલનાં કામમાં ભ્રષ્ટ્રાચાર ની આશંકા

• જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના બાલાનીવાવ ગામે આવેલ રાજય અનામત પોલીસ દળ જુથ-૨૧ ની શરૂ કરેલ કામગીરી દિવાલનાં પુટીંગકામમાં પ્લાન એસ્ટીમેન્ટ મુજબ કામ ન થતા અને કામમાં મસ મોટો ભ્રષ્ટ્રાચાર આચરવામાં આવી રહ્યો હોય જેથી વિજિલન્સ તપાસ કરવા માંગ કરવામાં આવી રહી છે બાલાનીવાવ ના સરપંચશ્રી તથા ઉપસરપંચશ્રી ગ્રામ પંચાયત દ્વારા રૂબરૂ સ્થળ તપાસ કરતાં જાફરાબાદ તાલુકાનાં બાલાનીવાવ ગામે આવેલ રાજય અનામત પોલીસદળ જુથ-૨૧ ની શરૂ કરેલ કામગીરી દિવાલના પુટીંગકામમાં પ્લાન એસ્ટીમેન્ટ મુજબ કામ કરવામાં આવેલ નથી અને આ કામમા ભયંકર પ્રમાણમાં ભ્રષ્ટ્રાચાર આચરવામાં આવી રહ્યો હોય તેવું દ્રશ્યો જોવા મળી રહ્યા છે તેમજ માલ-મટીરીયલ્સની ગુણવતા પણ તદન હલકીકક્ષાની વાપરવામાં આવી રહી હોય જે દ્રશ્યો જોતા જ લાગી રહ્યું છે. કોલમનાં પુટીંગમાં બ્લેક લબર વાપરવાની જગ્યાએ જીએસબીનું મટીરીયલ નો ઉપયોગ કરીને કામ ચાલુ કરી દેવામાં આવ્યું છે જે બાઉન્ડ્રીવોલનુ કામ આર.સી. સી.કામ થયેલ છે તેમાં દરેક જગ્યાએ અત્યારથી જ ક્રેક થયેલ જોવા મળી રહ્યા છે. બીલ્ડીંગનુ ખોદકામ કરેલ છે તેમાં બ્લેક લબર વાપરવાની જગ્યાએ જીએસબીનું તદન હલકી ગુણવતાનુ મટીરીયલ વાપરવામાં આવી રહ્યું છે, આ કામ માં જે રેતી નો ઉપયોગ કરવામાં આવે છે તેપણ ખૂબજ નબળી



ગુણવતાવાળી વાપરવામાં આવે છે. આર.સી. સી.કામ કર્યા પછી RMC ઓટોમેટીક પ્લાન ઉભો કરેલ છે જેથી કરીને ક્રોકીટની ગુણવતા જળવાતી નથી. આ કામમાં જે પાણી નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે એ પાણી પણ ખારાશવાળુ વાપરવામાં આવે છે જેના લીધે ક્રોકીટ ઠેક ઠેકાણે ક્રેક થયેલી જોવા મળી રહી છે આ વિસ્તારની રેતી નેરાની એકદમ હલકી ગુણવતાવાળી અને ધુળવાળી રેતીનો ઉપયોગ રબર પીસીંગમાં કરવામાં આવે છે. શરુ કરેલ કામમાં ટેન્ડરમાં દર્શાવેલ નિતિ નિયમ કે પ્લાન એસ્ટીમેન્ટ મુજબ કોઈપણ પ્રકારનુ કામ થતુ નથી અને આ કામ માં ખુલ્લેઆમ ભ્રષ્ટ્રાચાર કરવામાં આવી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. તેમજ આ કામમાં કોન્ટ્રાક્ટ દ્વારા સરકાર શ્રી ના આદેશ મુજબ આ કામમાં વાપરવા માં આવતી સીમેન્ટ અને ક્રોકરેટનુ પ્રમાણ યોગ્ય રીતે ન હોવાનો તેમજ ટેકનીકલી ધોરણો અને નકશા મુજબ કામ થતુ નથી તેમજ યોગ્ય દેખરેખ અને ગુણવતા નિયંત્રણોનો અભાવ પણ જોવા મળે છેદ્રશ્યો જોતા જ આ કામ એક કહેવત છે ને કે 'લોટ પાણી અને લાકડા' એ કહેવત મુજબ કામ કરવામાં આવી રહ્યું હોય આ પરીસ્થિતીને ધ્યાનમાં રાખી આ કામમાં કોઈ ની પણ સેહ સરમ રાખ્યા વગર તાત્કાલીક વિજિલન્સ તપાસ કરાવી કામગીરીની ગુણવતા ચકાસવા તથા જરૂરી સુધારાત્મક પગલા લેવા માટે માંગ કરવામાં આવી રહીછે. જેથી કરી ને ભવિષ્યમાં રહેવાસીઓની સુરક્ષા અને સરકારી સંપતિઓનુ સરંક્ષણ સુનિશ્રિત થાય. આ સરકારશ્રી દ્વારા ૩૫-કરોડનુ ટેન્ડર બહુસ્મરણા કન્સ્ટ્રકશન કંપની મહેસાણા ની એજન્સીને ફાળવવામાં આવેલું છે, એજન્સી દ્વારા ખુલ્લેઆમ ભ્રષ્ટ્રાચાર કરવામાં આવી રહ્યો હોય બહુસ્મરણા કન્સ્ટ્રકશન કંપની મહેસાણાને બ્લેક લીસ્ટ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.આ કામમાં સ્થાનિક એસ.ઓ.ની પણ મીલીભગત હોય તેવુ લોકો દ્વારા કહેવામાં આવી રહ્યું છે તેમજ એસ.ઓ.ની તાત્કાલીક બદલી કરવામાં આવે તેવી પણ લોકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે

હવે લોકો એ જોવાનું એ જ રહ્યું કે આ કામમાં જવાબદાર તંત્ર દ્વારા તાત્કાલિક તટસ્થ કાર્યવાહી કરી કામમાં ચાલી રહેલો મસમોટો ભ્રષ્ટાચાર સામે લાવશે કે પછી 'તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ' એ મુજબ તપાસ કરવામાં આવશે તો હવે લોકો એ જોવાનું જ રહ્યું કે તટસ્થ તપાસ થસે કે પછી.. .?

# નવી નક્કોર બોલેરો પીકઅપમાં ચોરખાનું બનાવી દારૂની હેરાફેરી:પેરોલ-ફર્લો સ્કવોડે 1056 બોટલ સાથે એકની ઝડપી પાડ્યો; અન્ય આરોપીની શોધખોળ

• ભાવનગર

ભાવનગર પેરોલ ફ્લો સ્કવોડ પોલીસને પેટ્રોલિંગ દરમિયાન ખેતાખાટલી ગામેથી ઈંગ્લિશ દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે. મહિન્દ્રા મેકસેસ બોલેરો પીકઅપમાં બનાવવામાં આવેલા ચોરખાનામાં સંતાડીને લાવવામાં આવેલ 180 એમએલની 1056 બોટલો સહિત કુલ રૂ. 11,34,472નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે રાજસ્થાનના એક શખ્સને ઝડપી લીધો છે, જ્યારે અન્ય ત્રણ શખ્સોને ઝડપી પાડવા પોલીસ દ્વારા તજવીજ શરૂ કરવામાં આવી છે. બનાવ અંગે વેળાવદર ભાલ પોલિસ સ્ટેશન ખાતે પ્રોહિબિશન હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ભાવનગર એલસીબી કચેરીથી મળતી માહિતી મુજબ, 15 ફેબ્રુઆરીના રોજ ભાવનગર પેરોલ-ફર્લો સ્કવોડનો પોલીસ સ્ટાફ ભાવનગર શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમ્યાન ભાવનગર નજીકનાં કાળાતળાવ રહેતા વિજય હમીરભાઈ મેર અને રાજસ્થાનનો ભજનલાલ સુખરામ વરાડ મહિન્દ્રા કંપનીની મેકસેસ બોલેરો પીકઅપ નંબર વગરની નવી ગાડીમાં પરપ્રાંતીય ઈંગ્લિશ દારૂનો જથ્થો ભરી વેચાણ માટે લાવ્યા છે. તેમજ આ દારૂ ભરેલી ગાડી ખેતાખાટલી ગામે, પાતા વિસ્તારમાં સોલારવાળા રોડ ઉપર આવેલ વિજય મેરના તબેલા (વાડા) માં સંતાડી રાખવામાં આવી હોવાનું અને આ દારૂ સગેવગે કરવાની તૈયારીમાં હોવાનું જાણવા મળ્યું હતું. જે બાતમીના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી, પોલીસ તપાસ દરમ્યાન બોલેરો પીકઅપ ગાડીના પાછળના ભાગમાં બનાવેલા ચોરખાનામાંથી 180 એમએલની 1056 પ્લાસ્ટિક બોટલો કિં.રૂ. 3,29,472 કિંમતની અને મહિન્દ્રા મેકસેસ બોલેરો ગાડી કિં.રૂ. 8,00,000 તેમજ એક મોબાઈલ ફોન કિં.રૂ. 5,000 મળી કુલ કિં.રૂ.11,34,472નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ભજનલાલ સુખરામ વરાડ (ઉં.વ. 26) ને ઝડપી પાડી પૂછપરછ કરતા વિજય હમીરભાઈ મેર, નિતેષ પરમાર (બંને રહે. ભાવનગર) તેમજ સુરેશ ભાખરારામ (રહે. રાજસ્થાન)ના નામ ખુલ્યા હતા.



# નખત્રાણા નગરપાલિકાએ 1.98 લાખનો ચેક આપતા PGVCL વીજ પુરવઠો પૂર્વવત કર્યો

• નખત્રાણા

નખત્રાણા શહેરમાં ગતરોજ નગરપાલિકાના કારણે છવાયેલા અંધકાર બાદ આખરે આજે ફરી અજવાળા પથરાયા છે. નગરપાલિકા દ્વારા વીજ કંપનીને રૂ. 1,98,000નો ચેક આપવામાં આવતા પીજીવીસીએલ દ્વારા માનવતાના ધોરણે સ્ટ્રીટ લાઈટ અને વોટર સપ્લાયના વીજ જોડાણો પૂર્વવત કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, નગરપાલિકાનું વોટર સપ્લાય, ગ્રામ્ય અને સ્ટ્રીટ લાઈટનું મળીને કુલ 5 કરોડ રૂપિયાથી પણ વધુનું વીજ બિલ બાકી હતું. જેના કારણે વીજતંત્રએ લાલ આંખ કરી મણિનગર, મુખ્ય બજાર અને હાઈવે સહિતના મહત્વના વિસ્તારોના જોડાણ કાપી નાખ્યા હતા.જોકે, પાલિકાએ તાત્કાલિક ધોરણે 1.98 લાખનો ચેક જમા કરાવતા અને બાકીની રકમ ભરવાની ખાતરી આપતા મામલો થાળે પડ્યો છે.પીજીવીસીએલના નાયબ ઈજનેર એચ.એસ. ગોહિલે જણાવ્યું કે, નગરપાલિકા તરફથી અમને ચેક મળ્યો છે. જોકે, ગ્રામ્ય વિસ્તારના 10 લાખ અને વોટર સપ્લાયના કરોડો રૂપિયા હજુ બાકી છે. પરંતુ પાણી અને સ્ટ્રીટ લાઈટ જેવી સુવિધાઓ જીવન જરૂરિયાતની હોવાથી સામાન્ય જનતાને મુશ્કેલી ન પડે તે હેતુથી અમે 'માનવતાના ધોરણે' વીજ પુરવઠો ચાલુ કર્યો છે.

# લાખણીમાં હાઈવે ગટરલાઈન કામમાં ભ્રષ્ટાચારની રાવ: "પાક્કો ગુજરાત"ના અહેવાલ બાદ ગાંધીનગરથી ટીમ દોડી આવી

• લાખણી



લાખણીમાં વાસણા ત્રણ રસ્તાથી જીઓ પેટ્રોલ પંપ સુધી ચાલી રહેલા અંદાજિત 25 કરોડના હાઈવે પ્રોજેક્ટમાં ગટરલાઈન કામ અંગે ઉઠેલા આક્ષેપો પ્રખ્યાત દૈનિક પાક્કો ગુજરાત બુલેટીનમાં પ્રસિદ્ધ થતા જ તંત્ર હરકતમાં આવ્યું છે. અહેવાલ બાદ ગાંધીનગરથી ટેક્નિકલ ટીમ લાખણી પહોંચી હતી અને સ્થળ પર જઈ ગટરલાઈનના વિવિધ ભાગોમાંથી સેમ્પલ એકત્રિત કર્યા હતા.માહિતી મુજબ, ટીમે કૉન્ક્રિટ સહિતની બાંધકામ સામગ્રીના નમૂનાઓ લઈ લેબોરેટરી તપાસ માટે મોકલ્યા છે.તપાસ રિપોર્ટ આવ્યા બાદ જ કામની ગુણવત્તા અંગે સ્પષ્ટતા થશે તેવી શક્યતા છે.આ સમગ્ર મામલે સંબંધિત અધિકારીઓનો સંપર્ક કરતાં તેમણે આ કાર્યવાહી 'રૂટિન ચેકઅપ' હોવાનું જણાવ્યું હતું. જોકે વધુ વિગતો અંગે પ્રશ્ન પૂછતાં તેમણે સ્પષ્ટ જવાબ આપવાનું ટાળ્યું હતું. અધિકારીઓના આ વલણને કારણે લોકોમાં શંકા વધુ ગાઢ બની રહી છે.ઉલ્લેખનીય છે કે અગાઉ સ્થાનિક જાગૃત યુવાનો દ્વારા ગટરલાઈનના કામમાં હલકી ગુણવત્તાના આક્ષેપો સાથે વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યો હતો, જેને પગલે ગ્રામજનોમાં રોષ ફાટી નીકળ્યો હતો અને એસ્ટીમેટ પ્લાન તથા મંજૂર નકશા જાહેર કરવાની માંગ ઉગ્ર બની હતી.

હવે સમગ્ર લાખણી વિસ્તારની નજર તપાસના પરિણામ પર ટકેલી છે. શું સેમ્પલ ટેસ્ટમાં હકીકત બહાર આવશે કે 'રૂટિન ચેકઅપ'નો દાવો જ સાચો સાબિત થશે?

અહેવાલ: મુકેશ સોની, લાખણી

## વિરોધ


### વિકાસના કામો ન થતા હોવા અને ગ્રાન્ટનો દુરુપયોગ થતો હોવાના આક્ષેપો

# રાહ તાલુકાના અરટંવા-કોચલા પંચાયત સામે વિકાસના કામો ન થતા ભસ્તાચારના આક્ષેપ

### કોચલા ગામના ગ્રાવજનોની ગેરરીતિની તપાસ કરવા કલેક્ટર અને DDOને લેખિતમાં રજૂવાત

• અહેવાલ પ્રધાનજી ઠાકોર

અરટંવા અને કોચલા ગ્રુપ ગ્રામ પંચાયતમાં વિકાસના કામો ન થતા હોવા અને ગ્રાન્ટનો દુરુપયોગ થતો હોવાના આક્ષેપો સાથે ગ્રામજનોએ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે. ગ્રામજનોએ આ મામલે તાત્કાલિક તપાસ અને જવાબદારો સામે કાર્યવાહીની માંગ કરી છે. ગ્રામજનોએ તેમની રજૂઆતમાં જણાવ્યું હતું કે, છેલ્લા સાડા ત્રણ વર્ષથી પંચાયત બોડી ચૂંટાયેલી હોવા છતાં બંને ગામોમાં કોઈ વિકાસના કામો થયા નથી. તેમને શંકા છે કે ગ્રામ વિકાસ માટે આવતી ગ્રાન્ટનો દુરુપયોગ થઈ રહ્યો છે. 'જૂના આર.સી.સી. રોડ પર જ નવો રોડ' હાલમાં ચાલી રહેલા આર.સી. સી. રોડના કામ અંગે પણ ગ્રામજનોએ સવાલો ઉઠાવ્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે જૂના આર.સી.સી. રોડ પર જ નવો રોડ બનાવવામાં આવી રહ્યો છે અને તેમાં યોગ્ય ગુણવત્તાવાળું મટિરિયલ વાપરવામાં આવ્યું નથી, જેના કારણે ભારે વાહનો પસાર થતાં રોડ તૂટી જવાનો ભય છે. 'મનમરજીથી જૂના ઠરાવોમાં જગ્યાઓ બદલી' આ ઉપરાંત, નવા ગામતળ ઉપરથી જેટકોની હેવી લાઈન નાખવામાં આવી છે, જેના વિશે પંચાયતમાં પૂછતા કોઈ સંતોષકારક જવાબ મળ્યો નથી. ગ્રામજનોએ એવો પણ આક્ષેપ કર્યો છે કે પંચાયત બોડીએ પોતાની મનમરજીથી જૂના ઠરાવોમાં જગ્યાઓ બદલી છે અને ઘણા ઠરાવો પણ બદલ્યા છે. આવા ઠરાવો કરતી વખતે કોઈ ગ્રામસભા બોલાવવામાં આવતી નથી 'તળાવની સફાઈના બહાને પુરાણ કરી દેવાયું'કોચલા ગામના મધ્યમાં આવેલા તળાવની સફાઈના બહાને પુરાણ કરી દેવામાં આવ્યું છે. આ તળાવનું ધાર્મિક મહત્વ હોવા છતાં ગેરરીતિ આચરીને પુરાણ કરાયું છે. તળાવમાં પુરાણ થવાને કારણે ચોમાસામાં પાણીનો નિકાલ થતો નથી અને ઘરોમાં પાણી ભરાઈ જાય છે, જેનાથી આર્થિક નુકસાન થાય છે. તાત્કાલિક તપાસની માંગ ગ્રામજનોએ માંગ કરી છે કે સરકારી નાણાંનો યોગ્ય ઉપયોગ થાય અને કામો નિયમ મુજબ પૂર્ણ થાય તેની તાત્કાલિક તપાસ કરવામાં આવે. તેમણે જવાબદાર વ્યક્તિઓ સામે યોગ્ય કાર્યવાહી કરવા, સંબંધિત કામોની તકનીકી તપાસ કરાવવા અને ખર્ચના હિસાબોનું ઓડિટ કરાવવા વિનંતી કરી છે, જેથી સત્ય બહાર આવી શકે અને ગામના હિતોનું રક્ષણ થઈ શકે.





# ડાંગ: અનુદાનના અભાવે 'ખિલખિલાટ' સેવા ખોરવાઈ, પ્રસૂતાઓ અને નવજાત શિશુઓ મુશ્કેલીમાં

• આહવા/ડાંગ

ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં માતાઓ અને નવજાત શિશુઓ માટે આશીર્વાદ સમાન ગણાતી 'ખિલખિલાટ' વાન સેવા હાલમાં ગંભીર સંકટમાં છે. પૂરતા અનુદાન (ગ્રાન્ટ) ના અભાવે જિલ્લામાં કાર્યરત 4 વાનમાંથી 2 વાન સેવાઓ એકસાથે બંધ કરી દેવામાં આવતા આરોગ્ય ક્ષેત્રે અનેક પ્રશ્નો ઊભા થયા છે.સેવામાં કાપ: સુબીર CHC અને પીપરી PHC ખાતેની વાન સેવાઓ બંધ થતા હવે માત્ર 2 વાન પર સમગ્ર જિલ્લાનો ભાર આવી ગયો છે.પરિવહનમાં વિલંબ: જિલ્લામાં જન્મદર ઊંચો હોવા છતાં વાહનોની સંખ્યા ઘટતા, હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ માતા અને બાળકને ઘરે પહોંચવામાં કલાકોની રાહ જોવી પડે છે.

### DILR અને SLRની મહેસુલી કચેરીઓમાં મોટા ભ્રષ્ટાચાર

# નલ સે જલ" યોજનાની તટસ્થ તપાસ થાય તો ભાજપના મોટા માથા પકડાશે, કરોડોનું કૌંભાડ :અમિત ચાવડા

**અમિત ચાવડા**

### નલ સે જલ" યોજનામાં કેન્દ્ર સરકારની ગ્રાન્ટ, કરોડોનો ભ્રષ્ટાચાર-સી.બી.આઈ. દ્વારા તપાસ કરવો : અમિત ચાવડા

નર્મદા યોજનામાં પડોશી રાજ્યો પાસે લેવાની 8,000 કરોડની રકમ ક્યારે મળશે : અમિત ચાવડા

રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશમાં પણ ભાજપની સરકાર, પ્રધાનમંત્રીશ્રી લાલ આંખ દેખાડે, ગુજરાતના હક્કના ૮૦૦૦ કરોડ અપાવે : અમિત ચાવડા

વર્ષ 2011થી ગુજરાતના ખડૂતો જમીન રી-સર્વેના ગોટાળા-કૌભાંડથી હેરાન પરેશાન : અમિત ચાવડા

ખેડૂતોની જમીન રી-સર્વેની ભૂલો સુધારવા માટેની લાખો પેન્ડીંગ અરજીઓનો વર્ષોથી નિકાલ નથી થતો, તાત્કાલિક નિકાલ કરો : અમિત ચાવડા

ભૂલો સુધારવા માટેની મંજુર અરજીઓની પણ ગામ-નકશામાં અસર કેમ નથી આપતા. : અમિત ચાવડા

DILR અને SLRની મહેસુલી કચેરીઓમાં મોટા ભ્રષ્ટાચાર, ભૂમાફિયાઓ રી-સર્વેના નામે જમીનો પચાવી પાડે છે. : અમત ચાવડા

વિધાનસભામાં બજેટ સત્ર માં પ્રશ્ન કાળ દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા પ્રેસ મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાત અને કેન્દ્રની બંને સરકારો ખૂબ બણગા ફૂંક્યા ખુબ મોટી મોટી જાહેરાત કરીને ઘરે ઘરે નલથી જલ પહોંચાડ્યું, પરંતુ વાસ્તવિકતા જનાક્રોશ યાત્રા દરમિયાન સમગ્ર ગુજરાતમાં નલ સે જલમાં મોટા પાયે ભ્રષ્ટાચાર જોવા મળ્યો હતો. કમિશન ખોર સરકારના રાજમાં ભાજપના નેતાઓ અને તેમના મળતીયાઓએ નલ સે જલ યોજના બદલે નલ સે ધન યોજના બનાવી દીધી.વિધાનસભામાં મહિસાગર જિલ્લાનો પ્રશ્ન પૂછ્યો તેમાં હકીકતો સામે આવી છે કે, કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર તો ખાલી એક જ જિલ્લામાં પકડાયો છે. તેમા પણ કાર્યવાહી માત્ર નાના એન્જિનિયરો અને કોન્ટ્રાક્ટરો સામે થઈ છે. જ્યારે ભાજપના મળતીયાઓ સામે કાર્યવાહી કરવામાં નથી આવી.નલ સે જલ યોજનાની બરોબર તપાસ થાય તો ગુજરાતનું સૌથી મોટું કૌભાંડ અને સૌથી મોટો ભ્રષ્ટાચાર ખુલ્લો પડે તેમ છે. આ યોજનામાં કેન્દ્ર સરકારના પૈસા છે તેથી કેન્દ્ર સરકાર પાસે માંગણી કરીએ છીએ કે CBI મારફત તપાસ કરાવે અને ગુજરાતમાં આ યોજનામાં ભ્રષ્ટાચાર થયો છે એ બાબતે શ્વેતપત્ર પણ બહાર પાડે.નર્મદા યોજના ગુજરાત માટે જીવાદોરી સમાન છે. આ યોજનાના પાણીને કારણે અનેક પ્રદેશોની કાયાપલટ થઈ છે. પરંતુ આ યોજનામાં ભાગીદાર રાજ્યો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન તરફથી મળવાપાત્ર હિસ્સાની રકમ સમયસર ન મળતા વિકાસના બાકી રહેલા કામો અટકી રહ્યા છે. વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં 31 જુલાઈના અંતે મધ્યપ્રદેશ પાસેથી રૂ. 5,516 કરોડ, મહારાષ્ટ્ર પાસેથી રૂ. 1,883 કરોડ અને રાજસ્થાન પાસેથી રૂ. 574 કરોડ કુલ મળીને અંદાજે લગભગ રૂ. 8,000 કરોડ લેવાના બાકી નીકળે છે. ત્રણેય રાજ્યમાં ડબલ એન્જિન સરકાર હોવા છતાં આટલી મોટી રકમ બાકી રહેવી ચિંતાજનક છે. આ રકમ પાછી મળે તો નર્મદાની બાકી રહેલી કેનાલો, સબ-કેનાલો અને છેવાડાના વિસ્તારો સુધી પાણી પહોંચાડવાના કામોને ગતિ મળી શકે.ગુજરાતની જનતા વતી માંગ છે કે કેન્દ્ર અને રાજ્ય સરકાર તાત્કાલિક હસ્તક્ષેપ કરીને પડોશી રાજ્યો પાસેથી બાકી રકમ વસૂલ કરે, જેથી નર્મદા યોજનાનો સંપૂર્ણ લાભ ગુજરાતને મળી શકે. રાજ્ય સરકારનું તો આજુબાજુના રાજ્યો નથી સાંભળતા, વડા પ્રધાનશ્રી આમાં હસ્તક્ષેપ કરે અને ગુજરાતના પૈસા પાછા અપાવેગુજરાતમાં જમીન રી-સર્વેની શરૂઆત વર્ષ 2010-11 દરમિયાન તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ના સમયમાં કરવામાં આવી હતી.

# રાજપીપલા ખાતે સરકારી બી.એડ કોલેજ ખાતે માતૃભાષા મહોત્સવની ગૌરવ ભેર ઉજવણી કરાઈ

### માતૃભાષાના જતન અને સંવર્ધન માટે સામુહિક પ્રતિજ્ઞા સમૂહમાં લેવાઈ

• રાજપીપલા, તા 17




ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, જન કલ્યાણ સેવા ટ્રસ્ટ, રાજપીપલા તથા નર્મદા સાહિત્ય સંગમ અને સરકારી બી.એડ કોલેજનાના ઉપક્રમેરાજપીપલા ખાતે માતૃભાષા દિવસ ની ઉજવણી સપ્તાહ કાર્યક્રમ હેઠળ આજે સરકારી બી.એડ કોલેજ , રાજપીપલા ખાતે યોજાયો હતો. જેમાં કાર્યક્રમમાં શ્રીમતી મંજુલાબેન ચૌધરીપ્રાચાર્યા, જિલ્લા શિક્ષણ તાલીમ ભવનરાજપીપલા તથાશ્રીમતી જ્યોતિ જગતાપપ્રમુખ, જન કલ્યાણ સેવા ટ્રસ્ટ અને કાર્યક્રમના સંયોજક ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

જ્યારે 'મળી માતૃભાષા મને ગુજરાતી ' એ વિષય ઉપર તજજ્ઞો બે વક્તાઓ જાણીતા સાહિત્યકાર, લેખક અને નર્મદા સાહિત્ય સંગમ ના પ્રમુખ દીપક જગતાપ તથા ઘનશ્યામ કુબાવત,શ્રી એસ.એમ. શાહ વિદ્યામંદિર, સાવલીના શિક્ષક અને કવિશ્રીએ માતૃભાષાનું ગૌરવ ગાન કરી જણાવ્યું હતું કેગુજરાતી ભાષા આપણી અભિવ્યક્તિનું માધ્યમ છે. માતૃભાષામાં બોલેલ વાક્ય-હૃદયને સ્પર્શી જાય છે.માતૃભાષા દિવસને ઉજવવા માટેનો ઉદેશ એ છે કે ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન મળે તથા બહુ ભાષાવાદને પ્રોત્સાહન મળે.માતૃભાષા ગૌરવનું પ્રતિક છે. આ ગૌરવ ત્યારે જ અનુભવાય જ્યારે શિક્ષણ, સંચાર, નોકરી માતૃભાષામાં સરળ હોય. ભાષાનું મહત્વ માત્ર રાષ્ટ્રીય એકતામાં જ નથી, પરંતુ દેશની સંસ્કૃતિની તાકાતમાં પણ છે. ગુજરાતી ભાષા 700 વર્ષથી પણ જૂની છે, અને 6.30 કરોડથી પણ વધુ લોકો પોતાની બોલીમાં ગુજરાતી ભાષાનો પ્રયોગ કરે છે

એ ભાષાઓ જો ખતમથઈ જશે તો એ સંસ્કૃતિ અને એ સમાજ પણ ખતમ થઈ જશે.દુનિયાની વિવિધ સંસ્કૃતિ ધરાવતા લોકો વચ્ચે સંવાદ અને સંપર્ક સાધવા તથા તેમને સમજવા માટે. દરેક સમાજની મૂર્ત કે અમૂર્ત ધરોહરને જીવંત રાખવા માટેનું સક્ષણ સાધન જો કોઈ હોય તો તે માતૃભાષા છે.

# પોરબંદરના પોતિકા ધારાસભ્ય, કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાનો ૬૯મો જન્મદિવસ

### પોરબંદરના મોઢવાડા ગામથી રાજ્યના મંત્રીમંડળ સુધીની પ્રેરણાદાયી સફર

• ગોસા(ઘેડ) તા.૧૭

ગુજરાત સરકારના વન અને પર્યાવરણ, આબોહવા પરિવર્તન તથા વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયા આજે તેમનો ૬૯મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. પોરબંદરના મોઢવાડા ગામથી શરૂ થયેલી તેમની સફર આજે ગુજરાતના મંત્રીમંડળના મહત્વના સ્તંભ સુધી પહોંચી છે. તેમના જન્મદિવસ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના રાજકીય નેતાઓ અને કાર્યકરોએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે.

મિકેનિકલ એન્જિનિયરથી જનસેવક સુધી ૧૭ ફેબ્રુઆરી, ૧૯૫૭ના રોજ પોરબંદરના મોઢવાડામાં જન્મેલા અર્જુનભાઈ વ્યવસાયે મિકેનિકલ એન્જિનિયર છે. તેમણે કારકિર્દીની શરૂઆત ગુજરાત મેરીટાઈમ બોર્ડમાં આસિસ્ટન્ટ એન્જિનિયર તરીકે કરી હતી, પરંતુ જનસેવાની લગની તેમને રાજકારણમાં ખેંચી લાવી. વર્ષ ૨૦૦૨માં પ્રથમ વખત ધારાસભ્ય બન્યા બાદ તેમણે ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના વિપક્ષના નેતા અને પ્રદેશ પ્રમુખ જેવી મહત્વની જવાબદારીઓ નિભાવી છે. હાલમાં તેઓ ભાજપ સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે રાજ્યના વિકાસમાં મહત્વનું પ્રદાન આપી રહ્યા છે.ભાષિની' અને ટેકનોલોજી પર ભારમંત્રી તરીકે અર્જુનભાઈએ હાલમાં જ ભાષિની જેવા AI ટૂલ્સ દ્વારા સરકારી વહીવટમાં ગુજરાતી ભાષાના ઉપયોગ પર ભાર મૂક્યો છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી વહીવટમાં પારદર્શકતા લાવવી અને પર્યાવરણની જાળવણી તેમની પ્રાથમિકતા રહી છે. તેમના સરળ સ્વભાવ અને પ્રજાભિમુખ કાર્યશૈલીને કારણે તેઓ પક્ષ અને જનતા બંનેમાં લોકપ્રિય છે. પોરબંદરના વિકાસ માટે કટિબદ્ધ ગત ચૂંટણીમાં રેકોર્ડબ્રેક કહી શકાય તેવી એક લાખથી વધુ મતોની લીડ મેળવી ભવ્ય જીત નોંધાવનાર અર્જુનભાઈ મોઢવાડીયા પોરબંદરને અવનવા લાભ અપાવવા સતત પ્રયત્નશીલ રહ્યા છે. ભાજપમાં પ્રવેશ બાદ તેમણે પોતાની આગવી શૈલીથી જિલ્લામાં અનેક વિકાસકાર્યોને વેગ આપ્યો છે.

# જેતપુરના પીઠડિયા ટોલનાકા પાસે હિટ એન્ડ રન: બસમાંથી ઉતરીને રસ્તો ક્રોસ કરતા પ્રૌઢાને ઈનોવા ચાલકે હવામાં ફંગોળ્યા, ઘટનાસ્થળે જ મોત

• જેતપુર, મંગળવાર

રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે રક્તરંજીત બની રહ્યો હોય તેમ અકસ્માતોની હારમાળા સર્જાઈ રહી છે. ગઈ કાલે રાતે જેતપુર નજીક આવેલા પીઠડિયા ટોલ પ્લાઝા પાસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બસમાંથી ઉતરીને રસ્તો ઓળંગી રહેલા એક ૫૫ વર્ષીય મહિલાને પૂરપાટ ઝડપે આવતી ઈનોવા કારના ચાલકે અડફેટે લેતા મહિલાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ, રંજનબેન ગાંડુભાઈ પરમાર (ઉ.વ.૫૫) નામના મહિલા કોઈ કામ સબબ બહારગામથી આવ્યા હતા અને પીઠડિયા ટોલ પ્લાઝા પાસે બસમાંથી ઉતર્યા હતા. તેઓ હાઈવે પર રસ્તો ક્રોસ કરી રહ્યા હતા તે દરમિયાન કાળ બનીને પૂરપાટ ઝડપે ધસી આવેલી એક ઈનોવા કારના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી.ટક્કર એટલી ભયાનક હતી કે રંજનબેન રોડ પર ફંગોળાયા હતા અને ગંભીર ઈજાઓ થવાને કારણે તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જાયા બાદ ઈનોવા કારના ચાલકે માનવતા દાખવી હતી હોસ્પિટલ ખાતે મૃતકને લઈને આવ્યો હતો તેવી પ્રાથમિક વિગતો સાંપડી છે. બનાવને પગલે હાઈવે પર લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા.ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો તાત્કાલિક હોસ્પિટલ પર દોડી ગયો હતો. પોલીસે મૃતદેહને પીએમ અર્થે ખસેડી, ઈનોવા ચાલકને ઝડપી પાડી ટોલ પ્લાઝાના સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### દૂધમાં ડુક્કરની ચરબીના ભેળસેળનો ઘટસ્ફોટ થતા રોષ: સાથી મિત્રને લોખંડના સળિયા વતી માર મરાયાનો આક્ષેપ

# નકલી દૂધનો પર્દાફાશ કરનાર યુવરાજસિંહ જાડેજાના સાથી પર જીવલેણ હુમલો: જેતપુર સિવિલમાં સુવિધાઓનો અભાવ

વડિયા પાસે ટેન્કર પકડતા યુવરાજસિંહની ટીમ પર જેતપુર નજીક જીવલેણ હુમલો: સાથી મિત્રનું માથું ફોડી નાખ્યું, પોલીસ ફરિયાદ લેવામાં આનાકાની કરતી હોવાનો આક્ષેપ ગુજરાતમાં 'સફેદ દૂધના કાળા કારોબાર'નો પર્દાફાશ કરનાર લોક આંદોલનના નેતા યુવરાજસિંહ જાડેજાના સાથી મિત્ર દિલુજી ઠાકોર પર જીવલેણ હુમલો કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. ભેળસેળિયા દૂધના ટેન્કરનો પર્દાફાશ કરવા બદલ રોષે ભરાયેલા શખ્સોએ દિલુજીને રોડ પર ઢસડીને માથાના ભાગે લોખંડના સળિયા વડે હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. ઈજાગ્રસ્ત યુવાનને જેતપુર સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં સુવિધાઓના અભાવે યુવરાજસિંહ જાડેજાએ તંત્ર પર આકરા પ્રહારો કર્યા હતા.

યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, વડીયા તાલુકાના હનુમાન ખીજડિયાથી અરવલ્લી જતું ૧૦ હજાર લિટર દૂધનું ટેન્કર પકડવામાં આવ્યું હતું. જેના એફ.એસ.એલ રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. દૂધમાં બીફ ટેલો (ગાયના માંસની ચરબી) અને લાડ (ડુક્કરની ચરબી) ઉપરાંત ડિટરજન્ટ અને યુરિયા જેવા જોખમી કેમિકલ્સની ભેળસેળ કરવામાં આવતી હોવાનું બહાર આવ્યું છે. આ ભેળસેળિયા દૂધને કારણે જ લોકોમાં હાર્ટ એટેક અને કેન્સર જેવી બીમારીઓ વધી રહી હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.મીડિયા સાથેની વાતચીતમાં યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, હનુમાન ખીજડિયાથી અરવલ્લી-બાયડ તરફ જતા ૧૦,૦૦૦ લિટરના એક ટેન્કરને જેતપુરના વડિયા પાસે અટકાવવામાં આવ્યું હતું. આ દૂધના સેમ્પલનો FSSAI ની હાજરીમાં પ્રાથમિક રિપોર્ટ કઢાવતા ચોંકાવનારી વિગતો સામે આવી છે. રિપોર્ટ મુજબ આ દૂધમાં બીફ ટેલો ( માંસની ચરબી), લાર્ડ (ડુક્કરની ચરબી), પામ ઓઈલ, ડિટર્જન્ટ અને યુરિયા જેવા ઝેરી પદાર્થોનું મિશ્રણ હતું. યુવરાજસિંહે આક્રોશ વ્યક્ત કરતા કહ્યું હતું કે, ગુજરાતમાં વધી રહેલા હાર્ટએટેક અને કેન્સરના કેસ પાછળ આવા ફેબ્રિકેટેડ ચરબીયુક્ત દૂધ જવાબદાર છે

દૂધનું કૌભાંડ પકડવા ગયેલી ટીમ પર માફિયાઓએ જેતપુરના અમરનગર અને ખીરસરા નજી હુમલો કર્યો હતો. જેમાં યુવરાજસિંહના સાથી મિત્ર દિલુભા ઠાકોરને રોડ પર ઢસડી, લોખંડના સળિયા મારી માથું ફોડી નાખવામાં આવ્યું હતું. આ ઘટનામાં પોલીસ ફરિયાદ નોંધવામાં ઠાગાઠૈયા કરતી હોવાનો આક્ષેપ છે. હોસ્પિટલના બિછાનેથી યુવરાજસિંહે પોલીસને રોકડું પરખાવ્યું હતું કે, અમે ૩૦૭ (હત્યાનો પ્રયાસ) સિવાયની એક પણ કલમ ચલાવી લઈશું નહીં. કાચનો ગ્લાસ મારીને કોઈને જાનથી મારી નાખવાનો પ્રયાસ થાય તે સ્પષ્ટ છે, છતાં પોલીસ સામાન્ય કલમો લગાડી ગુનેગારોને છાવરી રહી છે.

## પ્રોફેસરોના ત્રાસથી મેડિકલ સ્ટુડન્ટનો આત્મહત્યાનો પ્રયાસનો કેસ

# વડોદરાની પાયોનિયર કોલેજે તપાસ કમિટી બનાવી, પોલીસે પીડિત, પરિવાર, સ્ટાફ સહિત 100થી વધુ લોકોના નિવેદન લીધા

### વડોદરાની પાયોનિયર કોલેજના બે પ્રોફેસરના ત્રાસથી BAMSના વિદ્યાર્થીએ કોલેજના ત્રીજા માળેથી કૂદકો મારી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી હતી

• વડોદરા

વડોદરાની પાયોનિયર કોલેજના બે પ્રોફેસરના ત્રાસથી BAMSના વિદ્યાર્થીએ કોલેજના ત્રીજા માળેથી કૂદકો મારી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી હતી. વિદ્યાર્થીને ગંભીર ઈજા થતા શરૂઆતમાં વડોદરા અને ત્યારબાદ જૂનાગઢ સારવાર માટે ખસેડાયો હતો. આ મામલે SC-ST સેલના ACP સી બી સોલંકીએ આજે પીડિતો, તેમના પરિવારજનો અને કોલેજના પ્રોફેસર, સ્ટાફ અને સ્ટુડન્ટ સહિતના 100થી વધુ લોકોની પૂછપરછ કરીને નિવેદન લીધા હતા. પોલીસે CCTV પણ ચેક કર્યા છે. તેની મદદથી પણ તપાસ ચાલી રહી છે. આ મામલે કોલેજના બે પ્રોફેસર સામે એટ્રોસિટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના મોણીયા ગામના રહેવાસી સમીરભાઈ ડાહ્યાભાઈ રાઠોડ (ઉંમર 39) દ્વારા કપુરાઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. તેમની ફરિયાદ અનુસાર, સમીરભાઈના ભત્રીજા રોહન દિનેશભાઈ રાઠોડ (ઉંમર.19) પાયોનિયર કોલેજ, વડોદરામાં B.A.M.S.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા હતા. કોલેજમાં પ્રોફેસર તરીકે કાર્યરત આરોપી કોમલ મેડમ અને રુષિકેશ સર (બંને રહેવાસી: પાયોનિયર કોલેજ, આજવા રોડ, વડોદરા) એ શરૂઆતથી જ રોહનને તેની અનુસૂચિત જાતિના આધારે જાતિ આધારિત ભેદભાવ કર્યો હોવાનો આરોપ છે.

ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, આરોપીઓએ રોહનને સતત શારીરિક તેમજ માનસિક ત્રાસ આપ્યો હતો. ક્લાસમાં અને અન્ય વિદ્યાર્થીઓની સમક્ષ જાહેરમાં તેનું અપમાન કર્યું હતું. આ ઉપરાંત, તેનું ભણતરનું આખું વર્ષ બગાડી દેવાની ધમકીઓ પણ આપી હતી.

આરોપીઓએ જનરલમાં સહી કરી આપી નહોતી અને જનરલ બુક ફેંકી દીધી હતી. આ સતત અન્યાય, અપમાન અને માનસિક ત્રાસના કારણે રોહનને આત્મહત્યા કરવા માટે મજબૂર કરવામાં આવ્યો હતો. જેથી રોહને કોલેજના ત્રીજા માળેથી બારીમાંથી કુદકો માર્યો હતો, જેના કારણે તેને શરીરે ગંભીર ઈજાઓ થઈ છે. વડોદરામાં યુવકને પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેને વધુ સારવાર માટે પરિવાર જુનાગઢ લઈ ગયો છે, જ્યાં તેની સારવાર ચાલુ છે. કપુરાઈ પોલીસે અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ અત્યાચાર નિવારણ 1989 સુધારણા 2016 ની કલમ 3(1) (આર) (એસ), 3(2)5-એ તથા ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 54,351(2) મુજબ ફરિયાદ દાખલ કરી છે. પોલીસે આ ફરિયાદના આધારે બંને આરોપી પ્રોફેસરો સામે કાર્યવાહી હાથ ધરી છે.




## • સંક્ષિપ્ત સમાચાર

### નવાબંદર રોડ પર જુગાર રમતા છ ઝડપાયા: LCBએ 23 હજાર રોકડ અને મોબાઇલ ફોન જપ્ત કર્યા

• ભાવનગર

ભાવનગર એલસીબી પોલીસે શહેરના નવાબંદર રોડ પર રેલવે પાટા પાસે જાહેર જગ્યામાં હાથકાંપનો જુગાર રમતા છ શખસને ઝડપી લીધા છે. પોલીસે રેડ દરમિયાન ગંજીપાનાં સાથે રૂ.23,540ની રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે એલસીબી કચેરીથી મળતી માહિતી મુજબ, 15 ફેબ્રુઆરીના રોજ એલ.સી.બી. પોલીસ ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ભાવનગર શહેરના નવાબંદર રોડ પર રેલવેના પાટા પાસેના નાળાની બાજુમાં આવેલી બાવળની કાંટમાં જાહેર જગ્યામાં ભેગા થઈ મોબાઈલ ફોનની લાઈટના અંજવાળે ગંજીપાના પૈસા વડે હાર-જીતનો હાથકાંપનો જુગાર રમતા હોવાની બાતમી મળી હતી. જે બાતમીના આધારે તે જગ્યાએ રેઈડ કરતાં હાથકાંપનો હારજીતનો જુગાર રમતાં છ શખસને રંગેહાથ ઝડપાઈ ગયા હતા. ઘોઘારોડ પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરાઈ.

## વેરા વસુલાતનો લક્ષ્યાંક પૂરો કરવા દોડધામ

# રાજકોટમાં વેરા વિભાગે 200 મિલકતો સીલ કરી, 11 કરોડ વસૂલ્યા; વ્યાજ માફી યોજના હેઠળ 5 દિવસમાં છ કરોડ ઠલવાયા

### જેને લઈને માત્ર 5 દિવસ જેટલા ટૂંકા ગાળામાં મનપા તંત્રને કુલ રૂ. 5.94 કરોડની જંગી આવક થઈ છે

• રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાનું ચાલુ નાણાકીય વર્ષ પૂર્ણ થવાને ગણતરીના દિવસો બાકી છે. ત્યારે વેરા વિભાગ દ્વારા બાકી વેરો વસૂલવાનો લક્ષ્યાંક પૂરો કરવા માટે હાલ કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. 1 ફેબ્રુઆરીથી શરૂ થયેલી આ ઝુંબેશ અંતર્ગત વેરા વિભાગે 16 દિવસમાં 200 મિલકતોને સીલ કરી રૂ. 11.13 કરોડની વસૂલાત કરી છે. બીજીતરફ ગત 11 ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવેલી વ્યાજ માફી યોજનાને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જેને લઈને માત્ર 5 દિવસ જેટલા ટૂંકા ગાળામાં મનપા તંત્રને કુલ રૂ. 5.94 કરોડની જંગી આવક થઈ છે.

હાલ મનપાની કંગાળ આર્થિક સ્થિતિ વચ્ચે આ યોજના જાણે જીવાદોરી સમાન સાબિત થઈ રહી છે. 31 માર્ચ સુધી ચાલનારી આ યોજના હેઠળ મનપાને રૂ. 50 કરોડ કરતા વધુ આવક થવાની શક્યતા છે. મનપાનાં વેરા વિભાગના મેનેજર વત્સલ પટેલે આ અંગે જણાવ્યું હતું કે, વેરા વસૂલાત માટેની કડક ઝુંબેશ શરૂ કરવામાં આવતા તેના પરિણામો જોવા મળી રહ્યા છે. 1 ફેબ્રુઆરીથી 16 ફેબ્રુઆરી સુધીના સમયગાળામાં મનપા દ્વારા કુલ 11.13 કરોડની માતબર વેરા વસૂલાત કરવામાં આવી છે. કામગીરી દરમિયાન શહેરના વિવિધ ઝોનમાં વેરો ન ભરતા આસામીઓ વિરુદ્ધ કડક પગલાં લેવામાં આવ્યા છે, જેમાં અંદાજિત 200 જેટલી મિલકતોને સીલ મારી દેવામાં આવ્યા છે. ઉપરાંત 1800 જેટલા મિલકતદારોને જપ્તીની નોટિસ ફટકારવામાં આવી છે. મનપાની આ ઝુંબેશને કારણે ઘણા મિલકત ધારકોએ સ્થળ પર જ વેરાની ચૂકવણી કરી હતી. વેરા વિભાગ દ્વારા કુલ 33 લાખની રકમના પોસ્ટ ડેટેડ ચેક પણ વસૂલવામાં આવ્યા છે. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જે આસામીઓ લાંબા સમયથી વેરો ભરપાઈ કરવામાં આનાકાની કરી રહ્યા છે, તેમની સામે આગામી દિવસોમાં પણ સીલિંગ અને જપ્તીની કાર્યવાહી વધુ વેગવંતિ બનાવવામાં આવશે.




## JEE મેઈન્સમાં રાજકોટ-અમદાવાદના વિદ્યાર્થીઓ ગુજરાત ટોપર:ગુજરાતમાં 40થી વધુ વિદ્યાર્થીઓએ 99.9 કે તેથી વધુ પર્સન્ટાઈલ મેળવ્યા

• રાજકોટ

ધોરણ-12 સાયન્સમાં A ગ્રૂપના વિદ્યાર્થીઓની એન્જિનિયરિંગમાં પ્રવેશ માટેની JEE (જોઈન્ટ એન્ટ્રેન્સ એક્ઝામિનેશન) મેઈનનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે જેમાં રાજકોટ એલન ઈન્સ્ટિટ્યૂટનો વિદ્યાર્થી નિમય પુરોહિત 100 પર્સન્ટાઈલ સાથે ગુજરાત ટોપર રહ્યો છે. જેમના માતા -પિતા તબીબ છે પરંતુ, તેને છઠ્ઠા ધોરણથી મેથ્સ પસંદ હોવાથી તેને એન્જિનિયરિંગ ક્ષેત્ર પસંદ કર્યું છે. હાલ તે JEE એડવાન્સની પરીક્ષા માટેની તૈયારી કરી રહ્યો છે અને ત્યારબાદ મુંબઈ IITમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરવાનું સ્વપ્ન છે. વિદ્યાર્થી નિમય પુરોહિતે જણાવ્યું હતુ કે, ઓગસ્ટ 2025માં સિલેબસ પૂર્ણ થઈ ગયો હતો અને ત્યારથી જાન્યુઆરી સુધી રિવિઝન ચાલતું હતુ. જેમાં દૈનિક ટેસ્ટની પ્રેક્ટિસ હોવાથી ફિઝિક્સમાં 100માંથી 100 માર્ક્સ આવ્યા છે. જ્યારે મેથ્સમાં 96 અને કેમેસ્ટ્રીમાં 95 માર્ક્સ આવ્યા છે. તેમણે જણાવ્યું કે, પિતાનું નામ હર્ષલભાઈ છે અને માતાનું નામ દર્શનાબેન છે. જેઓ બંને ફિઝિયોથેરાપિસ્ટ છે. માતા-પિતા ડૉક્ટર હોવા છતાં પોતે એન્જિનિયરિંગનુ ક્ષેત્ર પસંદ કરવા અંગે જણાવ્યું કે, છઠ્ઠા ધોરણથી મેથ્સ પસંદ હતુ અને તેથી એન્જિનિયરિંગ ક્ષેત્ર પર પસંદગી ઉતારી અને ત્યારબાદ અહીં પહોંચ્યો. હવે JEE એડવાન્સમાં સારા માર્ક્સ લાવી આઈઆઈટી મુંબઈમાં એન્જિનિયરિંગ કરવાનું સ્વપ્ન છે. જ્યારે રાજકોટ એલનના સેન્ટર હેડ અમ્રિતાશ મુખરજીએ જણાવ્યું હતું કે, અહીંના વિદ્યાર્થી નિમય પુરોહિતને JEE મેઈનમાં 100 પર્સન્ટાઈલ આવ્યા છે અને તે ગુજરાત ટોપર રહ્યો છે તે ખૂબ જ ખુશીની વાત છે. અહીંથી 300થી વધુ વિદ્યાર્થીઓએ JEEની પરીક્ષા આપી હતી. અહીં ધોરણ 9 થી જ વિદ્યાર્થીઓને કોન્સેપ્ટ આધારિત ખુબ જ સારી રીતે તૈયારી કરાવવામાં આવે છે અને તેના કારણે અહીંનું પરિણામ ગુજરાતમાં ખૂબ જ સારું હોય છે.

## 'સામાન્ય ઓપરેશનનું કહી કેન્સરનું કરી નાખ્યું', 4 લાખ

# દર્દીની પત્ની ઘર કામ અને સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરે, દીકરીએ અભ્યાસ છોડ્યો

• રાજકોટ

રાજકોટમાં એક ડોક્ટરની કથિત ભૂલ અને આર્થિક શોષણના કારણે એક હસતો-રમતો પરિવારને રડતો કરી દીધો હોવાનો કિસ્સો સામે આવ્યો છે. જીતુભાઇ સોલંકી નામના દર્દીના પત્નીએ ડોક્ટર પર આક્ષેપ કર્યો છે કે, શિવ હોસ્પિટલના ડો. કામિલે તપાસ બાદ સામાન્ય ઓપરેશન હોવાનું કહીને અંદર લઈ જઈને કેન્સરનું ઓપરેશન કરી નાંખ્યું છે. તેમજ CM-PMને પત્ર લખી મદદ માટે આજીજી કરી છે.

મહાપૂજા ધામ પાસે આવેલી શિવ હોસ્પિટલના ડો. કામિલ રાજપારી સામે ગંભીર આક્ષેપો કરતા પીડિત પરિવારે મીડિયા સમક્ષ પોતાની આપવીતી રડતા રડતા જણાવી હતી. આ મામલામાં સૌથી કરુણ બાબત એ છે કે, જે દીકરી ડોક્ટર બનવાનું સપનું જોતી હતી, તેણે આજે પોતાના પિતાની હાલત જોઈને ભણતર છોડવું પડ્યું છે.

બીજી તરફ પતિની ખરાબ હાલતને પગલે પરિવારનું ગુજરાન ચલાવવા પત્નીને રાતે પણ સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરવાની ફરજ પડી છે. આ ઘટના અંગે મીડિયા સાથેની વાતચીતમાં ડોક્ટરે તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. ઊલટું વ્હોટ્સએપમાં તેમને ધમકી આપ્યાનો વળતો આરોપ લગાવીને તેનો સ્ક્રીનશોટ પણ જાહેર કર્યો છે.




રાજકોટમાં રહેતા જીતુભાઇ સોલંકી નામના દર્દીની ધો. 9માં અભ્યાસ કરતી પુત્રીએ સોશિયલ મીડિયામાં એક વીડિયો વાઇરલ કરતા આ મામલો પ્રકાશમાં આવ્યો છે. દીકરીએ સોશિયલ મીડિયા પર એક ભાવુક વીડિયો પોસ્ટ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પાસે ન્યાયની માગ કરી છે. તેમજ આક્ષેપ કર્યો છે કે, મારા પિતાની હાલત અતિશય ખરાબ છે અને તેના માટે શિવ હોસ્પિટલનાં ડોક્ટરની ભૂલ જવાબદાર છે. જ્યારે અમે ડોક્ટર પાસે જવાબ માંગવા જઈએ છીએ, ત્યારે તેઓ ભૂલ સ્વીકારવાને બદલે અમને ધમકાવે છે. મેં મારું ભણતર છોડી દીધું છે, કારણ કે અમારી પાસે ફી ભરવાના પણ પૈસા નથી. ત્યારબાદ દર્દીના પત્ની પાયલબેન સોલંકીએ મીડિયા સમક્ષ આવીને પોતાની વ્યથા વર્ણવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, આશરે એક વર્ષ પહેલા દર્દીને મોઢામાં ચાંદી હોવાનું કહીને શિવ હોસ્પિટલમાં તપાસ કરાવવામાં આવી હતી. ત્યાં ડો. કામિલે તપાસ બાદ સામાન્ય ઓપરેશન હોવાનું કહીને અંદર લઈ જઈને કેન્સરનું ઓપરેશન કરી નાખ્યું હતું. તેણીએ આક્ષેપ કર્યો છે કે, શરૂઆતમાં ઓપરેશનનો ખર્ચ માત્ર રૂ.50,000 જણાવવામાં આવ્યો હતો., પરંતુ સારવાર દરમિયાન અને ત્યારબાદ ટુકડે-ટુકડે કુલ રૂ. 4,00,000 પડાવી લેવામાં આવ્યા હતા. ઓપરેશન બાદ પતિની હાલત સુધરવાને બદલે વધુ લથડી હતી. પાયલબેન સોલંકીએ ભારે હૈયે જણાવ્યું કે, ઘરની પરિસ્થિતીને લઈ મારી દીકરીને ભણવાનું પણ છોડી દેવાની ફરજ પડી છે.

## RTO લાઈસન્સ કઢાવવામાં હવે પોલંપોલ નહીં ચાલે:ટેસ્ટ દરમિયાન ભૂલ કરી તો 17 કેમેરા પકડી પાડશે

• રાજકોટ

રાજકોટ RTO કચેરીમાં આધુનિક AI આધારિત ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક તૈયાર થઈ ચૂક્યો છે. રૂ. 80 લાખના ખર્ચે નિર્મિત ટ્રેકમાં 360 ડિગ્રી મૂવેબલ 17 આધુનિક કેમેરા અને RFID (રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટીફીકેશન) સેન્સર છે. જેને લીધે ટુ વ્હીલર અને ફોર વ્હીલરની ડ્રાઈવિંગ ટેસ્ટ ઝડપથી અને ચોકસાઈ પૂર્વક થઈ શકશે. અન્ડર ગ્રાઉન્ડ સેન્સર અને પાવર બેકઅપની સુવિધા હોવાથી વાવાઝોડા કે વરસાદ સમયે તેમજ વિજળી ગૂલ થઈ ગઈ હશે તો પણ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક ચાલુ રહેશે. નવા ટ્રેકમાં વાહન ચાલકોને કઈ રીતે ડ્રાઈવિંગ ટેસ્ટ આપવાની રહેશે તેની તમામ વિગતો વીડિયોના માધ્યમથી દિવ્ય ભાસ્કર ડિજિટલ આપને બતાવવા જઈ રહ્યું છે. 360 ડિગ્રી મૂવેબલ 17 આધુનિક કેમેરા અને RFID (રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટીફીકેશન) સેન્સર. રાજકોટના આરટીઓ અધિકારી ઈન્દ્રજીત ટાકે જણાવ્યું હતું કે, RTOનો નવો AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ટ્રેક માનવ હસ્તક્ષેપ રહિત છે. જેમાં ડ્રાઈવિંગ ટેસ્ટ આપનાર વ્યક્તિ ફેઈલ થાય તો તે પણ રિઝલ્ટમાં જણાવવામાં આવે છે. નવા ટ્રેકમાં ટેસ્ટ આપતા પહેલા ફરજિયાત વીડિયો જોવાનો રહેશે. જેથી વ્યક્તિ સરળતાથી સમજી શકશે કે કઈ રીતે ડ્રાઈવિંગ ટેસ્ટ આપવાની છે અને કેટલો સમય આ ટેસ્ટ માટે આપવામાં આવે છે. RTOના જૂના ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકમાં 4 CCTV કેમેરા છે. જ્યારે નવા ટ્રેકમાં 17 AI કેમેરા હશે. જે 360 ડિગ્રી ફરી શકશે. જેથી જો વ્યક્તિ ટેસ્ટમાં નાપાસ થાય તો તે બતાવે છે. જેથી બીજી વખત વ્યક્તિ જ્યારે ડ્રાઈવિંગ ટેસ્ટ આપે ત્યારે તે બાબતોનું ધ્યાન રાખી શકે. RTOના જૂના ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકમાં 4 CCTV કેમેરા છે. જ્યારે નવા ટ્રેકમાં 17 AI કેમેરા હશે. જે 360 ડિગ્રી ફરી શકશે. જેથી જો વ્યક્તિ ટેસ્ટમાં નાપાસ થાય તો તે બતાવે છે. જેથી બીજી વખત વ્યક્તિ જ્યારે ડ્રાઈવિંગ ટેસ્ટ આપે ત્યારે તે બાબતોનું ધ્યાન રાખી શકે.

## સરપંચની ચૂંટણીમાં હરિફ ઉમેદવારને હરાવવા પૈસાની જરુર હોય ચોરી કરી

# રાજસ્થાનથી બાઈક પર આવીને ઘાટલોડિયામાં ત્રાટક્યા હતા, 38 લાખના મુદ્દામાલ સાથે તસ્કર ઝડપાયો

• અમદાવાદ

અમદાવાદના ઘાટલોડિયામાં થયેલી રૂ. 13 લાખના દાગીનાની ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. ઘાટલોડિયામા રહેતો પરિવાર જનોઈ પ્રસંગમાં રાજકોટ ગયો હતો. તે સમયે તસ્કરોએ ઘરના ધાબા પરની વેન્ટિલેશન જાળીનો કાચ ખોલીને સોના ચાંદીના 13.03 લાખના દાગીનાની ચોરી કરી હતી. ઝોન-1 એલસીબીએ ચોરી બાદ 200થી વધુ સીસીટીવી ફુટેજ તપાસ્યા હતા જેના આધારે પોલીસે એક આરોપીને ઝડપી પાડ્યો હતો. તપાસમાં સામે આવ્યું હતું કે આરોપી રાજસ્થાનથી બાઈક પર ચોરી કરવા આવ્યા હતા. આરોપીના વતનમાં યોજાનાર સરપંચની ચૂંટણીમાં સામે વાળા ઉમેદવારને પછાડવા માટે કેટલોક ખર્ચ થવાનો હતો અને આ ખર્ચને પહોંચી વળવા આરોપીઓ ચોરી કરી હતી. ઘાટલોડિયામાં આવેલી ન્યુ નિકીતાપાર્ક સોસાયટીમાં રહેતા સંકેતભાઈ ઠક્કર ગત તા. 22 જાન્યુઆરીએ પરિવારજનો સાથે રાજકોટ ખાતે મામાની દીકરીના દીકરાની જનોઈના પ્રસંગમાં ગયા હતા. ત્રણેક દિવસ બાદ આ પરિવાર પરત આવ્યો ત્યારે ઘરમાં ચોરી થયાની જાણ થઈ હતી. સંકેતભાઈએ ઘરના બેડરૂમોની તપાસ કરતા તસ્કરોએ 12.70 લાખના સોનાના દાગીના અને 33 હજારના ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. આરોપીના વતનમાં યોજાનાર સરપંચની ચૂંટણીમાં સામેના ઉમેદવારને પછાડવા માટે કેટલોક ખર્ચ કરવાનો હતો અને તે ખર્ચને પહોંચી વળવા આરોપીઓએ શહેરમાં આવીને આ વિસ્તારમાં સાંજના સમયે બે ત્રણ દિવસ રેકી કરીને આ બંધ મકાનમાં ચોરીને અંજામ આપ્યો હતો. ચોરી કરીને આરોપીઓ રાજસ્થાન ભાગી ગયા હતા. ત્યારે હવે પોલીસે ફરાર આરોપી કમલેશ અને ઈશ્વરની શોધખોળ હાથ ધરી છે. તપાસ દરમિયાન ચોર ધાબા પરથી વેન્ટિલેશનની જાળીનો કાચ ખોલીને આવ્યો હતો. ઘાટલોડિયા પોલીસે ગુનો નોંધ્યા બાદ ઝોન-1 એલસીબી પીએસઆઈ જી. કે. ચાવડાની ટીમે ચારેય દિશાના 200થી વધુ સીસીટીવી તપાસ્યા હતા. જેમાં ત્રણ લોકો એક બાઈક પર ચોરી કરવા આવ્યા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે બાઈકના નંબર આધારે તપાસ કરતા ત્રણ પૈકી એક રીઢા ચોરની ઓળખ થઈ હતી. જે ગેંગ રાજસ્થાનની હોવાનું સામે આવતા પોલીસે રાજસ્થાન ખાતે તપાસ કરીને દિનેશ મીણા નામના આરોપીને ઝડપી લીધો છે. આરોપી દિનેશ મીણા પાસેથી 37.39 લાખના દાગીના અને બાઈક મળીને કુલ રૂ. 38.63 લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. પોલીસે આરોપીની પૂછપરછ કરતા દિનેશ બાઈક પર તેના બે સાગરિત કમલેશ કલાસુવા અને ઈશ્વર કલાસુવાને લઈને ચોરી કરવા ગયો હતો. કમલેશ અને ઈશ્વરે ઘરમાં ઘૂસીને ચોરીને અંજામ આપ્યો હતો. આરોપી કમલેશ રીઢો આરોપી છે અને બે ત્રણ ગુનામાં વોન્ટેડ પણ છે. ત્રણેય આરોપીઓ અગાઉ આ જ વિસ્તારમાં રહેતા હતા. આરોપી રાજસ્થાનના ડુંગરપુરથી બાઈક પર ચોરી કરવા આવ્યા હતા. આરોપીના વતનમાં યોજાનાર સરપંચની ચૂંટણીમાં સામેના ઉમેદવારને પછાડવા માટે કેટલોક ખર્ચ કરવાનો હતો અને તે ખર્ચને પહોંચી વળવા આરોપીઓએ શહેરમાં આવીને આ વિસ્તારમાં સાંજના સમયે બે ત્રણ દિવસ રેકી કરીને આ બંધ મકાનમાં ચોરીને અંજામ આપ્યો હતો. ચોરી કરીને આરોપીઓ રાજસ્થાન ભાગી ગયા હતા. ત્યારે હવે પોલીસે ફરાર આરોપી કમલેશ અને ઈશ્વરની શોધખોળ હાથ ધરી છે.



આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

### MP-UP અને રાજસ્થાનમાં ભારે ગરમી, તાપમાન 30C પાર

# આજથી વરસાદની શક્યતા; ઉત્તરાખંડના ગુંજી-આદિ કૈલાસ મોટર માર્ગમાં પારો માઈનસ 18C

### રાજસ્થાનઃ વાવાઝોડું, વરસાદ અને કરા પડવાની ચેતવણી, બાડમેરમાં દિવસનું તાપમાન 34.3C રહ્યું

• નવી દિલ્હી

દેશભરમાં શિયાળાની અસર લગભગ સમાપ્ત થઈ ગઈ છે. મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના ઘણા સ્થળોએ સોમવારે મહત્તમ તાપમાન 30Cને પાર કરી ગયું. આ રાજ્યોમાં આજથી નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી હવામાન બદલાશે.

રાજસ્થાનમાં આજથી વાદળો છવાશે. કેટલીક જગ્યાએ હળવો વરસાદ પણ પડી શકે છે. યુપીના કેટલાક ભાગોમાં 17 અને 18 ફેબ્રુઆરીએ વરસાદ પડી શકે છે. આ દરમિયાન 30 થી 40 KMPHની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે.

મધ્યપ્રદેશમાં 18-19 ફેબ્રુઆરીએ વરસાદનું એલર્ટ છે. ઉત્તરાખંડના 5 જિલ્લામાં 18 ફેબ્રુઆરીથી આગામી 2 દિવસ સુધી વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. ગુંજી-આદિ કૈલાશ મોટર માર્ગમાં સોમવારે તાપમાન -18C રહ્યું.

18 ફેબ્રુઆરી: પંજાબ, હરિયાણા, ચંદીગઢ, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં ગાજવીજ અને વીજળીના કડાકા સાથે વરસાદનું એલર્ટ.

21 અને 22 ફેબ્રુઆરી: તમિલનાડુ, કેરળ અને માહેમાં કેટલીક જગ્યાએ ભારે વરસાદની સંભાવના.

મધ્યપ્રદેશ: રાજ્યમાં નવી સિસ્ટમ સક્રિય, આજે 15 જિલ્લામાં વરસાદનું એલર્ટ

નવી સિસ્ટમ સક્રિય થવાને કારણે આજે મધ્યપ્રદેશના 15 જિલ્લામાં વરસાદનું એલર્ટ છે. 18-19 ફેબ્રુઆરીએ પણ વરસાદ પડી શકે છે. ફેબ્રુઆરીની શરૂઆતમાં જ રાજ્યમાં બે વખત કરા, વરસાદ અને વાવાઝોડાનો દોર રહી ચૂક્યો છે. જેના કારણે પાકને ભારે નુકસાન થયું હતું.

રાજસ્થાનના બીકાનેર, જયપુર, અજમેર સંભાગની સાથે જોધપુર ક્ષેત્રના જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદ અને કરા પણ પડી શકે છે. આજે 13 જિલ્લાઓમાં એલર્ટ છે. જયપુર સહિત ઘણા જિલ્લાઓમાં મંગળવારે સવારથી તેજ પવન ફૂંકાઈ રહ્યો છે અને ગાઢ વાદળો છવાયેલા છે. આ સિસ્ટમની સૌથી વધુ અસર 18 ફેબ્રુઆરીએ રહેશે.



## • સંક્ષીપ્ત સમાચાર

### બાંગ્લાદેશમાં હિંદુ નેતાને મંત્રી બનાવી શકે છે રહેમાન:30 વર્ષ પહેલા પણ મંત્રી રહી ચૂક્યા હતા ગોયેશ્વર, બાંગ્લાદેશમાં 2 હિંદુઓએ ચૂંટણી જીતી

ઢાકા: ચૂંટણીમાં ભારે બહુમતી મેળવ્યા બાદ બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) નવી સરકાર બનાવવાની તૈયારીમાં છે. સરકારે ચૂંટાયેલા સાંસદોની સત્તાવાર ગેઝેટ અધિસૂચના બહાર પાડી દીધી છે. પાર્ટીમાંથી 2 હિંદુ સાંસદો પણ ચૂંટાયા છે. તેમાંથી ઢાકા-3 બેઠક પરથી જીત મેળવનાર ગોયેશ્વર ચંદ્ર રોયને નવી કેબિનેટમાં સામેલ કરી શકાય છે. રોય BNPના પ્રભાવશાળી નેતા માનવામાં આવે છે. તેઓ ખાલિદા ઝિયાની BNP સરકારમાં લગભગ 30 વર્ષ પહેલાં (1991-1996) રાજ્ય મંત્રી હતા. બાંગ્લાદેશી મીડિયા અનુસાર, તારિક રહેમાન વડાપ્રધાન પદ સહિત સંરક્ષણ મંત્રાલય અને અન્ય પાંચ મંત્રાલયો પોતાની પાસે રાખી શકે છે. બંધારણના અનુચ્છેદ 148 મુજબ, સત્તાવાર પરિણામો આવ્યાના ત્રણ દિવસની અંદર ચૂંટાયેલા પ્રતિનિધિઓએ શપથ લેવાના હોય છે. 13મી સંસદીય ચૂંટણીના ચૂંટાયેલા સભ્યો મંગળવારે શપથ લેશે, જ્યારે કેબિનેટ પણ તે જ દિવસે પાછળથી શપથ લેશે. આ માહિતી ચૂંટણી પંચના સચિવ અખ્તર અહેમદે શનિવારે પ્રેસ બ્રીફિંગમાં આપી હતી.

### પંજાબના CMને ઘાતક કેમિકલ પોલોનિયમ આપવાનો દાવો

# શ્વાસ લેવામાં તકલીફ, હોસ્પિટલમાં દાખલ; બોમ્બથી ઉડાવાની ધમકી

### ઈમેલમાં ઉલ્લેખિત સમયે આવી કોઈ ઘટના બની ન હતી. આ ધમકી ખોટી સાબિત થઈ

• મોહાલી

મોહાલીની ફોર્ટિસ હોસ્પિટલમાં જ્યાં પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન દાખલ છે, ત્યાં બપોરે 1:11 વાગ્યે બોમ્બથી હુમલો કરવાની ધમકી મળી હતી. જોકે, ઈમેલમાં ઉલ્લેખિત સમયે આવી કોઈ ઘટના બની ન હતી. આ ધમકી ખોટી સાબિત થઈ.

આ ધમકીભર્યા ઈમેલમાં, કથિત ખાલિસ્તાન નેશનલ આર્મીએ દાવો કર્યો હતો કે ભાઈ દિલાવર સિંહના વારસદારોએ સીએમ ભગવંત માનને પોલોનિયમથી ચેપ લગાવ્યો હતો. જો તેઓ બચી ગયા, તો તેઓ તેમની સાથે બીઅંત જેવા હાલ કરશે.

ઈમેલમાં ધમકી અપાઈ છે કે ફોર્ટિસ હોસ્પિટલમાંથી ફક્ત સીએમ ભગવંત માનની લાશ બહાર આવશે. પંજાબના દિવંગત ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીઅંત સિંહને ચંદીગઢ સચિવાલયમાં માનવ બોમ્બથી ઉડાવી દેવામાં આવ્યા હતા. જોકે, માનને ચેપ ક્યાં અને કેવી રીતે થયો તે અંગે કોઈ વિગતો આપવામાં આવી નથી. પોલોનિયમ એક દુર્લભ રેડિયોએક્ટિવ પદાર્થ છે જે ખૂબ જ ઝેરી છે. જોકે, આવી કોઈ ઘટના બની નથી. ધમકીમાં ઉલ્લેખિત સમયે કોઈ વિસ્ફોટ થયો નથી, જેના કારણે પંજાબ પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓએ હોસ્પિટલને ઘેરી લીધી છે.

અહીં પાંચ બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ સક્રિય છે. સીએમ સિક્યુરિટીએ સમગ્ર હોસ્પિટલ વિસ્તારને પોતાના કબજામાં લઈ લીધો છે. ગેટ પર રમખાણો વિરોધી ટીમો અને રસ્તા પર મોહાલી પોલીસ તહેનાત છે.

મોહાલીના એસપી સિટી દિલપ્રીત સિંહે જણાવ્યું હતું કે, 'સવારે 7:30 વાગ્યે, શાળાઓને ફોર્ટિસને ઉડાવી દેવાની ધમકી આપતો ઈમેઈલ મળ્યો હતો. ત્યારબાદ, પાંચ બોમ્બ ડિસ્પોઝલ ટીમો રવાના કરવામાં આવી હતી. હોસ્પિટલમાં આવશ્યક સેવાઓ ખોરવાઈ ન હતી. તપાસમાં કંઈપણ શંકાસ્પદ બહાર આવ્યું નથી. અગાઉના ધમકીભર્યા ઈમેઈલનું આઈપી સરનામું પણ યુએસએનું હતું, અને તે ઈમેઈલ બાંગ્લાદેશથી મોકલવામાં આવ્યો હતો. પોલીસ ટીમો આગામી આદેશો સુધી તહેનાત રહેશે.'



### મુંબઈકરો સાથે ફ્રાન્સના રાષ્ટ્રપતિનું જોગિંગ, VID-EO:મેક્રોનનો લોકોએ કેમેરામાં કેદ કર્યો અનોખો અંદાજ

• મુંબઈ

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન ભારતની ત્રણ દિવસીય મુલાકાતે છે. મેક્રોન મંગળવારે સવારે મુંબઈના મરીન ડ્રાઈવ પર એક અલગ અંદાજમાં જોવા મળ્યા. પોતાની ફિટનેસ પ્રત્યે અત્યંત જાગૃત મનાતા મેક્રોન સવારે દરિયા કિનારે જોગિંગ કરતા દેખાયા. મરીન ડ્રાઈવ પર ફરતા લોકોએ તેમને ઓળખ્યા અને પછી શું, જોતજોતામાં લોકો તેમને પોતાના મોબાઈલ કેમેરામાં રેકોર્ડ કરતા લાગ્યા. રાષ્ટ્રપતિ મેક્રોનની આ અનૌપચારિક અને સહજ શૈલી સોશિયલ મીડિયા પર પણ ચર્ચાનો વિષય બની ગઈ છે. મેક્રોન 17 થી 19 ફેબ્રુઆરી સુધી ભારતની સત્તાવાર યાત્રા પર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન આજે મુંબઈમાં મુલાકાત કરશે. આ દરમિયાન બંને દેશો વચ્ચે 3.25 લાખ કરોડ રૂપિયાની ડિફેન્સ ડીલ થશે. કિંમતના હિસાબે આ ડીલ ભારતની સૌથી મોટી સૈન્ય ખરીદી હશે. આ અંતર્ગત ભારતને 114 રાફેલ ફાઈટર જેટ મળશે.

આજની બેઠકમાં સંરક્ષણ, દરિયાઈ સહયોગ, ઈન્ડો-પેસિફિક વ્યૂહરચના, ઉભરતી ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા થશે. આ બેઠક બપોરે 3:15 વાગ્યે મુંબઈના લોક ભવનમાં યોજાશે. બંને નેતાઓ સાંજે 5:15 વાગ્યે ભારત-ફ્રાન્સ ઈનોવેશન યર 2026નું ઉદ્ઘાટન કરશે. સાથે જ બંને દેશોના ઉદ્યોગપતિઓ, સ્ટાર્ટઅપ સ્થાપકો, સંશોધન નિષ્ણાતો અને ઈનોવેશન સાથે સંકળાયેલા લોકોને સંબોધિત કરશે.

રાષ્ટ્રપતિ મેક્રોન 17 થી 19 ફેબ્રુઆરી સુધી ભારતના પ્રવાસે રહેશે. આ દરમિયાન તેઓ દિલ્હીમાં AI ઈમ્પેક્ટ સમિટમાં પણ ભાગ લેશે. રાષ્ટ્રપતિ બન્યા પછી મેક્રોંનો આ ચોથો ભારત પ્રવાસ છે. આ પહેલા તેઓ માર્ચ 2018માં પહેલીવાર ભારત આવ્યા હતા. ત્યારબાદ તેઓ સપ્ટેમ્બર 2023માં G20 સમિટ માટે અને જાન્યુઆરી 2024માં ગણતંત્ર દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે આવ્યા હતા. ભારત અને ફ્રાન્સ વચ્ચેની રાફેલ ડીલની સૌથી ખાસ વાત એ છે કે તેમાંથી 24 વિમાન 'સુપર રાફેલ' હશે. આ એડવાન્સ્ડ જેટને F-5 વર્ઝન કહેવામાં આવી રહ્યું છે, જેને ફ્રાન્સની કંપની દસોલ્ટ એવિએશન બનાવી રહી છે.

### હરિયાણામાં CA પતિએ ચારિત્ર્ય પર શંકામાં પત્નીનું ગળું કાપી નાખ્યું

## ગર્ભવતી પત્નીને સુમસામ જગ્યાએ લઈ ગયો, પાંચ મહિના પહેલા જ લગ્ન થયા હતા; પોલીસને લૂંટની ખોટી કહાની જણાવી

મહેક અને અંશુલે 25 સપ્ટેમ્બર, 2025ના રોજ એરેન્જ મેરેજ કર્યા હતા. પાંચ મહિના પછી અંશુલે મહેકની હત્યા કરી નાખી.

હરિયાણાના હાંસીની બેન્કર પત્ની મહેકના મર્ડરના 18 કલાક બાદ જ હિસારના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) અંશુલ ધવનની ધરપકડ થઈ ગઈ. પોલીસની પકડમાં આવ્યા બાદ અંશુલે મોટો ખુલાસો કર્યો. અંશુલને પોતાની સુંદર પત્નીના ચારિત્ર્ય પર શંકા હતી. પત્નીના મોબાઈલ પર સતત અનનોન કોલ-મેસેજ આવવાથી તે નારાજ હતો અને વેલેન્ટાઈન ડે પર જ મર્ડરનો પ્લાન ઘડ્યો હતો.

27 વર્ષની મહેક ગુરુગ્રામમાં HDFC બેંકમાં નોકરી કરતી હતી. અંશુલને મહેકનો પોતાના સહકર્મીઓ સાથેનો મિલનસાર વ્યવહાર પણ ખટકતો હતો. બંને વચ્ચે કોઈ અણબનાવ ચાલી રહ્યો છે, તેનો અંદાજ મહેકના પરિવારને નહોતો. વેલેન્ટાઈન ડે મનાવ્યા બાદ 15 ફેબ્રુઆરીએ બંને હિસારથી ગુરુગ્રામ પરત ફરી રહ્યા હતા. પોલીસ પૂછપરછમાં સામે આવ્યું કે રસ્તામાં પણ અંશુલ અને મહેક વચ્ચે બોલાચાલી થઈ હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે કારમાં જ અંશુલે મહેકનું ગળું દબાવ્યું, પછી કાતરથી ઓછામાં ઓછા 6 વાર કર્યા. આ પછી પોતાના કપાળ પર ઈજા પહોંચાડી, જેથી લૂંટની કહાની બનાવી શકે. પુરાવા છુપાવવા માટે મહેકનું ગળું દબાવતા પહેલા હાથમાં ગ્લવ્સ પણ પહેર્યા હતા, જેથી તપાસમાં તેના ફિંગર પ્રિન્ટ ન આવે.

પછી પોલીસે ફોન પર જાણ કરી કે તેમની સાથે લૂંટ થઈ છે. જોકે, તેની આ કહાની લાંબી ચાલી નહીં. પોલીસ બંનેના મોબાઈલની કોલ ડિટેલ તપાસી રહી છે. જેથી જાણી શકાય કે મોબાઈલ પર આવેલા કયા કોલ કે મેસેજને કારણે ઝઘડો થયો હતો. તેને રિમાન્ડ પર લેવાની પણ તૈયારી છે.

પોલીસને જણાવ્યું કે લૂંટ થઈ, દેખાવ વર્ણવી શક્યો નહીં: 15 ફેબ્રુઆરીની રાત્રે અંશુલે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને જાણ કરી કે તેમની સાથે ઘટના બની છે. પોલીસ જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યાં સુધીમાં મહેકનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. મૃતદેહ મારુતિ ફ્રોન્ક્સ કારની બહાર પડ્યો હતો. અંશુલના કપાળ પર ઈજાનું નિશાન હતું. અંશુલે પોલીસને જણાવ્યું કે કોઈએ તેમના પર હુમલો કર્યો. જોકે, તે હુમલાખોરોનો દેખાવ બરાબર વર્ણવી શક્યો નહીં.

સુમસામ રસ્તા પર શા માટે ગયા: અંશુલની કાર બહાદુરગઢ રોડ પર જ્યાં ઊભી મળેલી, તે સુમસામ વિસ્તાર છે. આસપાસ ઈંટોના ભટ્ટા જ છે. પત્ની સાથે મુસાફરી માટે રાત્રે આ સુમસામ રસ્તો શા માટે પસંદ કર્યો, તેના પર અંશુલ કોઈ સંતોષકારક જવાબ આપી શક્યો નહીં. ઘટનાસ્થળ ઝજ્જર-બાદલી માર્ગથી 100 મીટર અંદર કાચા રસ્તા પર છે. અહીંથી વસાહત લગભગ એક કિલોમીટર દૂર છે.

પત્નીના પિયરને ઘણા કલાકો પછી જાણ કરી: મહેકના પિયર પક્ષના લોકોને 15 ફેબ્રુઆરી રાત્રે 10 વાગ્યા પછી જાણ કરવામાં આવી. જ્યારે ઘટના તેના લગભગ બે-અઢી કલાક પહેલા બની ચૂકી હતી. એટલું

## ટ્રમ્પે કહ્યું- ઈરાન સાથેની વાતચીતમાં પરોક્ષ રીતે સામેલ રહીશ:ગયા વર્ષે પરમાણુ ઠેકાણાઓ પર બોમ્બમારાથી તેમને બુદ્ધિ આવી

• વોશિંગ્ટન ડીસી

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું કે તેઓ અમેરિકા અને ઈરાન વચ્ચે થનારી પરમાણુ કાર્યક્રમ પરની વાતચીતમાં પરોક્ષ રીતે સામેલ રહેશે. તેમણે એર ફોર્સ વનમાં પત્રકારો સાથેની વાતચીત દરમિયાન આ વાત કહી.

આ નિવેદન ઈરાન સાથે પરમાણુ કાર્યક્રમને લઈને બીજા તબક્કાની વાતચીત પહેલા આવ્યું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે બીજા તબક્કાની વાતચીત આજે (17 ફેબ્રુઆરી 2026) જીનીવા (સ્વિટ્ઝર્લેન્ડ)માં થઈ રહી છે. આ પહેલા ઓમાનમાં 6 ફેબ્રુઆરીએ પહેલી બેઠક થઈ હતી.

ટ્રમ્પે કહ્યું, 'હું તે વાતચીત પર નજર રાખીશ.' તેમણે સંકેત આપ્યો કે ઈરાન આ વખતે સમજૂતીને લઈને ગંભીર છે. ડીલની સંભાવના પર ટ્રમ્પે કહ્યું કે ઈરાન તેને લઈને કડક વલણ અપનાવતું રહ્યું છે, પરંતુ ગયા વર્ષે અમેરિકા દ્વારા ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર બોમ્બમારો કરવાથી તેમને બુદ્ધિ આવી. તેમણે ચેતવણી આપતા કહ્યું, 'મને નથી લાગતું કે તેઓ સમજૂતી ન કરવાના પરિણામો ભોગવવા ઈચ્છશે.'

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી પરોક્ષ પરમાણુ વાટાઘાટોનો સૌથી મોટો અને મુખ્ય વિવાદ ઈરાનનો યુરેનિયમ સંવર્ધન છે. ટ્રમ્પ પ્રશાસનની માંગ છે કે ઈરાન પોતાની જમીન પર યુરેનિયમ સંવર્ધન સંપૂર્ણપણે બંધ કરી દે અથવા ખૂબ મર્યાદિત સ્તર સુધી જ રાખે, કારણ કે તેઓ તેને પરમાણુ હથિયાર બનાવવાનો રસ્તો માને છે.

### મુંબઈના દરિયાકાંઠે 3 શંકાસ્પદ તેલ ટેન્કર જપ્ત

## ઈરાને કહ્યું- જહાજો સાથે અમારો કોઈ સંબંધ નથી; અમેરિકાના પ્રતિબંધિત શિપ સાથે તેમના IMO નંબર મેચ

• નવી દિલ્હી/મુંબઈ

ભારતે આ મહિને મુંબઈના દરિયાકિનારે ત્રણ તેલ ટેન્કર જપ્ત કર્યા છે. ઈન્ડિયા ટુડે અને રોઈટર્સના અહેવાલ મુજબ, આ જહાજોના IMO નંબર અમેરિકા દ્વારા પ્રતિબંધિત જહાજો સાથે મેળ ખાય છે અને તેમનો ઈરાન સાથે સંબંધ હોવાની શંકા છે.

જોકે, ઈરાનની નેશનલ ઈરાનિયન ઓઈલ કંપની (NIOC) એ આ જહાજો સાથે કોઈપણ પ્રકારના સંબંધનો ઈનકાર કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ જહાજોના નામ સ્ટેલર રૂબી, એસ્ફાલ્ટ સ્ટાર અને અલ જફઝિયા (Stellar Ruby, Asphalt Star અને Al Jafzia) છે.

તેમને મુંબઈના દરિયાકિનારેથી લગભગ 100 નોટિકલ માઈલ પશ્ચિમમાં શંકાસ્પદ ગતિવિધિઓ પછી રોકવામાં આવ્યા હતા. બાદમાં તપાસ માટે મુંબઈ પોર્ટ પર લાવવામાં આવ્યા છે. જણાવવામાં આવ્યું છે કે આ જહાજો ઓળખ છુપાવવા માટે વારંવાર પોતાનું નામ, ધ્વજ અને અન્ય ઓળખ બદલી રહ્યા હતા.

આ જહાજોની માલિક વિદેશી કંપનીઓ છે. ભારતીય અધિકારીઓએ આ કાર્યવાહીની માહિતી 6 ફેબ્રુઆરીએ X પર આપી હતી, પરંતુ બાદમાં તે પોસ્ટ હટાવી દેવામાં આવી હતી. ઈરાનના સરકારી મીડિયાએ નેશનલ ઈરાનિયન ઓઈલ કંપનીને ટાંકીને જણાવ્યું હતું કે આ જહાજો કે તેમના કાર્ગોનો કંપની સાથે કોઈ સંબંધ નથી.



સૂત્રો અનુસાર, આ ઘટના પછી ઈન્ડિયન કોસ્ટ ગાર્ડે દેખરેખ વધુ સઘન બનાવી દીધી છે. 24 કલાક ભારતના દરિયાઈ ક્ષેત્રમાં દેખરેખ રાખી રહ્યા છે. આ માટે લગભગ 55 જહાજો અને 10-12 વિમાનો તૈનાત કરવામાં આવ્યા છે.

શિપિંગ ડેટા સાથે સંકળાયેલા સૂત્રો અનુસાર, અલ જફજિયાએ 2025માં ઈરાનથી જિબુતી સુધી ફ્યુઅલ ઓઈલ પહોંચાડ્યું હતું. સ્ટેલર રૂબી ઈરાનના ધ્વજ હેઠળ નોંધાયેલું રહ્યું છે. જ્યારે, અસ્ફાલ્ટ સ્ટાર મુખ્યત્વે ચીનની આસપાસના દરિયાઈ માર્ગો પર સક્રિય રહ્યું છે. અમેરિકાના ટ્રેઝરી વિભાગના ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કંટ્રોલ (OFAC) એ ગયા વર્ષે ગ્લોબલ પીસ, ચિલ 1 અને ગ્લોરી સ્ટાર 1 નામના જહાજો પર પ્રતિબંધ મૂક્યો હતો. તેમના IMO નંબર મુંબઈમાં જપ્ત કરાયેલા જહાજો સાથે મેળ ખાય છે. આ કારણોસર, આ જહાજો પ્રતિબંધોનું ઉલ્લંઘન કરીને તેલ વેપારમાં સામેલ હોવાની આશંકા છે.

## ચાંદી આજે 6,667 ઘટી, 2.34 લાખ પર આવી:4 દિવસમાં 32,169 સસ્તી થઈ; સોનું 2,903 ઘટીને 1.51 લાખ થયું, જાણો તમારા શહેરનો ભાવ

• નવી દિલ્હી

આજે 17 ફેબ્રુઆરીએ ચાંદીના ભાવમાં સતત ચોથા કારોબારી દિવસે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત 6,667 રૂપિયા ઘટીને 2,34,280 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. આ પહેલા સોમવારે ચાંદીની કિંમત 2,40,947 રૂપિયા પ્રતિ કિલો હતી.

આજે 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 2,903 રૂપિયા ઘટીને 1,51,195 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા સોમવારે તે 1,54,098 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતું. જોકે, છેલ્લા ચાર કારોબારી દિવસોમાં ચાંદી 32,169 અને સોનું 6,127 રૂપિયા સસ્તું થયું છે.

સોના-ચાંદી બજારમાં 29 જાન્યુઆરીએ સોનાએ 1,76,121 રૂપિયા અને ચાંદીએ 3,85,933 રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ પર હતી. ત્યારથી અત્યાર સુધી સોનું 24,926 રૂપિયા અને ચાંદી 1,51,653 રૂપિયા સસ્તી થઈ ગઈ છે.

IBJA ના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ હોતા નથી. તેથી શહેરોના ભાવ અલગ-અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરિન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

2025માં સોનું 57 હજાર રૂપિયા (75%) વધ્યું છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું. આ સમયગાળા દરમિયાન ચાંદી 1.44 લાખ રૂપિયા (167%) વધી. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદી 86,017 રૂપિયા હતી.



### ભારતની દીકરી પણ એપસ્ટીનનો શિકાર બની

## ચોંકાવનારા ઘટસ્ફોટ; પીડિતાને વળતર આપવા અમેરિકન અધિકારીઓએ શોધખોળ કરી; પૂર્વ મંત્રી હર્ષવર્ધનનો ઉલ્લેખ

• વોશિંગ્ટન ડીસી/નવી દિલ્હી

યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન સાથે સંબંધિત નવી ફાઈલોમાં ખુલાસો થયો છે કે એક ભારતીય છોકરી પણ તેનો શિકાર બની હતી. દસ્તાવેજો અનુસાર, અમેરિકી અધિકારીઓએ તેને પીડિત વળતર ફંડમાંથી ચુકવણી અપાવવા માટે ભારતમાં શોધખોળ શરૂ કરી હતી.

13 જાન્યુઆરી 2020ના એક ઈમેઈલમાં અમેરિકી અધિકારીઓ વચ્ચે થયેલી વાતચીત સામે આવી છે. જેમાં ભારતમાં હાજર પીડિતાનું સરનામું અને માહિતી એકત્રિત કરવાનું કહેવામાં આવ્યું છે, જેથી ભારત સ્થિત અમેરિકી દૂતાવાસ દ્વારા તેનો સંપર્ક કરી શકાય. આ ઈમેઈલ એપસ્ટીનના ઓગસ્ટ 2019માં જેલમાં થયેલા મૃત્યુ પછીનો છે. નવી ફાઈલોમાં 5 જૂન 2014ના રોજ બિલ ગેટ્સ અને એપસ્ટીન વચ્ચેની વાતચીતનો એક ઈમેઈલ શામેલ છે. આમાં એપસ્ટીન બિલ ગેટ્સને પૂછે છે કે શું ડો. હર્ષ વર્ધન સાથે 17 સપ્ટેમ્બરે ભારતમાં તેમની મીટિંગ છે. તે સમયે હર્ષવર્ધન કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હતા. આ ઉપરાંત, 2 એપ્રિલ 2017ના એક ઈમેઈલમાં ભારતના PR કંપની પ્રમોટર દિલીપ ચેરીયનનો પણ ઉલ્લેખ છે.

### અમદાવાદ જતા એક્ટિવાસવારનું માથું કચડતાં ભેજા નીકળી ગયા હતા, પોલીસે CCTV ફંફોસી આરોપીને ઝડપી પાડ્યો

# ગોંડલ હિટ એન્ડ રનમાં રાધા ક્રિષ્ના ટ્રાવેલ્સનો ડ્રાઈવર ઝડપાયો

## પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે અકસ્માત સમયે ચાલક જેતપુરથી જાનૈયાઓને લઈને જસદણ તરફ જઈ રહ્યો હતો

• ગોંડલ

ગોંડલ નેશનલ હાઈવે પર માલધારી હોટલ નજીક ગઈકાલે એક અકસ્માત સર્જાયો હતો. અમદાવાદ જતા એક્ટિવાસવારનું માથું કચડાઈ જતાં ભેજું નીકળું ગયું હતું. જ્યારે અકસ્માત સર્જીને વાહન ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ગોંડલ બી ડિવિઝન પોલીસે આ મામલે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસ માટે આ એક પડકાર હતો, પરંતુ ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. પોલીસે હાઈવે પરના અલગ-અલગ સીસીટીવી (CCTV) ફૂટેજની ઝીણવટભરી તપાસ કરી હતી. રાધા ક્રિષ્ના ટ્રાવેલ્સનો ડ્રાઈવરે અકસ્માત સર્જી ફરાર થયાનું ખુલતા ડ્રાઈવરની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન 'રાધા ક્રિષ્ના' લખેલી એક ખાનગી ટ્રાવેલ્સ શંકાના દાયરામાં આવી હતી. વાહનના નંબરના આધારે પોલીસે આરોપી ચાલક રવજીભાઈ જાદવભાઈ પરડવા (ઉંમર 62, ગામ લીલાખા, તા. ગોંડલ)ની ઓળખ કરી તેને ગણતરીની કલાકોમાં દબોચી લીધો હતો.પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે અકસ્માત સમયે ચાલક જેતપુરથી જાનૈયાઓને લઈને જસદણ તરફ જઈ રહ્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ સફળ કામગીરીમાં ગોંડલ બી ડિવિઝન PI જે.પી. રાવ, PSI એસ.વી. ડાંગર સહિત ASI મદનસિંહ ચૌહાણ, હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ જાડેજા, ઓમદેવસિંહ જાડેજા, સુરપાલસિંહ જાડેજા, હિતેન્દ્રસિંહ ગોહિલ, વિપુલભાઈ સોલંકી અને નરેશભાઈ રોજાસરા સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.તપાસ દરમિયાન 'રાધા ક્રિષ્ના' લખેલી એક ખાનગી ટ્રાવેલ્સ શંકાના દાયરામાં આવી હતી. વાહનના નંબરના આધારે પોલીસે આરોપી ચાલક રવજીભાઈ જાદવભાઈ પરડવા (ઉંમર 62, ગામ લીલાખા, તા. ગોંડલ) ની ઓળખ કરી તેને ગણતરીની કલાકોમાં દબોચી લીધો હતો.પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે અકસ્માત સમયે ચાલક જેતપુરથી જાનૈયાઓને લઈને જસદણ તરફ જઈ રહ્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ સફળ કામગીરીમાં ગોંડલ બી ડિવિઝન PI જે.પી. રાવ, PSI એસ.વી. ડાંગર સહિત ASI મદનસિંહ ચૌહાણ, હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ જાડેજા, ઓમદેવસિંહ જાડેજા, સુરપાલસિંહ જાડેજા, હિતેન્દ્રસિંહ ગોહિલ, વિપુલભાઈ સોલંકી અને નરેશભાઈ રોજાસરા સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.



### • સંક્ષીપ્ત સમાચાર

#### ગોડાઉનમાં ફાટી નીકળી આગ:દશાલાડ ભવન પાસે ગોડાઉનમાં આગ,ફર્નિચર-ગાદલાં બળી ગયાં

• વડોદરા

આજવા-વાઘોડિયા રોડ પર દશાલાડ ભવન સામે વિનસ સોસાયટીમાં ગેરકાયદે બનાવેલા ગોડાઉનમાં સોમવારે સવારે 7-53 કલાકે આગ લાગી હતી. મકાન ભાડે રાખી ફર્નિચરવાળાએ ગોડાઉન તરીકે ઉપયોગ શરૂ કર્યો હતો સાથે એક વ્યક્તિ ઘરમાં રહેતો હતો. મકાનના પહેલા રૂમમાં ફોમનાં ગાદલાં અને બીજા રૂમમાં રખાયેલું ફર્નિચર ઝપટમાં આવતાં ધુમાડાના ગોટા નીકળ્યા હતા. પાણીગેટ ફાયરબ્રિગેડે 1 કલાકની જહેમતે આગ બૂઝાવી હતો. ફાયરબ્રિગેડના ઓફિસર વિનોદ મોહિતે જણાવ્યા મુજબ પદ્માબેન પટેલનું મકાન મારુતિ ફર્નિચરના વેપારીએ ભાડે રાખ્યું હતું. ઘરમાં સતીષ વડવાણા રહેતા હતા. આ અંગે બાપોદ પોલીસે કાર્યવાહી કરી હતી. જ્યારે ફાયરબ્રિગેડ નોટિસ ફટકારી ચાર્જ વસૂલશે.ફાયરબ્રિગેડે જણાવ્યા મુજબ આવાં લોકો સામે તપાસ થતી નથી. રહેણાક વિસ્તારમાં કોઈ કોમર્શિયલ વપરાશ કરે ત્યારે જોખમી બને છે. પોલીસે આવાં લોકોને શોધવાં જોઈએ.

### ભાવનગર જિલ્લા જેલ ખાતે 'સંગીત સંધ્યા'નો સૂરમય કાર્યક્રમ

# બંદીવાન એ સમાજનો જ એક હિસ્સો છે, તેમને માનસિક રીતે સ્વસ્થ રાખવા એ અમારી પ્રાથમિકતા છે: જેલ પ્રશાસન

**એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ અને સ્થાનિક કલાકાર જીતુ જેકસનના સથવારે યોજાયેલા આ કાર્યક્રમમાં જેલના બંદીવાનોએ સંગીતના તાલે માનસિક શાંતિનો અનુભવ કર્યો હતો**

ભાવનગરબંદીવાનોના માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક પુનઃસ્થાપનને પ્રોત્સાહન આપવાના હેતુથી આજરોજ ભાવનગર જિલ્લા જેલ ખાતે એક 'સંગીત સંધ્યા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જીત એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ અને સ્થાનિક કલાકાર જીતુ જેકસનના સથવારે યોજાયેલા આ કાર્યક્રમમાં જેલના બંદીવાનોએ સંગીતના તાલે માનસિક શાંતિનો અનુભવ કર્યો હતો.

સામાન્ય રીતે ગુના સબબ જેલમાં આવતા વ્યક્તિઓ પરિવાર અને સમાજથી વિખૂટા પડવાને કારણે માનસિક તણાવ અને હતાશા અનુભવતા હોય છે, પોલીસ મહાનિદેશક ડો.કે.એલ.એન. રાવ (IPS) અને પોલીસ મહાનિરીક્ષક અશ્વીન ચૌહાણ (IPS) ના માર્ગદર્શન હેઠળ, બંદીવાનો પોતાની યાતના ભૂલીને સમાજમાં ફરી સુવ્યવસ્થિત રીતે ભળી શકે તેવા ઉમદા આશયથી આ કાર્યક્રમ યોજાયો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કાયદાકીય અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ હાજરી આપી બંદીવાનોનો ઉત્સાહ વધાર્યો હતો જેમાં ડી.બી. તીવારી સેક્રેટરી જજ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, નિતેષ પાંડેય પોલીસ અધિક્ષક, સિંધાલ અને ઠાકર નાયબ પોલીસ અધિક્ષક, ભલગારીયા પોલીસ સબ ઈન્સ્પેક્ટર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.ભાવનગર જિલ્લા જેલના અધિક્ષક ડી.ડી. પ્રજાપતી તથા જેલના અધિકારીઓ અને કર્મચારીઓએ જેલની શિસ્ત અને સલામતી જળવાય તે રીતે કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું. કાર્યક્રમના અંતે અધિક્ષક દ્વારા કલાકારો અને સંસ્થાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો, સંગીત સંધ્યાના કારણે જેલના બંદીવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો.



### વિધવાને મહિલા સહાયતા કેન્દ્રએ કરી મદદ:પતિના મૃત્યુ પછી સાસરિયાંઓએ જન્મ - મરણનો દાખલો આપવા ઈન્કાર કરી દીધો

• પાલનપુર

પાલનપુરપંથકની પરિણીતાના પતિનું નિધન થયા પછી તેની સાસરીપક્ષના લોકોએ પતિનો મરણનો દાખલો તેમજ પુત્રના જન્મનો દાખલો આપવાનો ઈન્કાર કરી દીધો હતોઆથી પુત્રનું આધારકાર્ડની પ્રક્રિયા અટવાઇ ગઈ હતી. દરમિયાન પાલનપુર મહિલા સહાયતા કેન્દ્રની ટીમની મદદથી બંને દાખલા મેળવતાં આખરે આધારકાર્ડ નીકળ્યું હતુ.પાલનપુરપંથકની પરિણીતાએ યુવક સાથે લગ્ન કર્યા હતા. લગ્ન જીવન દરમિયાન પુત્રનો જન્મ થયો હતો. ચાર વર્ષના લગ્નજીવન પછી 2024માં બીમારીને કારણે પતિનું અવસાન થતાં બેન છેલ્લા નવ મહિનાથી એક નાનકડા બાળક સાથે પિયરમાં રહેતા હતા. પરંતુ દુઃખ અહીં અટક્યું નહીં.પતિના મરણનો દાખલો અને પુત્રના જન્મનો દાખલો સાસરી પક્ષે આપવાનો ઈનકાર કર્યો હતો. પરિણામે બાળકનું આધાર કાર્ડ પણ બની શકતું નહોતું.આ દસ્તાવેજો વગર પેઢીનામું શક્ય ન હતું અને પેઢીનામા વગર સરકારી સહાયના દરવાજા બંધ થઈ ગયા હતા. વિધવા સહાય યોજના સહિતની જરૂરી યોજનાઓ માત્ર કાગળોના અભાવે હાથમાંથી સરકી રહી હતી. આથી મહિલાએ પાલનપુર પોલીસ સ્ટેશન બેઈઝડ સ્પોર્ટ સેન્ટરની મદદ લીધી હતી.આ અંગે કાઉન્સેલર જીગીશાબેન તરાલે જણાવ્યું હતુ કે, બંને પક્ષોને બોલાવી અવારનવાર ગ્રુપ મીટિંગ અને કાઉન્સેલિંગ કર્યું હતુ. વાતચીત, સમજણ અને મધ્યસ્થતાના પ્રયાસો બાદ અંતે સાસરી પક્ષે જરૂરી દસ્તાવેજો આપવા સંમતિ આપી હતી. પરિણામે દીકરાનું ઓનલાઈન આધાર કાર્ડ બનાવવા પ્રક્રિયા હાથ ધરાઈ હતી.આજે આધાર કાર્ડ તેમજ પેઢીનામું બંને બની ચૂક્યા છે.અને વિધવા સહાય યોજનાનું ફોર્મ ભરવાની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. લાંબા સમયથી ખેંચાતો વિવાદ અંતે સુખદ સમાધાનમાં ફેરવાયો છે.

### વાલીઓમાં ભારે રોષ

# સુરેલી પ્રાથમિક શાળામાં ધો-5ની છાત્રાને રૂમમાં પૂરીને ઢોર માર માર્યોનો આક્ષેપ

• ઉમરેઠ

ઉમરેઠ તાલુકાના સુરેલી ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં શિક્ષણ જગતને કલંકિત કરતી ઘટના સામે આવી છે. શાળાના આચાર્ય દ્વારા ધોરણ 5માં અભ્યાસ કરતી એક માસૂમ બાળકીને બંધ રૂમમાં પૂરીને અમાનુષી રીતે માર મારવામાં આવ્યો હોવાનો ગંભીર આક્ષેપ વાલીઓ દ્વારા કરવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે સુરેલી ગામના વાલીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, સુરેલી ગામની શાળામાં શનિવારે સવારના સત્ર દરમિયાન આ દુર્ઘટના ઘટી હતી. આચાર્યએ ધો-5ની વિદ્યાર્થિની મહેકબાનું મઝહર ખાન પઠાણને કોઈ કારણસર એક રૂમમાં પૂરી દીધી હતી અને ત્યારબાદ તેને બેરહેમ રીતે માર માર્યો હતો. ઘરે પહોંચ્યા બાદ બાળકીની હાલત ગંભીર જણાતી હતી. તેને શરીરે સોજા આવી ગયા હતા અને આઘાતને કારણે સતત ઉલટીઓ તેમજ તાવ ચઢી ગયો હોવાની ફરિયાદ વાલી દ્વારા કરવામાં આવી હતી.વાલીઓએ લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે,આ આચાર્ય દ્વારા શાળામાં શિક્ષણ આપવાને બદલે બાળકો સાથે અભદ્ર ભાષામાં અપશબ્દો બોલીને હેરાન કરે છે.આચાર્યના ડરને કારણે બાળકી હવે શાળાએ જવા પણ તૈયાર નથી. વાલીઓએ સ્પષ્ટ માંગ કરી છે કે જો આવા હિંસક આચાર્યને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં નહીં આવે, તો તેઓ પોતાના બાળકોના એલ.સી. લઈ લેશે અને સુરેલીની આ શાળામાંથી નામ કમી કરાવી દેશે. તંત્ર પાસે કડક કાર્યવાહીની માંગ સુરેલી ગામના અનેક વાલીઓએ આ પત્રમાં સહી કરીને ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે. શિક્ષણ વિભાગના કડક નિયમો હોવા છતાં, આચાર્ય દ્વારા આ પ્રકારે માસૂમ બાળકો પર થતો અત્યાચાર એ ગંભીર ગુનો છે. હવે જોવાનું એ રહેશે કે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આ મામલે કેવા પગલાં ભરે છે.આણંદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અર્ચનાબેન પ્રજાપતિએ જણાવ્યું હતું કે, સુરેલી ઘટના અંગેની જાણ થતાં તાત્કાલિક ઉમરેઠ ટીપીઓને તપાસ માટે સુરેલી ગામે મોકલ્યા છે. તપાસ દરમિયાન જો વિદ્યાર્થીની સાથે મારમારી કરી હશે તો આચાર્ય સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

### સફળ પરીક્ષણ કરાયું:રેલવે દ્વારા ઓવરહેડ વાયરનું પ્રથમવાર ડ્રોન દ્વારા પરીક્ષણ,ઝડપથી ખામીઓ શોધી શકાશે

• વડોદરા

પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન દ્વારા તાજેતરમાં પ્રતાપનગર યાર્ડ ખાતે ડ્રોન આધારિત લાઇવ-લાઇન ઓવરહેડ ઈક્વિપ્મેન્ટ-ઓએચઈ મોનિટરિંગ અને નિરીક્ષણનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.વડોદરા ડીઆરએમ રાજુ ભડકેના નેતૃત્વ હેઠળ ટ્રેક્શન વિતરણ વિભાગની આ પહેલ રેલવે સુરક્ષા અને સંરચનાની વિશ્વસનીયતાને મજબૂત બનાવશે.

વડોદરાના પીઆરઓ અનુભવ સક્સેનાએ કહ્યું કે, આ અદ્યતન ડ્રોન પ્રણાલી દ્વારા રેલ ટ્રાફિકને અસર કર્યા વગર ઓએચઈનું નિરીક્ષણ કરી શકાય છે. ડ્રોનમાં ઉચ્ચ ગુણવત્તાવાળો થર્મલ કેમેરો છે, જે ઢીલા સંપર્ક, ઓવરહીટિંગ સહિત ટેક્નિકલ ખામીનું ચોક્કસપણે નિદાન કરવામાં સક્ષમ છે.મેડ ઈન ઈન્ડિયા ડ્રોનની માઈક્રો ઓપરેશનલ રેન્જ 5 કિમી છે. તેનું બેટરી બેકઅપ 40 મિનિટ છે. તેમાં થર્મલ કેમેરા સાથે લાઇવ-લાઇન મોનિટરિંગ થર્મલ ઈમેજિંગ ટેક્નોલોજીથી એવા દોષોની સમયસર ઓળખ કરી શકાય છે, જે સામાન્ય નિરીક્ષણમાં નજરે પડતા નથી. આથી ઓએચઈ પેટ્રોલિંગની ચોકસાઈમાં નોંધપાત્ર વધારો થશે. વાયરની નજીક જઈ ડ્રોન ચકાસણી કરશે. થર્ડ પાર્ટી દ્વારા આ કામગીરી કરાશે. કોઈ કર્મચારીની નોકરી નહીં જાય. આથી ઓએચઈ પેટ્રોલિંગની ચોકસાઈમાં નોંધપાત્ર વધારો થશે. વાયરની નજીક જઈ ડ્રોન ચકાસણી કરશે. થર્ડ પાર્ટી દ્વારા આ કામગીરી કરાશે. કોઈ કર્મચારીની નોકરી નહીં જાય.


### હવે 7 ટકા ટેરિફથી નફામાં વધારો થશે

# અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે ડીલથી ભરૂચના ઉદ્યોગોની આયાત- નિકાસ 15 ટકા વધી

• અંકલેશ્વર

અમેરિકા તથા યુરોપીયન યુનિયન સાથે ટ્રેડ ડિલથી ઉદ્યોગોની આયાત- નિકાસમાં 15 ટકાનો વધારો થયો છે. વૈશ્વિક બજારો ઉપલબ્ધ થવાના કારણે આયાત અને નિકાસમાં ઉછાળો આવ્યો છે.અગાઉ ઉંચા ટેરિફના કારણે ઉદ્યોગોનો નફો ઘટયો હતો પણ હવે 7 ટકા ટેરિફથી નફામાં વધારો થશે.

અંકલેશ્વર -પાનોલી અને ઝગડીયા સહીત જિલ્લા ના ઉદ્યોગ કેન્દ્ર સરકારના બજેટમાં એમએસએમઈ માં 10 હજાર કરોડની જોગવાઈ સહીત વિવિધ રાહતો આપવામાં આવી હતી. બજેટ બાદ ભારતે અમેરિકા સાથે ટ્રેડ ડિલ પર હસ્તાક્ષર કર્યા છે. ટ્રેડ ડિલ બાદ અમેરિકાએ 50 ટકા ટેરિફ ઘટાડીને સાત ટકા કરી દીધું છે. અમેરિકાએ લાદેલા ટેરિફ બાદ જિલ્લાના ઉદ્યોગોની આયાત અને નિકાસમાં ઘટાડો થયો હતો. હવે તેમાં વધારો જોવા મળ્યો છે. ઔદ્યોગિક દ્રષ્ટિએ કટ્ટર હરીફ એવા ચીન સામેની હરીફાઈમાં હવે ભારતનો માર્ગ મોકળો થયો છે. જેને લઈ આયાત નિકાસમાં પણ પ્રાથમિક 10% નો અસાધારણ ઉછાળો આવ્યો છે. અમેરિકા સાથે અટકેલો વેપાર ફરીથી શરૂ થવાથી આગામી દિવસોમાં આયાત નિકાસ



આગામી દિવસ માં 30 થી 40% વધી શકે છે.યુરોપિયન તેમજ અમેરિકા સાથેની થયેલા ટ્રેડ ડીલથી ખાસ કરીને ટેરિફમાં ઘટાડો થયો છે. ખાસ કરીને અમેરિકાએ કરેલા ઘટાડો બાદ બને બજાર માં ભારત ના ઉદ્યોગો માટે ખુલ્લા થઈ ગયા છે. જેનો ફાયદો સરકારને પણ આવકમાં ફાયદો થશે. નવી રોજગારી ની તકો પણ ઉભી થશે. ■ પ્રવીણ તેરૈયા, ઉદ્યોગ અગ્રણી, અંકલેશ્વર

અમેરિકા સાથે થયેલ ટ્રેડ ડીલને લઈ ટેરિફ 50%થી ઘટીને 7% થઈ ગયો છે.મારા જ ઉદ્યોગની વાત કરું તો ટેરિફ સમયે મારે 10% ભાવ ઘટાડો કરી માલ મોકલવો પડ્યો હતો. હાલ ટેરિફને લઈ અટકેલી ડીલ પુનઃ થઈ જતાં ફાયદો થયો છે. સરકારની બજેટ અને હવે અન્ય દેશો સાથે ની ટ્રેડ ડીલ અને અમેરિકા સાથે ની ટ્રેડ ડીલ બાદ હાલ 10 % આયાત નિકાસ વધી છે. જે આગામી દિવસ વધુ વધશે.

# ગુજરાત પ્રદેશ ભાજપ સમિતિના પ્રમુખ દ્વારા વડોદરા જિલ્લા ભાજપ સમિતિ ના જિલ્લા પ્રમુખ તરીકે ડભોઇ ના નામાંકિત ડોક્ટર બી. જે. બ્રહ્મભટ્ટ ની વરણી કરવામાં આવી હતી

ગુજરાત પ્રદેશ ભાજપ સમિતિના પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા દ્વારા આજરોજ રાજ્યના ત્રણ જિલ્લાના પ્રમુખોની વરણી કરવામાં આવી જેમાં ડભોઇના સર્જન નામાંકિત ડોક્ટર બી. જે. બ્રહ્મભટ્ટની વડોદરા જિલ્લા ભાજપ સમિતિના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવી હતી. જેમાં ડભોઇ નગરપાલિકામાં તેમજ લાયન્સ કલબમાં પ્રમુખ તરીકે તેમજ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના જિલ્લાના પ્રમુખ તરીકે સેવા બચાવી રહ્યા છે તેમજ વડોદરા જિલ્લા ભાજપ સમિતિના મહામંત્રી તરીકે બે ટૅમ થી સેવા આપતા તથા વિવિધ સંસ્થાઓમાં પણ સેવાકીય પ્રવૃત્તિ કરતા ડોક્ટર બી જે બ્રહ્મભટ્ટ જિલ્લા પ્રમુખની નિમણૂક થતા તેઓને ડભોઇ મત વિસ્તારના ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતા. ગુજરાત પ્રદેશ સમિતિના સભ્ય અને વડોદરા જિલ્લા કેળવણી મંડળના પ્રમુખ શશીકાંતભાઈ પટેલ. બરોડા જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ અશ્વિનભાઈ વકીલ. જિલ્લાના ઉપપ્રમુખ મહેશભાઈ દાઝી. ડભોઈ શહેરના પ્રમુખ દીક્ષિત ભાઈ. કરજણના માજી ધારાસભ્ય સતિષભાઈ નિશાળીયા. ઈકબાલ હુસેન જોની. વકીલ જાવેદભાઈ પઠાણ. વકીલ આરીફ ભાઈ મકરાણી. નગરપાલિકા કારોબારી ચેરમેન તેજલ બેન સોની નગરપાલિકા સદસ્ય વિશાલભાઈ શાહ. સૈયદ દાનિયાલભાઈ સલીમભાઈ ઘાંચી તથા ભાજપ અગ્રણી જયેશભાઈ માવલી. વિનોદભાઈ સોલંકી. સુખદેવભાઈ પાટણવાડીયા. માજી તાલુકા પ્રમુખ દિનેશભાઈ પટેલ. ભાવેશભાઈ નડાવાળા. સોનલબેન સોલંકી. જે કે પટેલ. માજી નગરપાલિકા પ્રમુખ મુકેશભાઈ દાલ. તેમજ જિલ્લા ભરના ધારાસભ્યશ્રી અને ભાજપ અગ્રણીઓ દ્વારા શુભેચ્છાઓ સાથે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા...



### આજથી CBSEની પરીક્ષા

# અમદાવાદમાં 8 હજારથી વધુ વિદ્યાર્થીઓ આપી રહ્યા છે પરીક્ષા, બોમ્બની ધમકીને લઈને વાલીઓ સ્કૂલ બહાર જ બેઠા

• અમદાવાદ

CBSE બોર્ડની ધોરણ 10 અને 12ની આજ(17 ફેબ્રુઆરી) થી પરીક્ષા શરૂ થઈ છે. ધોરણ 10માં ગણિતનું અને ધોરણ 12માં આંત્રપ્રિન્યોરશિપનું પેપર છે. વિદ્યાર્થીઓ ઉત્સાહ સાથે પરીક્ષા આપવા તો આવ્યા છે, પરંતુ કેટલાક વિદ્યાર્થી અને વાલીઓમાં બોમ્બની ધમકીને લઈને ચિંતા પણ છે, જેથી કેટલાક વાલીઓ પરીક્ષા દરમિયાન સ્કૂલની બહાર જ રહેશે.

85 સ્કૂલના 8 હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છેCBSE બોર્ડમાં દેશભરમાં લાખો વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે જ્યારે અમદાવાદમાં 85 સ્કૂલના 8 હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. સવારે 10 વાગ્યા સુધીમાં પ્રવેશ આપી દેવામાં આવશે. પ્રથમ દિવસ હોવાથી આજે 9 વાગ્યાથી પ્રવેશ આપવાનો શરૂ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને પારદર્શક પાટિયું, પાઉચ, પાણીની બોટલ સિવાય કોઈ વસ્તુ સાથે લઈ જવામાં દેવામાં આવી રહી નથી. ગેટ પર બે વખત વિદ્યાર્થીઓનું ચેકિંગ પણ કરવામાં આવી રહ્યું છે.છેલ્લા 3 મહિનામાં સ્કૂલમાં બોમ્બની 3 વખત ધમકી મળી હતી.